પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૦-૧૧-૨૦૨૫-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બિહારના મુખ્યમંત્રી તરીકે નીતિશની ૧૦મી વાર તાજપોશી

## પ્રચંડ બહુમતી સાથે એનડીએ સરકારે બિહારમાં ફરી સત્તા સંભાળી



### વડાપ્રધાન મોદી સહિતના મહાનુભાવોની હાજરીમાં ૨૬ મંત્રીઓએ પણ શપથ લીધા

નવી દિલ્હી, તા. ૨૦

બિહાર વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવ્યા બાદ આજથી ફરી રાજ્યમાં નિતીશ શાસનનો પ્રારંભ થયો છે. છેલ્લા બે દશકાથી બિહારમા બીનહરીફ મુખ્યમંત્રી બની રહેલા નીતિશકુમારે પટણામાં ગાંધી મેદાનમાં યોજાયેલા એક ભવ્ય શપથવિધી સમારંભમાં મુખ્યમંત્રી પદના શપથ લીધા છે અને આ સાથે તેઓ ૩-૩-૨૦૦૦ના પ્રથમ વખત રાજયમાં મુખ્યમંત્રી બન્યા બાદ હવે ૧૦મી વખત બિહારનું શાસન સંભાળ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવો તેમજ એનડીએ શાસનના રાજયના મુખ્યમંત્રીઓની હાજરીમાં શ્રી નીતિશકુમાર ઉપરાંત એનડીએના ભાજપના કવોટાના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી તથા વિજય સિન્હા ઉપરાંત કુલ ૨૬ મંત્રીઓ હોદા અને ગુપ્તતાના શપથ લીધા છે.

પટણામાં આ અંગે જબરો માહોલ છવાઈ ગયો હતો વડાપ્રધાન મોદી ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ શપથવિધીમાં સામેલ હતા અને સમગ્ર પટણામાં એનડીએ સરકારને આવકારતા હોડ'ગ અને પોસ્ટર પણ લાગ્યા છે.

રાજયના મુખ્યમંત્રી તરીકે નીતિશકુમારની ગઈકાલે એનડીએની બેઠકમાં વિધાનસભા પક્ષના નેતા તરીકે વરણી થઈ હતી અને આ અગાઉ જનતા દળ યુના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠકમાં સમ્રાટ ચૌધરી તથા વિજય સિન્હાને નેતા અને ઉપ નેતા તરીકે ચૂંટી કઢાયા હતા.

હરિયાણા, આસામ, ગુજરાત, મેઘાલય, ઉત્તર પ્રદેશ, નાગાલેન્ડ, ઓડિશા, દિલ્હી અને રાજસ્થાનના મુખ્યમંત્રીઓ પટના પહોંચ્યા હતા. સવારે શપથ પહેલા નીતિશ કુમાર હોટેલ મૌર્ય ગયા હતા, અહીં તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કર્યા બાદ ગાંધી મેદાન પહોંચ્યા હતા.

બિહારમાં નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધી મેદાન પહોંચ્યા છે. પીએમ મોદી પટના એરપોર્ટથી હેલિકોપ્ટર દ્વારા ગાંધી મેદાન પહોંચ્યા હતા.

અશોક ચૌધરી, સુનિલ કુમાર, વિજેન્દ્ર યાદવ, શ્રવણ કુમાર, વિજય ચૌધરી, મદન સાહની, લખેન્દ્ર પાસવાન, શ્રેયસી સિંહ, અરુણ શંકર પ્રસાદ, રામ કૃપાલ યાદવ, જામા ખાન, સંજય ટાઈગર, ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશ શપથ ગ્રહણ માટે સ્ટેજ પર પહોંચ્યા છે. બધા ભાજપના નવા ચહેરા છે.

## અનિલ અંબાણી ગ્રુપની ૧૪૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરતુ ઈડી

### ઈડીના વારંવાર સમન્સ છતા પુછપરછ માટે અનિલ અંબાણી હાજર થતા નથી

મુંબઈ, તા. ૨૦

મુંબઈ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અનિલ અંબાણીના નેતૃત્વ હેઠળના અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) સામે મોટી કાર્યવાહી કરી છે, જેમાં ૧,૪૦૦ કરોડની નવી સ્થાવર મિલકતો જપ્ત કરવામાં આવી છે. સૂત્રો સૂચવે છે કે નવી કાર્યવાહીથી ઈઙ્ઘ દ્વારા જપ્ત કરાયેલી સંપત્તિનું મૂલ્ય આશરે ૯,૦૦૦ કરોડ થઈ ગયું છે. ED ની જપ્તી એવા સમયે થઈ છે જ્યારે અનિલ અંબાણીને પૂછપરછ માટે ઘણી વખત સમન્સ મોકલવામાં આવ્યા છે, પરંતુ તેઓ હાજર રહેવામાં નિષ્ફળ ગયા છે.

જયપુર-રિંગાસ હાઈવે પ્રોજેક્ટ સંબંધિત FEMA તપાસમાં રિલાયન્સ ADAG ના ચેરમેન અનિલ અંબાણી ૧૭ નવેમ્બરના રોજ ED ના દિલ્હી મુખ્યાલયમાં બીજી વખત હાજર થવાના હતા, પરંતુ તેમણે સમન્સને અવગણીને વર્ચ્યુઅલ હાજરીની ઓફર કરી હતી.

આ અગાઉ, અનિલ અંબાણી પણ ૧૪ નવેમ્બરના રોજ પૂછપરછ માટે ઈઙ્ઘ સમક્ષ હાજર થવામાં નિષ્ફળ ગયા હતા. જોકે, તપાસ એજન્સી દ્વારા વર્ચ્યુઅલ હાજરીની તેમની દરખાસ્તને નકારી કાઢવામાં આવી હતી.

ED સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારી એજન્સી હ્લઈસ્ઁછ હેઠળ તેમનું નિવેદન નોંધવા માંગે છે. રિલાયન્સ ઈન્ફ્રાએ ૨૦૧૦ માં હાઈવે પ્રોજેક્ટ માટે મેળવેલા આશરે ૪૦ કરોડ સુરત સ્થિત શેલ કંપનીઓ દ્વારા દુબઈ ટ્રાન્સફર કર્યા હોવાના આરોપો બાદ આ તપાસ શરૂ કરવામાં આવી હતી.

અગાઉ, ઓગસ્ટમાં, ૧૭,૦૦૦ કરોડના લોન છેતરપિંડી કેસના સંદર્ભમાં ED મુખ્યાલયમાં તેમની લગભગ નવ કલાક પૂછપરછ કરવામાં આવી હતી.ED દ્વારા સોમવારે નવી મુંબઈમાં ધીરુભાઈ

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધ વિરામ વચ્ચે ગાઝા પર ઈઝરાયેલનો ભીષણ હુમલો

### લેબેનોન પર પણ ઈઝરાયેલ હુમલો કરતા કુલ ૪૧નાં મોત

જેરૂસલેમ, તા. ૨૦

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા મહિને થયેલો યુદ્ધવિરામ હવે ખતરામાં મુકાઈ ગયો છે. ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં ભીષણ હવાઈ હુમલો કર્યો, જેમાં ૨૭ પેલેસ્ટિનિયનોના મોત થયા હતા. આ ઉપરાંત, ઈઝરાયેલે લેબનોનમાં પણ કરેલા અલગ-અલગ હવાઈ હુમલાઓમાં ૧૪ લોકો માર્યા ગયા છે, જેના કારણે સમગ્ર ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

ઈઝરાયેલી સેનાએ બુધવારે હમાસ-નિયંત્રિત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા. હમાસના નાગરિક સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ગાઝા શહેરના ઉત્તરીય ભાગમાં ૧૨ લોકો અને દક્ષિણી ખાન યુનિસ ક્ષેત્રમાં ૧૦ લોકો સહિત કુલ ૨૭ લોકો માર્યા ગયા હતા.

ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો છે કે આ હુમલો આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી યુદ્ધવિરામ ભંગની કાર્યવાહીના જવાબમાં હતો. સેનાના જણાવ્યા મુજબ, આતંકવાદીઓએ દક્ષિણ ગાઝામાં

અનુસંધાન પાના ૭ પર

## એનસીબી દ્વારા મુંબઈમાંથી ૨૫ કિલો ગ્રામ ડ્રગ્સ ઝડપાયું

### આંતરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડીકેટમાં સામેલ કુલ ૯ પકડાયા

નવી દિલ્હી, તા. ૨૦

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) ના મુંબઈ ઝોનલ યુનિટે એક સફળ કાર્યવાહી હાથ ધરી અને નવી મુંબઈમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટને સંપૂર્ણપણે તોડી પાડ્યું. બુધવારે, NCB એ આ કેસમાં જપ્ત કરાયેલા આશરે ૨૫ કિલો માદક દ્રવ્યોનો યોગ્ય રીતે નાશ કર્યો. જપ્ત કરાયેલા ડ્રગ્સમાં ઉચ્ચ ગુણવત્તાવાળા કોકેન, હાઇડ્રોપોનિક ગાંજા (હાઇડ્રો ગાંજા) અને ગાંજા ગમીનો સમાવેશ થાય છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડો રૂપિયા હોવાનો અંદાજ છે. તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે સિન્ડિકેટનો વિદેશી દાણચોરો સાથે સીધો સંબંધ હતો અને તે ભારતમાં ડ્રગ્સની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. સતત દેખરેખ અને ગુપ્ત માહિતીના આધારે, દ્ગઝ્રમ્ એ ભારતમાં પ્રવેશતા બે મુખ્ય ડ્રગ દાણચોરોને પકડી પાડ્યા. વધુ તપાસમાં તેમના મલેશિયા સાથેના સંબંધો જાહેર થયા. આંતરરાષ્ટ્રીય સહયોગથી, ટીમે સિન્ડિકેટના મુખ્ય સૂત્રધારને મલેશિયાથી દેશનિકાલ કર્યો અને ભારતમાં તેની ધરપકડ કરી.

આજ સુધીમાં, આ કેસમાં કુલ નવ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આમાં મુખ્ય આરોપી, તેના મુખ્ય સહયોગીઓ, હવાલા સંચાલકો, ડ્રગ કેરિયર્સ, સ્ટોરેજ પ્રોવાઇડર્સ અને સ્થાનિક વિતરકોનો સમાવેશ થાય છે. NCB એ "નીચેથી ઉપર" વ્યૂહરચનાનો ઉપયોગ કરીને સમગ્ર નેટવર્કને તોડી પાડ્યું.નાણાકીય તપાસના પરિણામે મુખ્ય આરોપીની ?૧૦ કરોડથી વધુની સ્થાવર અને જંગમ સંપત્તિઓ

અનુસંધાન પાના ૭ પર

## શિત લહેર ફુંકાતા રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જોરદાર ઠંડી

### રાજસ્થાનના માઉન્ટ આબુમાં પારો શૂન્યની નજીક

નવી દિલ્હી, તા. ૨૦

પહાડી રાજ્યોમાં બરફવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી છે. મધ્યપ્રદેશમાં છેલ્લા અઠવાડિયાથી ભારે ઠંડી પડી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ભોપાલ, ઈન્દોર, જબલપુર અને ઉજ્જૈન સહિત ૧૫ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહ્યું. શાજાપુર રાજ્યમાં સૌથી ઠંડું શહેર હતું જ્યાં ૬.૪ ડિગ્રી તાપમાન હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુરુવારે ભોપાલ અને ઈન્દોર સહિત ૬ જિલ્લાઓમાં કોલ્ડવેવ રહેશે. આગામી બે દિવસ માટે રાજ્યમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન, રાજસ્થાનના માઉન્ટ આબુમાં પારો શૂન્યની નજીક પહોંચી ગયો છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતા ૩-૪ ડિગ્રી નીચે છે.

છેલ્લા કેટલાક દિવસોમાં હિમાચલ પ્રદેશમાં બરફવર્ષા ઓછી થઈ છે, છતાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. રાજયભરના ૨૯ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે છે. લાહૌલ-સ્પિતિમાં પારો માઈનસ-માઈનસમાં છે. આગામી ૬ દિવસ સુધી વરસાદ કે હિમવર્ષાની કોઈ શક્યતા નથી.

પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાને કારણે મધ્યપ્રદેશના

અનુસંધાન પાના ૭ પર

## ભારત અને અમેરિકા વચ્ચે ૯૩ મીલીયન ડોલરનો સંરક્ષણ સોદો

### વિવાદમાં પડેલા ટેરિફ વોરના ઉકેલ પૂર્વે બન્ને દેશોની વ્યાપારી કરારોમાં પ્રગતિ

નવી દિલ્હી, તા. ૨૦

ભારત અને અમેરીકા વચ્ચે લાંબા સમયથી ટેરીફ મુદે સર્જાયેલા વિવાદમાં એક તરફ હાલમાં જ અમેરીકાએ ભારતના કૃષિ ઉત્પાદનો પરનો ટેરીફ જે ૫૦ ટકા હતો તે ફરી એક વખત તેના મુળ દરે લાવી દીધો છે અને તેનાથી રૂા.૯ હજાર કરોડથી વધુની કૃષિ નિકાસનો અમેરીકામાં ફરી એક વખત સ્થાન મળશે તે નિશ્ચિત બન્યું છે.



બીજી તરફ ભારતે પણ અમેરીકા સાથેના સંબંધોને મહત્વ આપીને દેશની સરકારી ઓઈલ કંપનીઓએ અમેરીકા પાસેથી ૨.૨ મીલીયન ટન કુકીગ ગેસ ખરીદવા માટે જે જંગી કરાર કર્યો છે તે પછી એક મહત્વપૂર્ણ નિર્ણયમાં ભારત અને અમેરીકા હવે લશ્કરી વ્યુહાત્મક સોદામાં પણ આગળ વધી રહ્યા છે.અમેરીકાએ ભારતને ૯૩ બીલીયન ડોલરના અત્યંત આધુનિક હથીયારો વેચવાની પણ મંજુરી આપી છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા આ અંગે જાહેર કરેલી માહિતી મુજબ ભારતને તે અતી આધુનિક જેવીલીન એન્ટીટેન્ક મીસાઈલ ઉપરાંત એકસ કેલીબર પ્રીઝીશન ગાઈડેડ આર્ટીલરી વેચશે.આમ બન્ને દેશો પોતાના વિવાદને ઉકેલવા માટે એક પછી એક વ્યાપારી સોદા કરી રહ્યા છે. નવા સોદામાં ૧૦૦ જેવીલીન એન્ટીટેન્ક મીસાઈલ, ૨૧૬ એકસ પ્રીઝીશન આર્ટીલરી રાઉન્ડ મળશે અને અમેરીકી સંસદ સમક્ષ આ સોદાને માન્યતા આપવા દરખાસ્ત કરાઈ છે. જેના કારણે ભારતીય સૈન્યની ક્ષમતા પણ વધશે.અમેરીકાએ સ્પષ્ટ કર્યુ છે કે આ પ્રકારના સોદા એ બન્ને દેશ વચ્ચેના મહત્વપૂર્ણ લશ્કરી સંબંધો મુજબ લેવાયો છે. જેવીલીન મીસાઈલ એ દુનિયામાં સૌથી આધુનિક અને ખભા પરથી છોડી શકાય તેવી એન્ટીટેન્ક મીસાઈલ છે અને તેની પ્રહાર ક્ષમતા અત્યંત સચોટ છે જેના કારણે ભારતીય સૈન્યની મારક ક્ષમતા વધશે અને અન્ય હથીયારો પણ દેશના સૈન્ય માટે મહત્વપૂર્ણ બનશે.

## ઈન્ડોનેશિયામાં સૌથી ખતરનાક જવાળામુખી ફાટતા હાઈએલર્ટ

### હજારો ફુટ ઉંચે રાખના ગોટેગોટા ઉડયા

નવી દિલ્હી, તા. ૨૦

માઉન્ટ સેમેટ, જવાળામુખી બુધવારે સવારે ફાટયો હતો. આ જવાળામુખી ઈન્ડોનેશિયાની સૌથી વધુ વસ્તી ધરાવતા ટાપુ પર આવેલો છે. જવાળામુખીમાં અનેક વિસ્ફોટો બાદ હાઈ લેવલ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ટુરિસ્ટ ડેસ્ટીનેશન બાલીથી લગભગ ૩૧૦ કિલોમીટર પશ્ચિમમાં પુર્વી જાવામાં મૌજૂદ માઉન્ટ સેમેરુમાં લોકલ ટાઈમ મુજબ બુધવારે લગભગ ૨ વાગ્યે આ જવાળામુખી ફાટયો હતો. બપોરથી સાંજ દરમિયાન પર્વત પરથી લાવા અને ગેસના મિકસચરવાળી ગરમ રાખી નીકળતી હતી.પોતાના ઢાળથી ૭ કિલોમીટર નીચે સુધી આવી ગઈ હતી. રાખના ગરમ વાદળો સપાટીથી બે કિલોમીટર ઉંચે સુધી ઉઠયા હતા. વિસ્ફોટોના કારણે અને ગામો રાખથી ઢંકાઈ ગયા બાદ ત્યારબાદ અધિકારીઓએ જવાળામુખીનું એલર્ટ લેવલ વધારીને સૌથી ઉંચુ કરી દીધું છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ જવાળામુખી ફાટવાથી હાલ જાનહાનીના કોઈ સમાચાર નથી. રાખના ગોટેગોટા ૧૩ કિલોમીટર સુધી ઉપર પહોંચ્યા હતા.

ઈન્ડોનેશિયાઈ સરકારે લોકોને સાવધાની રાખવાની અપીલ કરી હતી અને માઉન્ટ સેમેરુના ક્રેટર કે શિખરના ૮ કી.મી.ના ક્ષેત્રમાં કોઈપણ એકટીવીટી ન કરે.

## રશિયા દ્વારા યુક્રેન પર સૌથી મોટો હુમલામાં ૨૫નાં મોત

### ટર્નોપિલ શહેરમાં ૪૭ ડ્રોન અને ૪૮ મિસાઈલો ત્રાટકી

મોસ્કો, તા. ૨૦

રશિયાએ યુક્રેનના ટર્નોપિલ શહેરમાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતો. જેમાં ૪ બાળકો સહિત ૨૫ લોકોના મોત થયા છે. યુક્રેનના આંતરિક મંત્રાલયે જણાવ્યું કે, હુમલામાં ૧૨૫ લોકો ઘાયલ થયા છે, જેમાં ૧૫ બાળકો સામેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૨થી શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધ બાદ આ પશ્ચિમી યુક્રેનમાં સૌથી ઘાતક હુમલામાંથી એક મનાય રહ્યો છે.

આ હુમલો રાત્રિના સમયે થયો, જેમાં ટર્નોપિલના બે નવ માળના એપાર્ટમેન્ટ બિલ્ડિંગ્સને નિશાન બનાવવામાં આવી. આંતરિક મંત્રી ઈગોર ક્લિમેંકોએ કહ્યું કે, ઈમરજન્સી ટીમ કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવાનું કામ કરી રહી છે. પ્રાથમિક રિપોર્ટમાં ઓછામાં ઓછા ૩૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ હતા, જેમાં ૧૨ બાળકો સામેલ હતા.

યુક્રેની વાયુસેનાના અનુસાર, રશિયાએ યુક્રેનના ઠેકાણાઓ પર ૪૭૬ સ્ટ્રાઈક અને ડિકોય ડ્રોન અને ૪૮ અલગ અલગ પ્રકારની મિસાઈલો છોડી. રાષ્ટ્રપ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કી એ કહ્યું કે, સામાન્ય લોકો પર દરેક હુમલો એ બતાવે છે કે રશિયા પર યુદ્ધ રોકવાનું દબાણ કામ નથી કરી રહ્યું.

ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ તૂર્કિયેના રાષ્ટ્રપ્રમુખ રઝબ તૈય્યપ એર્દોગનને મળશે. તેમને ઉદ્દેશ્ય રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધારવા અને શાંતિ સ્થાપવાનો છે. તેઓ તૂર્કિયેમાં શાંતિ સુનિશ્ચિત કરવાની રસ્તાઓ પર ચર્ચા કરશે.

યુક્રેનના અન્ય વિસ્તારોમાં પણ રશિયાના હુમલામાં ઓછામાં ઓછા ૫૦ લોકો ઘાયલ થયા. રોમાનિયા અને પોલેન્ડે પોતાના હવાઈ ક્ષેત્રની સુરક્ષા માટે ફાઈટર જેટ્સ તૈનાત

અનુસંધાન પાના ૭ પર

## બેંકો ૧૬૦૦ નંબરની શરૂ થતા ફોન પરથી કોલ કરી શકશે

### છેતરપિંડી રોકવા ટ્રાઈએ ખાસ નંબરોની ફાળવણી કરી

નવી દિલ્હી, તા. ૨૦

મુંબઈ,તા.૨૦

નાણાંકીય ફ્રોડ તથા લોકોને પરેશાન કરતા માર્કેટીગ કોલ્સ રોકવા માટે સરકાર એક પછી એક પ્રયાસો કરી જ રહી છે. ટેલીકોમ રેગ્યૂલેટર ટ્રાઈએ જાહેર કર્યુ ચે કે ૧લી જાન્યુઆરીથી બેંકો, બીન સરકારી નાણાં સંસ્થાઓ, મ્યુચ્યુઅલ ફંડ જેવી સંસ્થાઓ તરફથી ગ્રાહકોને થતા ફોન ૧૬૦૦ નંબરથી જ શરૂ થશે.

ટ્રાઈએ સ્પષ્ટ કર્યુ હતું કે, સરકારી-ખાનગી તથા વિદેશી બેંકોએ ૧લી જાન્યુઆરીથી આ નિયમનું પાલન કરવુ પડશે.ટેલીકોમ વિભાગ દ્વારા બેંક-નાણા સંસ્થાઓ માટે ૧૬૦૦ થી શરૂ થતા નંબરની ખાસ ફાળવણી કરી દેવામાં આવી છે.

૧૬૦૦ થી શરૂ થતાં નંબર પરથી ફોન આવે તો તે સાચા હોવાનો ગ્રાહકોને ભરોસો થશે. મ્યુચ્યૂઅલ ફંડો તથા એસેટ મેનેજમેન્ટ કંપનીઓને ૧૬૦૦ નંબર પરથી ફોનકોલની ગોઠવણ કરવા ૧૫ ફેબ્રુઆરીની મુદત આપવામાં આવી છે.

શેરબ્રોકર કંપનીઓને ૧૫ માર્ચની મુદત અપાઈ છે. નાની બેંકો માટે ૧ ફેબ્રુઆરી તથા સહકારી બેંકો નાની સંસ્થાઓને ૧ માર્ચની મહેતલ આપવામાં આવી છે.

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# કનકપુરમાં વિવિધ વિકાસના કાર્યોના આરંભ કરાવતા મેયર

## ધારાસભ્ય સંદીપ દેસાઈએ ફાળવેલી ગ્રાન્ટમાંથી વિકાસ કાર્યો સાકાર કરાશે

સુરત, તા.૨૦

સાઉથઝોન-બી(કનકપુર) વિસ્તારમાં ગઈકાલે તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મા.મેયરશ્રી તથા મા.ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈના વરદ હસ્તે વિકાસલક્ષી જુદા જુદા કામોના ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે:-

સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં આજે તા.૧૯/૧૧/૨૦૨૫ બુધવારના રોજ મા.મેયરશ્રી તથા મા.ધારાસભ્યશ્રી (ચોર્યાસી વિધાનસભા) સંદિપભાઈ દેસાઈના વરદ હસ્તે વિકાસલક્ષી જુદા જુદા કામોના પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવી. સચિન જી.આઈ.ડી.સી. ધ્વારા પાંચ ગામો ઉબેર, તલંગપોર, ઉન, સચિન, ગભેણી માટે સુરત મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ કુલ-૪૮ કરોડની ગ્રાન્ટમાંથી સચિન વિસ્તારને ફાળવેલ ગ્રાન્ટમાંથી રૂા.૧૦૮૪.૦૨ લાખના ખર્ચે સાકારિત થનાર રસ્તા, આંગણવાડી, સ્ટ્રીટલાઈટ, શાળામાં મધ્યાહન ભોજન શેડ, શાળાનું રીનોવેશન, પેવર બ્લોક, ગઝેબો તથા સેલ્ફી પોઈન્ટ જેવા જુદા જુદા પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ આજરોજ કરવામાં આવી. સદર પ્રકલ્પો સાકારિત થવાથી આ વિસ્તારના લોકોને વિવિધ માળખાકીય સુવિધા પ્રાપ્ત થશે. જે અહીના લોકોને વધુ સુખાકારીરૂપ જીવન શૈલી પ્રદાન કરવામાં મદદરૂપ થશે. સદર કાર્યકમમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, વોર્ડ ન.૩૦(કનસાડ-સચિન-ઉન-અભવા) ના મ્યુનિ. સભ્યશ્રીઓ તથા અન્ય કાર્યકરો હાજર રહેલ.

# બસ સેવામાં ડ્રાઈવર તરીકે પ્રથમ મહિલાકર્મીની ભરતી

## સુરત મનપા દ્વારા સામાજીક સમાનતાને પ્રોત્સાહન

સુરત, તા.૨૦

સુરત શહેરમાં જાહેર પરિવહન સેવાઓને વધુ સર્વસમાવેશક અને જાતિ સમાનતાવાળી બનાવવા દિશામાં સુરત મહાનગર પાલિકા દ્વારા આજે મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. સુરત સિટીલિંક લિમિટેડ દ્વારા શહેરના બસ ઓપરેશન માટે પ્રથમ વખત મહિલા બસ ડ્રાઈવરનું સફળ ભરતીકરણ કરવામાં આવ્યું છે.

આ પહેલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "Women Led Development" તથા "Gender Inclusive Development" જેવા રાષ્ટ્રીય વિઝનને અનુરૂપ છે. સુરત મહાનગર પાલિકા શહેરમાં મહિલાઓની ભાગીદારી વધારવા, સુરક્ષિત અને સરળ ગતિશીલતા પ્રદાન કરવા તથા સામાજિક સમાનતાને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ છે. JBM Ecolife Mobility દ્વારા નિમણૂક કરાયેલ આ મહિલા ડ્રાઈવર પાસે હેવી વાહન ચલાવવાનો ચાર વર્ષથી વધુનો અનુભવ છે. હાલમાં તેઓ BRTS પિંક બસ – રૂટ નંબર ૧૨ (ONGC થી સાર્થાણા નેચર પાર્ક) પર નિયમિત સેવા આપી રહી છે. સુરતમાં જાહેર પરિવહનમાં

અનુસંધાન પાના ૭ પર



# અનંતપુરમાં જુનિયર ગર્લ્સ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપનું આયોજન

## ઓલપાડની તેજસ્વી પટેલ ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરશે

સુરત, તા.૨૦

ઓલ ઈન્ડીયા ફૂટબોલ ફેડરેશન દ્વારા આયોજિત જુનીયર ગર્લ્સ ફુટબોલ નેશનલ ચેમ્પ્સનશીપનું આયોજન અનંતપુર- આંધ્ર પ્રદેશ મુકામે યોજાય રહયું છે. "ગૃપ-સી'ની લીગ મેચો ગુજરાતની ટીમ મણિપુર, કર્ણાટક અને છત્તીસગઢ રાજયોની ટીમો વચ્ચે રમાશે. સુરત માટે આનંદનાં સમાચાર ખેલ જગત માટે રહયા છે. તાપી વેલી ઈન્ટરનેશનલ સ્કુલની ધોરણ-૧૦ ની વિદ્યાર્થીની અને ઓલપાડ તાલુકાનાં છેવાડાનાં કોસ્ટલ ગામ મોરભગવાની કુ. તેજસ્વી પંકજ પટેલની પસંદગી ગુજરાત રાજયની ટીમમાં ખેલાડી તરીકે પસંદગી થઈ છે. જેને લઈને શાળા પરિવાર અને ઓલપાડ સહિત સુરત ફુટબોલ રસીકોમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું. ગુજરાત ફુટબોલ એસોસીએશનનાં સેક્રેટરી મુલરાજસિંહ ચુડાસમા અને ટીમ ગુજરાત ફુટબોલ કોચ જુલયેટ મિરીન્દાના નેજા હેઠળ પ્રિ.નેશનલ કેમ્પમાં સઘન તાલીમને અમદાવાદ મુકામે આયોજીત થઈ ટીમ ટુરનામેન્ટમાં ભાગ લેવા ગઈ છે. ગુજરાત રાજય ફુટબોલ એસોસીએશનના પ્રમુખશ્રી પરિમલભાઈ નથવાણી, ઉપપ્રમુખશ્રી જિજ્ઞેશભાઈ પાટીલ, જોઈન્ટ સેક્રેટરી શ્રી કમલેશ સેલર, રાજયના સીલેકટર શ્રી અનંતભાઈ સારંગ, સ્ટેટ એક્ઝીકયુટીવ મેમ્બરશ્રી શબ્બીરભાઈ કુરેશીએ અને સુરત ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસીએશનના પ્રમુખશ્રી દિપકભાઈ દુધવાલાએ તેઓને સારા પ્રદર્શન માટેની શુભેચ્છા સાથે તેમની ટીમમાં પસંદગી માટે અભિનંદન પાઠવ્યા હતા.

# નરથાણ ગામમાંથી રૂ.૪.૩૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## જિલ્લા એલ.સી.બી અને પેરોલ ફર્લો શાખાની પોલીસ ટીમે દારૂ પકડ્યો

સુરત, તા.૨૦

ઓલપાડ તાલુકા ના કાંઠા વિસ્તારના નરથાણ ગામની સીમમાં કીયા કારમાંથી કટિંગ થઈ રહેલ રૂ.૪.૩૬ લાખની કિંમતનો વિદેશી દારૂ પોલીસે ઝડપી લીધો છે. આ ગુનામાં પોલીસે કુલ ચાર આરોપી ઓને વોન્ટેડ જાહેર કર્યા છે. સુરત જિલ્લા એલ.સી.બી.અને પેરોલ ફર્લો શાખાની પોલીસ ટીમ ગત સોમવારે ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી.તે સમયે એ.એસ.આઇ. રોહિત બાબુ તથા અ.હે.કો.પંકજ મનહરને સંયુકત બાતમી મળી હતી કે,ઓલપાડ કાંઠા ના નરથાણ ગામની સીમમાં ધર્મેશ અમૃત આહિરના ખેતરની બાજુમાં કાચા રસ્તા ઉપર મોટી દમણ ખાતે રહેતો ફેનિલ મુકેશ પટેલે કીયા કારમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મોકલેલ છે.આ દારૂનો જથ્થો તેના સાગરીતો દ્વારા સગવગે કરવાની ફિરાકમાં છે.આ બાતમીના પગલે પોલીસ ટીમે રેડ કરતા કારમાંથી બે અજાણ્યા ઈસમો વિદેશી દારૂનો જથ્થો નીચે ઉતારી રહ્યા હતાં,ત્યારે બંન્નેએ પોલીસને દૂરથી જોઈ કારનો ચાલક સાથે આ શખ્સ કાર લઈને ભાગી છૂટયાં હતાં.જો કે ગુના સ્થળે પહોંચેલ પોલીસે ત્યાંથી ખાખી પુંઠાના બોક્ષ તથા પ્લાસ્ટીક મીણીયા કોથળીઓમાંથી નાની-મોટી વિદેશી દારૂની બોટલ તથા બિયર ટીન મળી ૧,૩૦૮ નંગ,જેની કુલ કિંમત રૂ.૪,૩૬,૮૦૦ નો જથ્થો મળી આવતા મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે પ્રોહિ.ના આ ગુનામાં કિયા સેલ્ટોસ ફોરવ્હીલ કારનો ચાલક તથા તેની સાથે આવેલ ઈસમ,મોટી દમણથી વિદેશી મોકલનાર ફેનિલ મુકેશ પટેલ(રહે-બામણપુજા)તથા દારૂ મંગાવનાર અજાણ્યા ઈસમ મળી કુલ ચારનેવોન્ટેડ જાહેર કરી કાયદેસરનો ગુનો વધુ તપાસ હાથ ધરી છે.

# ઓલપાડમા અકસ્માતમાં ઈજાગ્રસ્ત આધેડનું મોત

## ઈજાગ્રસ્ત બાઈક ચાલકનું હોસ્પિટલ માં ચાલુ સારવાર દરમ્યાન ચાર દિવસ પછી મોત

સુરત, તા.૨૦

ઓલપાડના મંદરોઈ રોડ ઉપર બાઈક હંકારી જઈ રહેલા કરશનપરાના આધેડને રીક્ષા ચાલકે અડફતે લેતા સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં આધેડ નું હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમ્યાન ચાર દિવસ પછી કરૂણ મોત થયું છે.

ઓલપાડ ટાઉનના કરશનપરા ની સાંઇ રેસીડેન્સી એ-૧૦૩ ના મકાનમાં સુરેશભાઈ મીઠાભાઈ પટેલ (ઉ.વ.૫૮)પરિવાર સાથે રહેતા હતાં.સુરેશભાઈ ઓલપાડ કાંઠાના મંદરોઈ ગામ ખાતે ઝીગા તળાવ ઉપર સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતાં. તેઓ ગત તા.૧૫ ના રોજ બપોરના ત્રણ વાગ્યેના સુમારે પોતાની મો.સા.નં: જીજે-૦૫,બી.એન-૦૮૯૨ હંકારી ઝીગા તળાવ પરથી સામાન લેવા ઓલપાડ આવી રહ્યા હતાં.તેઓ જયારે ભટગામ-મંદરોઈ રોડ ઉપર ભટગામની સીમમાં પીના ફાર્મ નજીક થી પસાર થઈ રહ્યા હતાં,ત્યારે રોડ ઉપર પુરઝડપે દોડતી ઓટો રીક્ષા નં:જીજે-૦૫,ઝેડ.ઝેડ-૬૧૧૭ ના ચાલકે રીક્ષા ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા સુરેશભાઈ બાઈક સાથે રોડ ઉપર પટકાયા હતાં.જેથી અકસ્માત સર્જાતા રીક્ષા ચાલક રીક્ષા રોડ સાઈડ મુકી ઘરના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.જયારે અકસ્માતમાં સુરેશ ભાઈને માથાના ભાગે જીવલેણ તથા જમણા હાથમાં ફ્રેક્ચર થવાથી તેમને બેભાન હાલતમાં ઓલપાડ ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા ત્યાં સારવાર આપવામાં આવી હતી.પરંતુ ત્યાં તેમની હાલત બગડતા વધુ સારવાર અર્થે સુરત શહેરના રામનગર ખાતેની અન્ય ખાનગી હોસ્પિટલ માં ખસેડાતા તેમને માથાના ભાગે સર્જરી કરવામાં આવી હતી.જ્યાં વેન્ટિલેટર ઉપર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા સુરેશ ભાઈને ચાલુ સારવાર દરમ્યાન સોમવારે મોત ભરખી ગયું હતું.આ બાબતે ઈજાગ્રસ્તના પુત્ર કાવ્ય પટેલે ઓલપાડ પોલીસ મથકમાં રીક્ષા ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે અજાણ્યા રીક્ષા ચાલક વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વોર્ડ નં.૨૦માં ભાજપ મહિલા મોરચાનું સ્વદેશી અભિયાન

## મહિલાઓ દ્વારા શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ

સુરત, તા.૨૦

વિશ્વભરમાં ભારતનું શ્રેષ્ઠ ગૌરવ થાય અને છેવાડાના ભારતીય નાગરીકને રોજી રોટી મળી રહે અને ભારત દેશનો વિશ્વભરમા સર્વશ્રેષ્ઠ વિકાસ થાય અને આર્થિક રીતે વિશ્વના ટોચના દેશોની હરરોમાં ભારત પ્રથમ ક્રમે રહે એવા ઉચ્ચ દ્રષ્ટિકોણના પિતામહ શ્રેષ્ઠ ભારતના શિલ્પી માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની હાકલને મહીલાઓ દ્વારા શ્રેષ્ઠ ટેકો આપવાનું અને મજબૂત મનોબળ નું વચન વોર્ડ નં ૨૦ સગરામ પુરા ખટોડરા મજુરા બીજેપી મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી અમિષા ફરોખભાઈ રૂવાલા ( માયાકુમાર) ના નેતૃત્વ હેઠળ સગરામ પુરા રામજી મંદિર ખાતે મહિલા મોરચા મહામંત્રી પાયલ જુનેજા તેમજ પ્રભારી ગીતાબેન પટેલ મહિલા કૉર્પોરેટર શ્રી ભારતીબેન વાગેલા ઉષાબેન પટેલ મહિલા અગ્રણી કિશોરીબેન કાપડિયા હીના ટાલિયા મનીષા લોખંડવાલા રીટા કોઠિવાલા હેમાલી મંકોડિયા ની હાજરી માં થયો હતો જેમાં બીજેપી પીઢ આગેવાન એરવદ ફરોખભાઈ કેરસી રૂવાલાકુમાર બવાજીએ સ્વદેશી અપનાવો શ્રેષ્ઠ ભારત બનાવો શ્રેષ્ઠ આત્મ નિર્ભર ભારત બનાવો સંદર્ભે

અનુસંધાન પાના ૭ પર

# ૧૦ કીલો મેફેડ્રોનના કેસમાં આરોપીના રેગ્યુલર જામીન

સુરત, તા.૨૦

નાર્કોટિક્સના ગુન્હામાં લાજપોર જેલ ખાતે કાચા કામના કેદી વિરામની અજ્ઞાએ વર્ષ ૨૦૨૩માં નાર્કોટિક્સના ગુન્હામાં પેરોલ મેળવેલ અને ત્યારબાદ પેરોલ જંપ કરેલ, ફરાર આરોપી અજ્ઞાને ડી. સી. બી. પોલીસે ૧૦ કીલો મેફેડ્રોનના અન્ય કેશમાં અટક કરેલ, આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી વાજિદ શેખ અને આરતી રાઠીએ નામદાર હાઈકોર્ટે માં સફળ રજૂઆત કરેલ, આરોપી અગાઉના ગુનામાં જમીન મુક્ત થઈ ગયેલ છે, હાલના ગુન્હામાં આરોપીના કબ્જામાંથી કોઈ મુદામાલ મળેલ નથી., વિદ્વાન વકીલ વાજિદ શેખ અને આરતી રાઠીની દલીલોને ધ્યાને રાખી આરોપીને રેગ્યુલર જમીન ઉપર મુક્ત કરતો હુકમ કોર્ટે કર્યો હતો.

# પારસી પંચાયતના પ્રમુખપદે ડો. દૂધવાલાની પુનઃવરણી

સુરત, તા.૨૦



સુરત પારસી પંચાયત હસ્તકની વિવિધ પારસી સંસ્થાઓ, મિલ્કતો તેમજ નાણાંકીય આવક જાવક સંદર્ભે પ્રમુખરૂપે પોતાના પ્રથમ સમયગાળા દરમિયાન નયન રમ્ય કામગીરી કરનાર ડો. હોમી દારબશા દૂધવાલાની સુરત પારસી પંચાયતના પ્રમુદપદે વધુ ત્રણ વર્ષ માટે પુન : વરણી કરવામાં આવી છે. જેને તેઓના સાથી ટ્રસ્ટીઓ તેમજ પારસી સમાજના અગ્રણીઓએ એકી અવાજે વધાવી લીધી છે. ડો. દૂધવાલાએ પ્રમુખરૂપે પોતાના સમયગાળા દરમિયાન સાથી ટ્રસ્ટીઓના સથવારે આંખે ઉડીને વળગે એવા આવકારણીય કાર્યો પારસી સમાજના લાભાર્થે કર્યા છે. જેની નોંધ સત્તાધીશો તેમજ સમસ્ત પારસી સમાજે લીધી છે.

# 'સર' પ્રક્રિયામાં ગંભીર ખામીઓ નાબૂદ કરવા કલેક્ટરને ફરિયાદ

## પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા વધુ એક વખત રજૂઆત

સુરત, તા.૨૦

સુરત જિલ્લાની મતદારયાદીમાં ખોટી રીતે નોંધાયેલા/ડુપ્લિકેટ/બહારના રાજયના મતદારોની તાત્કાલિક ચકાસણી માટે નિષ્પક્ષ તપાસ સમિતિ રચવા તથા SIR પ્રક્રિયાની ગંભીર ખામીઓ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવા બાબતે એકવાર પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા જિલ્લા કલેક્ટરને કરાયેલી રજૂઆતમા જણાવાયું છે કે, સુરત જિલ્લાની મતદારયાદીમાં હજારો ખોટા, ડુપ્લિકેટ અને બહારના રાજ્યોના નાગરિકોના નામ નોંધાયેલા છે. આ બાબતે અમારી અગાઉની રજૂઆતો છતાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.ખાસ કરીને સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકાના પીપોદરા ,મોટા બોરસરા,પાલોદ, કોસંબા, તરસાડી નગર,કુંવરદા અને મહુવેજ ગામ તેમજ ઓલપાડ તાલુકાના કીમ, માસમા, આટોદરા, સાયણ, સિવાણ, દેલાડ, કરમલા અને ઓલપાડ ગામ તેમજ કામરેજ તાલુકાના કામરેજ, નવાગામ, ખોલવડ, પારડી, અબોલી અને ઉમેળ ગામ તેમજ પલસાણા તાલુકાના કડોદરા, ચલથાણ, બલેશ્વર, વરેલી, તાતીથૈયા, જોળવા, પલસાણા અને સાકી ગામ તેમજ ચોર્યાસી તાલુકાના હઝીરા, ભટલોઈ, વાસવા, કવાસ, મોરા ,સુવાલી, રાજગરી ,ઈચ્છાપોર, ભાઠા, ભાટપોર, લાજપોર ,સચિન અને દામકા ગામ અને બારડોલી તાલુકાના બાબેન,બારડોલી અને કડોદ સહિતના ગામોમાં બહાર રાજ્ય માંથી આવેલ નાગરિકો સુરત જિલ્લાની મતદાર યાદીમાં પોતાનું નામ નોંધવતા હોય છે.પરંતુ ઘણી વખત લોકો અજાણતા અથવા જાણકારીના અભાવે બે અલગ-અલગ સરનામે મતદાર કાર્ડ બનાવી લે છે.પરંતુ જૂનું કાર્ડ રદ કરાવતા નથી. Special Intensive Revision (SIR) દરમિયાન વાંધા-સુધારા માટે ન્યૂનતમ ૩૦ દિવસનો સમય આપવામાં આવે કે જેથી નાગરિકો પોતાના પુરાવા રજૂ કરી શકે. જેથી મારી ઉપરોક્ત રજૂઆતને ધ્યાને લોકહિતમાં તત્કાલ કાર્યવાહી કરવામાં આવે એવી મારી આપશ્રીને વિનંતી છે.

# આવતીકાલે કવાસની ઓઈલ કંપનીમાં રાજ્ય કક્ષાની મોકડ્રીલ

## જિલ્લા કલેકટર કચેરી ખાતે ટેબલ ટોપ મોક એક્સાઈઝ બેઠક મળી

સુરત, તા.૨૦

ઈમરજન્સીના સમયે આવી પડેલી આપદાના સમયે ત્વરિત રાહત અને બચાવની કામગીરી કરી શકાય તેવા આશયથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તથા જિલ્લા ક્રાઈસીસ ગ્રુપના સંયુકત ઉપક્રમે આગામી તા.૨૧/૧૧/૨૦૨૫ના રોજ શુક્રવારે સવારે ૯.૩૦ વાગે ઈચ્છાપોર, કવાસ સ્થિત ઈન્ડિયન ઓઈલ હજીરા ટર્મિનલ ખાતે ભુકંપના કારણે ઓઈલ લિકેજના કારણે આગ લાગવા અંગેની રાજયકક્ષાની મોક ડ્રીલ યોજાશે.

આ મોક ડ્રીલના આયોજન અંગે જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં પ્રાંત અધિકારી શ્રીમતી નેહાબેન સવાણીના અધ્યક્ષસ્થાને ટેબલ ટોપ મોક એક્સરસાઈઝ બેઠક મળી હતી. જેમાં રાજયકક્ષાએ તથા દિલ્હી ખાતેથી એન.ડી.એમ.એ.ના ઉચ્ચ અધિકારીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા.

બેઠકમાં સુરત શહેર-જિલ્લામાં ફાયરના સંસાધનોની ઉપલબ્ધતા, કોઈ પણ દુર્ઘટના સમયે આસપાસની કંપનીઓ પાસેથી ઈમરજન્સી સાધનો મળી રહે, રાહત બચાવ માટે એમ્બ્યુલન્સો, પોલીસ, ઈમરજન્સી સમયે પાણીની ઉપલબ્ધતા તેમજ અન્ય વિભાગો સાથે મળીને જે તે વિભાગોને કરવાની થતી કામગીરી

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં રખડતા કૂતરાઓનો ડેટા બેઝ તૈયાર કરવા કવાયત

## સુપ્રિમ કોર્ટના હુકમને પગલે વહીવટી તંત્ર હરકતમાં

સુરત, તા.૨૦

સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીઓ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીની એક મીટીંગ યોજવામાં આવી. જેમાં સુરત મહાનગરપાલિકા હદવિસ્તારમાં આવેલ તમામ સરકારી-અર્ધસરકારી, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ,હોસ્પીટલ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન વિગેરેને ફેન્સીંગ,બાઉન્ડ્રીવોલ,યોગ્યત્તમ પ્રવેશ /નિકાસ દ્વારોથી સંસ્થાને પરીસરને રખડતા શ્વાનોથી સુરક્ષિત કરવા ઉપરાંત દરેક સંસ્થા/કચેરી ખાતે આ કામગીરીની દેખરેખ રાખી કાર્યવાહી કરવા નોડલ ઓફિસરની

અનુસંધાન પાના ૭ પર

# માસમા-ઓરમા રોડની સોસાયટીના મકાનમાં ચોરી

## પરિવાર દિવાળીનું વેકેશન માણવા વતનમાં ગયો અને તસ્કર ત્રાટક્યા

સુરત, તા.૨૦

ઓલપાડ તાલુકા ના માસમા-ઓરમા રોડ ઉપર જાફરાબાદની એક સોસાયટીના બંધ મકાનમાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ રૂ.૧.૦૧ લાખ મત્તાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતાં ઓલપાડ પોલીસ મથકમાં ચોરી ઘટના ના ૨૮ દિવસ પછી ફરીયાદ નોંધાઈ છે. ઓલપાડના જાફરાબાદ વિસ્તાર ના માસમા-ઓરમા રોડ ઉપર આવેલ વિનાયક વિલા સોસાયટીના મ.નં-૨૫૦ માં અનિકેત અવધુત ચૌધરી(મુળ રહે.આનંદપુરા,સરકારી પ્રેસની સામે,કોઠી ચાર રસ્તા-વડોદરા)પરિવાર સાથે રહે છે.અનિકેત સુરત શહેરના ભાટપોર મુકામેની એક ખાનગી કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરે છે.આ પરિવાર ગત તા.૨૦ થી તા.૨૫ મી ઓક્ટોબરના સમયગાળા દરમ્યાન દિવાળીનું વેકેશન માણવા વતનમાં જતાં તેમનું મકાન બંધ હતું.તે દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરે બંધ મકાનને નિશાન બનાવી બનાવ્યું હતું.આ તસ્કરે રાત્રીના સમયગાળા દરમ્યાન રસોડાની બારી તોડી મકાનમાં ઘુસી કબાટમાંથી ૧.૫ તોલા વજનનું સોનાનું મંગળસુત્ર,જેની કિંમત રૂ.૪૫,૦૦૦,સોનાની૮.૫ ગ્રામ વજનની ચેઈન,જેની કિંમત કિ.રૂ.૩૦,૦૦૦,બે સોનાની વીંટી,જેની કુલ કિંમત રૂ. ૧૫,૦૦૦,સોનાના પેંડલ નંગ-૨,જેની કિંમત રૂ.૫,૦૦૦ તથા ચાંદીના બ્રેસલેટ નંગ-૦૩,જેની કિંમત રૂ. ૩,૦૦૦,ચાંદીના બે જોડી સાંકળા,જેની કિંમત રૂ.૩,૦૦૦ મળી કુલ રૂ.૧.૦૧ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ બાબતે અનિકેત ચૌધરીએ તે સમયે પોલીસને શકમંદની જાણ કરી ચોરી ઘટનાની પોલીસ અરજી આપી હતી.



# ગોડાદરામાં વિકાસ કામોનો આરંભ કરાવતા સંદીપ દેસાઈ

## સિમેન્ટ કૉંક્રિટના રોડ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરાયું

સુરત, તા.૨૦

ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં વોર્ડ-૨૯ ગોડાદરા-ડીંડોલી (ઉત્તર)માં ગોડાદરાની રાધાકૃષ્ણ સોસાયટી ખાતે અંદાજિત રૂ.૧૩ લાખના ખર્ચે આંતરિક સિમેન્ટ કૉંક્રિટના રોડ નિર્માણ કાર્યનું ધારાસભ્ય સંદિભભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું.

ગોડાદરા વિસ્તારમાં આંતરિક સિમેન્ટ ક્રૉંકિટ રોડના નિર્માણથી વિસ્તારના નાગરિકોને વધુ સુવિધાજનક, ટકાઉ અને વ્યવસ્થિત માર્ગ વ્યવસ્થા મળી રહેશે.

સુરત મહાનગરપાલિકાના ડે. મેયર નરેન્દ્રભાઈ પાટીલ, કોર્પોરેટર અમિતસિંહ રાજપૂત, શ્રીમતી વર્ષાબેન બલદાણીયા, શ્રીમતી અલકાબેન પાટીલ, પ્રમુખશ્રી દીપકભાઈ પાટીલ, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સોસાયટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેલ મહાકુંભમાં સંસ્કારદીપ વિદ્યાયના ખેલાડીઓ ઝળક્યાં

અંકલેશ્વર, તા.૨૦

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી સંસ્કારદીપ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો

સંસ્કારદીપ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. અંડર-૧૪ વોલીબોલ ટુર્નામેન્ટમાં ભાઈઓની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સિદ્ધિ નોંધાવી હતી. તેમજ અંડર-૧૭ બહેનોની વોલીબોલ સ્પર્ધામાં ટીમે દ્વિતીય સ્થાન હાંસલ કરીને પોતાની પ્રતિભાને ઉજાગર કરી હતી.આ ઉપરાંત ચેસ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ અને ટેકવેન્ડો સહિતની એથ્લેટિક રમતોમાં પણ વિદ્યાર્થીઓએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓની આ સફળતા બદલ સંસ્કારદીપ વિદ્યાલયના શાળા પરિવારે અભિનંદન પાઠવી તેમની ભાવિ સફળતાઓ માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.



# સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારનો સ્નેહ મિલન સમારંભ

સુરત, તા.૨૦

રાંદેર રોડ સ્થિત સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવાર ના પ્રમુખ નિરંજન પારેખ ની અધ્યક્ષતા માં સ્નેહ મિલન સમારંભ યોજાયો. સમારંભ ની શરૂઆત શંખ ધ્વનિ ભરત શાહે પ્રાર્થના શીલા ગટોરવાળા સંચાલન વર્ષા ચોખવાળા સ્વછતા પ્રતિજ્ઞા અને આભાર વિધિ શીલા ભૂતવાળા એ કરી.

આ સમારંભ માં પારિવારિક નાટક જેના મુખ્ય કલાકાર રોહિણી હતગંડી અને સંજય ગોરડિયા નું નાટક "બા હું તને ક્યાં રાખું?" રજૂ થયું. જે આજની સામાજિક સમસ્યા ને વાચા રૂપ નાટક જોઈ વરિષ્ઠ નાગરિકો ભાવ વિભોર થયા હતા. સમારંભ ના ફોટા વિડિયો ગ્રાફી ની સેવા ભરત શાહ એ સુપેરે નિભાવી હતી. સમારંભ ના અંતે બર્થ ડે સેલિબ્રેશન કરી સૌ છુટા પડ્યા હતા.

# કુદરતની બક્ષિસ ગણાય છે કાજુના સોનેરી દાણા

કાજુ નામ પડતાંની સાથે જ આપણાં મોંમાં પાણી આવી જાય. કેમ બરાબર ને? કાજુ કતલી તહેવાર હોય કે શુભ પ્રસંગ પ્રત્યેક વ્યક્તિની મનપસંદ મીઠાઈ ગણાય છે. મસાલા દૂધ હોય કે સેવનો દૂધપાક કાજુનો ઉપયોગ અચૂક કરવામાં આવે છે. શિયાળો આવે તેમ આહાર તજજ્ઞો સૂકા મેવાનું સેવન કરવાની સલાહ આપતાં હોય છે. કેમ કે જે કુદરતી પ્રોટીન આપણને સૂકા-મેવામાંથી મળી રહે છે. તે અન્ય સપ્લીમેન્ટ કે દવામાંથી મળવું મુશ્કેલ છે. કેડબરી કે અન્ય ચૉકલેટ લંચબૉક્સમાં ભરી આપવાને બદલે બાળકોને સૂકોમેવો ભરી આપવો વધુ યોગ્ય છે. કાજુમાંથી વિવિધ મીઠાઈની સાથે અનેક સ્વાદિષ્ટ વાનગી બનાવી શકાય છે.

તારીખ ૨૩મી નવેમ્બરનો દિવસ ભારતમાં 'કાજુ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તેની પાછળનું મુખ્ય કારણ છે કાજુની ખેતી કરતાં ખેડૂતોની મહેનતને બિરદાવવી. આપણાં દેશમાં જ પાકતાં વિવિધ પ્રકારના કાજુનો આનંદ માણવો. ભારતમાં કાજુની ખેતી દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. કાજુની ખેતી વખતે ખાસ સંભાળ રાખવાની આવશ્યક્તા રહે છે.

કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિળનાડુ, ગોવામાં મોટા પ્રમાણમાં કાજુની ખેતી થાય છે. કાજુની ખેતીની વાત કરીએ તો તેનાં છોડ કે બીજને સૌ પ્રથમ એક નાના કુંડા કે નર્સરીમાં ગોઠવવામાં આવે છે. લગભગ ૧૨ થી ૧૮ માસમાં છોડ થોડો મોટો થાય ત્યારબાદ તેને ખેતરમાં કાયમી જગ્યામાં રોપવામાં આવે છે. ત્રણથી પાંચ વર્ષના ગાળામાં તે વૃક્ષ બનીને ફળ આપવા લાગે છે. વૃક્ષ આઠથી બાર વર્ષનું થાય ત્યારબાદ તેમાં કાજુનો મબલખ પાક મળવા લાગે છે.

કાજુના બીજ પોર્ટુગીઝ લોકો બ્રાઝિલથી ભારતમાં લાવ્યા હતા, કાજુની વિવિધતાની વાત કરીએ તો ભારતીય કાજુ, તાન્ઝાનિયન, વિએટનામી, ઈન્ડોનેશિયન કાજુ વગેરે ગણાવી શકાય. ભારતમાં પણ ખાસ ગોવાના કાજુ કદમાં મોટા તથા સ્વાદમાં મીઠાશ પડતાં મખમલી હોય છે. કૉલમ કાજુ પણ ભારતીયોમાં લોકપ્રિય ગણાય છે. કેરળના શહેર કૉલમના નામ ઉપરથી કાજુને કૉલમ કાજુની ઓળખ મળી છે. પાકકલામાં ખાસ કેક-બિસ્કીટ, ટોસ્ટ વગેરે બનાવવા માટે કૉલમ કાજુનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવે છે.તાન્ઝાનિયન કાજુ સ્વાદમાં મુલાયમ તેમ જ ઓછી મીઠાશ ધરાવતાં હોય છે. દેશ-વિદેશમાં તેની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. વિએટનામી કાજુની ખાસિયત જોઈએ તો કદમાં થોડા નાના પરંતુ સ્વાદમાં મીઠાશ ધરાવે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે વિવિધ વાનગી બનાવવામાં તથા સુકામેવાના વિવિધ દાણાની ભેળ બનાવવામાં કરવામાં આવે છે.

ઈન્ડોનેશિયન કાજુની ખેતી મુખ્યત્વે બાલીમાં થતી જોવા મળે છે. બાલીના કાજુ તેના આકાર તથા સ્વાદને કારણે લોકોમાં અતિ પ્રિય બની ગયા છે. વેપારની દૃષ્ટિએ જોઈએ તો ભારત કાજુની નિકાસમાં પ્રથમ ક્રમાંકે આવે છે. જમ્બો કાજુનો ૧કિલોનો ભાવ જોઈએ તો સરેરાશ ૧૩૦૦ થી ૧૪૦૦ની આસપાસ જોવા મળે છે. નાના કદના કાજુનો ભાવ ૭૦૦થી ૮૦૦ની આસપાસ જોવા મળે છે.

કાજુ વિશે અનેક ગેરમાન્યતા પ્રવર્તતી રહે છે. જેમ કે કાજુ ખાવાથી કૉલેસ્ટ્રોલ વધી જશે. કાજુ ખાવાથી મોટાપો આવશે. હાલમાં યુવાવર્ગ દેશી વાનગી તેમ જ દેશી ઓસડિયાનો દીવાનો બનવા લાગ્યો છે. જેમાં કાજુ વિશેની ખોટી વાતોને નકારવાનો સમય આવી ગયો છે. 'અતિ સર્વત્ર વર્જયેત્:' કોઈપણ વસ્તુનો અતિરેક માનવી માટે નુકસાનકારક ગણાય છે. તો ચાલો કાજુના સ્વાસ્થ્યવર્ધક લાભ જાણીને તેનો ઉપયોગ આહારમાં કરીએ.કાજુમાંથી બનતી વિવિધ વાનગી જોઈએ તો કાજુકતલી, કાજુની ચિક્કી, કાજુ પૂરી, ખારા કાજુ, કાજુનો ઉપયોગ ગાજરનો હલવો, દૂધીનો હલવો, મોહનથાળ કે અડદિયા પાકમાં કરી શકાય છે. કેક, બિસ્કીટ, પંજાબી શાક તેમજ ગુજરાતી વિવિધ શાકમાં જેવા કે કાજુ-કારેલાંમાં કરવામાં આવે છે. કાજુ પુલાવ, કાજુ બટર સ્પ્રેડ, દક્ષિણ ભારતમાં તો કાજુના પકોડા બનાવવામાં આવે છે. તો ગોવામાં કાજુમાંથી ખાસ પ્રકારનું પીણું 'ફેની' તથા કાજુનો સૂપ બનાવવામાં આવે છે. હવે તો બજારમાં વિવિધ સ્વાદમાં કાજુ મળવા લાગ્યા છે. જેમાં મરી, ચાટ મસાલા, ફુદીના કે ચાઈનીઝ મસાલાની સાથે ગળ્યા કાજુનો સમાવેશ થાય છે.

## કાજુના સ્વાસ્થ્યવર્ધક લાભલોહીને શુદ્ધ રાખે છે


કાજુમાં આયર્ન તથા કૉપર બંનેની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. આયર્ન લોહીને સ્વસ્થ તથા કોશિકાને વધારવામાં મદદ કરે છે. જેથી શરીરમાં ઑક્સિજન યોગ્ય રીતે પહોંચવામાં મદદ મળે છે. આયર્ન લાલ રક્તકણોને વધારવામાં મદદ કરે છે. જે ઍનિમિયાની તકલીફને દૂર કરવામાં મદદ કરે છે. તેથી કાજુનું સેવન પ્રમાણભાન રાખીને કરવું જરૂરી છે.

## ડાયાબિટીઝમાં લાભકારી

કાજુની ગણતરી પોષક તત્ત્વોના ખજાના તરીકે થાય છે. જેમાં સૌથી વધુ મેગ્નેશ્યિમ ગણી શકાય. મેગ્નેશ્યિમને ડાયાબિટીઝનો સાથી ગણવામાં આવે છે. તેનું કારણ લોહીમાં રહેલાં ગ્લુકોઝને સંતુલિત કરવામાં મદદ કરે છે. લોહીમાં ગ્લુકોઝની માત્રા નિયંત્રિત કરવાથી ડાયાબિટીઝને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

## પ્રાકૃતિક રોગપ્રતિકારક શકિત વધારનાર

આજથી લગભગ ૩૦થી ૪૦ વર્ષ પહેલાંની વાત કરીએ તો દાદી-નાની શિયાળામાં ખાસ સૂકા મેવાનો ઉપયોગ કરીને વિવિધ વસાણા, કાજુકતલી બનાવતાં હતાં. વળી ઘરના પ્રત્યેક સભ્યને વહેલી સવારે માપસર સૂકો મેવો ખાવા મળે તેવી ગોઠવણ કરતાં. જેમાં કાજુનો સમાવેશ અચૂક જોવા મળતો. કાજુને ઝિંકનું પાવરહાઉસ ગણવામાં આવે છે. જે સ્વાસ્થ્ય માટે આવશ્યક ખનીજ ગણાય છે. જે ચેપી બીમારીથી શરીરને બચાવે છે. તેથી હવે વિદેશી મોંઘા પૂરક પાઉડર કે ગોળીને તિલાંજલી આપીને સૂકામેવાનો સ્વાદ માણીએ. શરીરની રોગપ્રતિકારક શક્તિ આપોઆપ વધવા લાગશે.



## હૃદય માટે વરદાન સમાન

કાજુમાં બાયોઍક્ટિવ મૈક્રોન્યૂટ્રિઅન્ટસ્ જેવી કે સારી ફેટસ્ તથા ઍન્ટિઓક્સિડન્ટ સમાયેલું હોય છે. જે આપણાં બ્લડપ્રેશરને તથા કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. જે લાંબેગાળે હૃદયના સ્વાસ્થ્ય માટે લાભદાયી ગણાય છે.

## કેસર-કાજુ-ખજૂર શક્તિવર્ધક બોલ્સ

સામગ્રીઃ ૨૫૦ ગ્રામ ટુકડા કાજુ, ૨૦૦ ગ્રામ ખજૂરનો માવો, ૧૦૦ ગ્રામ સૂકા નાળિયેરનું ખમણ, ૮-૧૦ તાંતણાં દૂધમાં પલાળેલી કેસર, ૧ નાની ચમચી એલચી-જાયફળનો ભૂકો. ઘી જરૂર મુજબ.

બનાવવાની રીતઃ ૧ ચમચી ઘીમાં કાજુના ટુકડાને સાંતળી લેવાં. ખજૂરના બીજ કાઢીને તેના માવાને તે જ ઘીમાં સાંતળીને મુલાયમ બનાવી લેવો. કાજુના ટુકડા થોડાં નાના કરી લેવાં. જેથી ખાવામાં સરળતા રહે. ખજૂરના માવામાં એલચી-જાયફળનો ભૂકો ભેળવવો. બધું જ બરાબર ભેળવીને નાના બૉલ્સ બનાવી લેવાં. કોપરાના છીણમાં દૂધમાં પલાળેલી કેસરવાળું મિશ્રણ ભેળવવું. કાજુ-ખજૂરના બૉલ્સને કેસરવાળા કોપરાના છીણમાં રગદોળવાં. શિયાળામાં શરીરને મ જ બૂ ત પૂરતી શક્તિ આપવાની સાથે હાડકાંને બનાવવામાં મદદ મળી રહેશે.





# જલ્દી ઉઠવાથી ઘણા લાભ છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સવારે વહેલી તકે ઉઠી જવાથી ડિપ્રેશનનો ખતરો ઓછો રહે છે. જે લોકો સવારે વહેલી તકે ઉઠી જવાની ટેવ ધરાવે છે તેમનામાં અનેક બિમારીનો ખતરો તો પહેલાથી જ ઘટી જાય છે. તેમની માનસિક સ્થિતી પણ સારી રહે છે. વહેલી તકે ઉઠી જતા લોકોમાં સિજોફ્રેનિયા અને ડિપ્રેશન જેવી માનસિક બિમારીનો ખતરો ખુબ ઓછો રહે છે. આ અભ્યાસમાં અને તબીબો પણ માને છે કે માનસિક સ્વાસ્થને જાળવી રાખવા માટે પણ કેટલીક પહેલ જરૂરી હોય છે. સવારમાં વહેલી તકે ઉઠવાથી ડાયાબિટીસ અને સ્થુળતાનો ખતરો પણ ઓછો રહે છે. નવા અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ડાયાબિટીસ અને સ્થુળતા હોવા સાથે કોઈ સંબંધ નથી. વહેલી સવારે ઉઠી જવાના જે ફાયદા રહેલા છે તેમાં સાફ અને શુદ્ધ ઓક્સીજન ફેફસાને મળે છે. જેના કારણે શ્વાસની તકલીફને દુર કરવામાં મદદ મળે છે. ફેફસા સ્વસ્થ રહે છે. કસરત કરવાથી બ્લડ સરક્યુકેશનમાં વધારો થાય છે. જેના કારણે હાર્ટ મજબુત રહે છે. હાર્ટની બિમારી ઓછી થાય છે. કેટલીક માનસિક બિમારી પણ દુર થાય છે. સવારે ઉઠીને યોગ અને પ્રાણાયામ કરવાથી પણ લાભ થાય છે. દિવસભર તાજગી રહે છે. કામ પર સારી અસર થાય છે. કેટલાક નિષ્ણાંતોએ એમ પણકહ્યુ છે કે જયારે કોઇને બળજબરીપૂર્વક તેની બોડી ક્લોકની સામે ઉઠવા માટે કહેવામાં આવે છે ત્યારે તેની પણ માઠી અસર થાય છે. ાાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે.

અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે.

### પુરૂષોમાં પ્રોસ્ટેટ કેન્સર રોગ સર્જી શકે છે...

# ફોલ્ટી જીન ખતરનાક હોય છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં ચોંકાવનારો ધડાકો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારવામાં ભુમિકા ભજવનાર ફોલ્ટી જીન અથવા તો ખામીવાળા જનીનથી પુરુષોમાં પણ પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો અનેકગણો વધી જાય છે. આ સંશોધન હાથ ધરનાર લંડનમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કેન્સર રિસર્ચમાં પ્રોફેસર રોશ ઈલેસે કહ્યું છે કે હજુ સુધી કેટલી શંકાઓ હતી. પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો ફોલ્ટી જીન વધારે છે કે કેમ તેને લઈને શંકા હતી પરંતુ હવે આ શંકા દુર થઈ રહી છે. તેમણે કહ્યું છે કે અમારા અભ્યાસમાં સાબિતી મળે છે કે પ્રોસ્ટેટ કેન્સર સાથે ગ્રસ્ત પુરુષોમાં ખામીવાળા જીન રહેલા છે. ખામીવાળા જીનના લીધે જ પુરુષોમાં પણ કેન્સરનો ખતરો વધી જાય છે. ફોલ્ટી અથવા તો ખામીવાળા બીઆરસીએ-૧ જીનથી પ્રોસ્ટેટ કેન્સર થવાનો ખતરો ૧૧ પૈકી ૧માં રહેલો હોય છે. અભ્યાસ મુજબ ફોલ્ટી જીનના સીધા સંબંધ જુદા જુદા રોગ સાથે હોય છે. બીઆરસીએ -૧ પ્રોસ્ટેટ કેન્સરના ખતરાને ૫ ગણો વધારવામાં ભુમિકા ભજવે છે. મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારે છે. ૧૦ પૈકીની ૬ મહિલાઓમાં આના લીધે ખતરો વધી જાય છે. જયારે સ્વસ્થ મહિલાઓમાં ૮ પૈકી ૧ મહિલામાં આ રોગનો ખતરો રહે છે. ફોલ્ટી જીન ધરાવતી કેટલીક મહિલાઓમાં સ્તન કેન્સરનો જોખમ સૌથી ઉંચો છે. ચેરિટી પ્રોસ્ટેટ એકશનના મુખ્ય કારોબારી એમ્મા માલ્કને કહ્યું છે કે વહેલીતકે પ્રોસ્ટેટ કેન્સરના લક્ષણો મળી આવવાથી સફળ સારવારની તકો વધી જાય છે. પરંતુ વિલંબ થવાની સ્થિતિમાં સારવાર મુશ્કેલ બની જાય છે.

# ઘર ખાલી કરાવતા પહેલા મકાન માલિકે ભાડુઆતને નોટિસ આપવી પડશે

### ન્યૂ રેન્ટ એગ્રીમેન્ટ ૨૦૨૫ : મકાન માલિક હવે મનસ્વી રીતે ભાડૂ નહીં વસૂલી શકે

નવી દિલ્હી,તા.૨૦

કેન્દ્ર સરકારે દેશભરમાં 'ન્યુ રેન્ટ એગ્રીમેન્ટ ૨૦૨૫'ના નવા નિયમો લાગુ કરી દીધા છે. આ નિયમો લાગુ થવાથી મકાનમાલિક અને ભાડૂઆત વચ્ચે થતા વિવાદો પર લગામ લાગશે, આથી ભાડા પર રહેવું સરળ અને પ્રોપર્ટીનું ભાડુ દેવું ભરોસાલાયક રહેશે.

હવે દરેક રેન્ટ એગ્રીમેન્ટને બે મહિનામાં રજિસ્ટર્ડ કરાવવું પડશે. રજિસ્ટ્રેશન રાજયની ઓનલાઈન પ્રોપર્ટી રજિસ્ટ્રેશન વેબસાઈટ કે રજિસ્ટર ઓફિસમાં કરાવી શકાશે. નિશ્ચિત સમયમાં રજિસ્ટ્રેશન નહી કરાવવા પર રૂા.૫૦૦૦નો દંડ લાગશે.

હવે રહેણાંક ઘરો પર માત્ર ૨ મહિનાનું ભાડુ સિક્યોરિટી તરીકે લેવામાં આવશે. બેંગ્લુરુ જેવા શહેરોમાં મકાનમાલિક વર્ષભરનું ભાડુ એડવાન્સ લઈ લે છે. આથી ભાડુઆતો પર નાણાકીય બોજો વધી જતો હતો. હવે નવા નિયમોથી કોમર્શિયલ પ્રોપર્ટીનું મહિનામાં એડવાન્સમાં ભાડુ લઈ શકાશે.

### ભાડામાં વધારો

ભાડુ વધારતા પહેલા ભાડૂઆતને મકાન માલિકે નોટિસ આપવી અનિવાર્ય કરાઈ છે. આથી મનસ્વી રીતે ભાડુ વધારવા પર રોક લાગશે.

ઉચિત પ્રક્રિયા વિના ઘર ખાલી નહી કરી શકાય

નવા નિયમોમાં કહેવામાં આવ્યું છે કે, કોઈપણ મકાનમાલિક ઉચિત નોટિસ અને પ્રક્રિયાનું પાલન કર્યા વિના ઘર ખાલી નહી કરાવી શકાય.

### મકાન માલિકને લાભાલાભ

રેન્ટ વસુલીઃ જો ભાડુઆત ૩ મહિના કે તેથી વધુ સમય સુધી ભાડુ નથી આપતો તો મામલો ટ્રિબ્યુનલમાં મોકલી શકાય છે, જે તરત ફેસલો આપશે.

વિવાદનું નિવારણઃ વિવાદોના ત્વરિત નિવારણ માટે સ્પેશ્યલ રેન્ટ કોટર્સ અને ટ્રિબ્યુનલ્સ બનાવાઈ છે, જેનું લક્ષ્ય છે, વિવાદનો ૬૦ દિવસમાં નિવારણ આવી જાય.

ટેકસમાં છુટઃ રેન્ટ પર ટીડીએસ કપાતની સીમા પહેલા રૂા.૨.૪૦ લાખ વાર્ષિક હતી, જે વધારીને હવે રૂા.૬ લાખ વાર્ષિક કરી દેવાઈ છે, આથી હાથમાં વધુ પૈસા આવશે.



# ફેમ અને પીએમ ઈ-ડ્રાઈવ યોજનાએ ઈ-વાહનોની માંગ વધારી ભારત બન્યું વિશ્વનું સૌથી મોટું ઈ-થ્રી વ્હીલર બજાર

### ૨૦૨૪ માં વૈશ્વિક ઈલેકટ્રીક થ્રી વ્હીલર વાહન બજારમાં ભારત ૫૭ ટકા ભાગીદારી સાથે પ્રથમ ક્રમે પહોંચ્યું

**નવી દિલ્હી તા.૨૦**

ભારત વર્ષ ૨૦૨૪ માં વૈશ્વિક ઈલેકટ્રીક થ્રી વ્હીલર વાહન બજારમાં ૫૭ ટકા ભાગીદારીની સાથે પ્રથમ સ્થાને પહોંચી ગયુ છે. બ્રાઝીલમાં આયોજીત કોપ-૩૦ માં જાહેર શુન્ય ઉત્સર્જન વાહન સંક્રમણ રિપોર્ટ મુજબ ફેમ અને પીએમ ઈ-ડ્રાઈવ જેવરી યોજનાઓએ ટુ-વ્હીલર અને થ્રી વ્હીલર વાહનોનાં ઝડપી વિદ્યુતીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ખાનગી ક્ષેત્ર અને સરકારની ભાગીદારી અંતિમ-મીલ ડીલીવરીમાં ઈવીનો ઉપયોગ વધતો અને ચાજ'ગ માળખાનો વિસ્તાર ભારતને આ પરિવર્તનનો વૈશ્વિક ચાલક બનાવી રહ્યો છે.એકસેલરેટીગ ટુ ઝીરો કોએ લિશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ફેમ અને પીએમ ઈ-ડ્રાઈવ જેવી યોજનાઓએ ઈવીનો પ્રારંભીક ખર્ચ ઘટાડીને તેને પેટ્રોલ-ડીઝલ વાહનોની તુલનામાં વધુ આકર્ષક બનાવી છે.પીએમ ઈ-ડ્રાઈવ યોજના અંતર્ગત લગભગ ૨૫ લાખ ઈલેકટ્રીક ટુ વ્હીલર અને ૩.૨ લાખ ઈલેકટ્રીક થ્રી વ્હીલર વાહનોનું વેચાણ વધારવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જયારે વાહનો અને ચાજ'ગ માળખા માટે ૩૧૫ મિલીયન અમેરિકી ડોલરની સહાયતાની જોગવાઈ છે.ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓન કલીન ટ્રાન્સપોર્ટેશનના મેનેજીંગ ડીરેકટર અમિત ભટ્ટનું કહેવુ ચે કે ગત વર્ષ ભારતમાં વેંચાયેલા બધા મોટર વાહનોમાં ટુ વ્હીલરનો ભાગ ત્રણ ચતુર્થાંશથી વધુ હતો. વાસ્તવમાં ટુ વ્હીલર અને થ્રી વ્હીલર મળીને કુલ વાહન વેચાણ ૮૦ ટકા હતું. આ સ્થિતિમાં ભારતમાં પોતાના સૌથી વધુ વાહન ખંડના વિદ્યુનિકરણને પ્રાથમીકતા આપી રહ્યા છે અને તેના પરિણામો પણ દેખાઈ રહ્યા છે.

### ટાટા મોટર્સ ની પ્રીમિયમ ડિઝાઇન અને

# અધ્યતન ટેકનોલોજી ધરાવતી અલ્ટ્રોસ કાર પર સ્પેશિયલ ડિસ્કાઉન્ટ અને સ્કીમ

**સુરત** , ભારતની અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદક કંપની ટાટા મોટર્સ પોતાની નવીનતમ ન્યુ અલ્ટ્રોઝ કાર સમગ્ર ભારતમાં લોન્ચ કરી હતી અને સૌથી વધુ સારો પ્રતિસાદ પણ મળ્યો હતો આ પ્રીમિયમ હેચ બેક કારની આકર્ષક ડિઝાઇન સૌથી વધુ બુટ સ્પેસ ડીઝલ પેટ્રોલ અને સીએનજી સહિતના બહુવિધ એન્જિન વિકલ્પો સાથે કંપનીએ વિવિધ મોડેલો મુકેલ છે એ અલ્ટ્રોસ કાર અવેલેબલ સ્ટોક પર સુરત શહેરમાં શ્રીજી ઓટો માર્ટ દ્વારા સુરત શહેર અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ડિસ્કાઉન્ટ ફક્ત અને ફક્ત એક માત્ર શ્રીજી ઓટો માં રૂપિયા ૧.૫૦,૦૦૦ સુધીનું સ્પેશિયલ ડિસ્કાઉન્ટ જાહેર કરેલ છે તો સુરત શહેરની જનતાને આનો લાભ લેવા વિનંતી છે

સાથે સાથે ઝીરો ડાઉન પેમેન્ટ અને 0% રેટ ઓફ ઈન્ટરેસ્ટ સાથે આ સ્કીમ રજૂ કરેલ છે તો શહેરનીજનતાને શ્રીજી ઓટો માર્ટ માં એકવાર વિઝિટ લેવા વિનંતી છે અમો સૌ આપને આવકારીશું.

## તંત્રી લેખ... -

ગુરૂવાર,તા.૨૦ નવેમ્બર ૨૦૨૫

# નક્સલવાદના અંતનું લક્ષ્ય હાથવેંતમાં : હિડમાનો ખાતમો

દેશમાં દાયકાઓથી નક્સલવાદની લોહિયાળ ચળવળના ખાતમા માટેના જંગને હવે નોંધપાત્ર સફળતા સાંપડી રહી છે. કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારોની અવિરત કાર્યવાહીનાં પરિણામે આવતાં વર્ષે ૩૧મી માર્ચ સુધીમાં નક્સલવાદના અંતનું લક્ષ્ય હવે હાંસલ થઈ શકે એવો ભરોસો જાગ્યો છે. સલામતી દળોએ ટોચના નક્સલવાદી કમાન્ડર માડવી હિડમાનો ખાતમો કરીને બે વર્ષથી ચાલતી શોધનો સફળ અંત કર્યો છે. સલામતી દળોએ આ મોસ્ટ વોન્ટેડ નક્સલવાદીને ઠાર કરીને આ ચળવળના ટોચનાં નેતૃત્વને મોટો આંચકો પણ આપ્યો છે. લગભગ બે દાયકાથી દેશમાં લગભગ તમામ મોટા નક્સલી હુમલા પાછળ ચાવીરૂપ રહેલા હિડમાએ દંડકારણ્યનાં જંગલોને પોતાની હકૂમત પ્રસ્થાપિત કરી હતી. તે પીપલ્સ લિબરેશન આર્મીની ગેરીલા બટાલિયનનો વડો પણ હતો. ઉલ્લેખનીય છે કે, આવતાં વર્ષ સુધી દેશને નક્સલવાદથી મુક્ત કરવાનાં લક્ષ્યને હાંસલ કરવા સતત સક્રિય સલામતી દળોએ આ અગાઉ ગયા મે મહિનામાં સીપીઆઈ (માઓવાદી)ના મહામંત્રી નરસિંહા ઉર્ફે નંબાલા કેશવ રાવને ઠાર કર્યો હતો. આ ઉપરાંત ચાલુ વર્ષ દરમ્યાન સલામતી દળોની અલગ-અલગ કાર્યવાહીમાં ૩૦૦થી વધુ નક્સલવાદી માર્યા ગયા છે, તેમાં તેના પોલિટ બ્યૂરોના અમુક સભ્યો પણ હતા. ચોતરફથી વધી રહેલાં દબાણને લીધે નક્સલવાદીઓ હવે મોટાપાયે આત્મસમર્પણ પણ કરી રહ્યા છે અને તેની ચળવળ બહુ મર્યાદિત વિસ્તારમાં રહી ગઈ છે. હિડમાનું એન્કાઉન્ટર આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ વચ્ચેના સરહદી વિસ્તારમાં થયું હતું. એમ મનાય છે કે, હિડમા છત્તીસગઢમાં ચોતરફથી દબાણ વધી રહ્યંઅ હોવાને લીધે આંધ્રપ્રદેશથી પોતાની પ્રવૃત્તિ ચલાવવાની વેતરણમાં હતો. હવે સલામતી દળોએ બસ્તર અને અબુઝમાડ વિસ્તારમાંથી હાંકી કઢાયેલા નક્સલવાદીઓ અન્યત્ર પોતાનો ગઢ ઊભો ન કરે તેની ખાસ તકેદારી રાખવી પડશે.આમ તો સરકારે નક્સલવાદીઓની સામે બે સ્તરીય વ્યૂહરચના અપનાવી છે. એક તરફ તો સલામતી દળોની કાર્યવાહી વધુ અસરકારક બનાવાઈ છે, તો બીજી તરફ નક્સલવાદીઓ શત્ર છોડીને આત્મસમર્પણ કરે તે માટેના પ્રયાસો પણ હાથ ધરાયા છે. આમાં પણ સરકારને સારી એવી સફળતા મળી રહી છે. આ ચળવળના સભ્યો શાંતિનો માર્ગ અપનાવીને મુખ્યધારામાં સામેલ થશે ત્યારે આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકશે. ખરેખર તો આ બે સ્તરીય વ્યૂહરચના હવે જ્યારે સફળ થઈ રહી છે, ત્યારે સરકારે નક્સલવાદ પ્રભાવિત વિસ્તારોમાં વિકાસનાં કામો હાથ ધરવા માટે પણ ખાસ ધ્યાન આપવું પડશે. દાયકાઓથી માળખાંકીય અને સમાજિક ક્ષેત્રના અભાવથી ત્રસ્ત આ વિસ્તારના લોકોને તે સુવિધાઓ પૂરી પાડીને તેમને વિકાસનાં ફળ આપવા શરૂ કરવા જોઈએ. સાથોસાથ આ વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી કરીને લોકોને ગરીબીની રેખાથી બહાર લાવવા પર ધ્યાન આપવાથી નક્સલવાદી વિચારધારાનો ધરમૂળથી છેદ ઊડી જશે.

# રેવડી કલ્ચર, અર્થતંત્રની કતલ

રેવડી કલ્ચર ભારતીય રાજકારણની કડવી વાસ્તવિકતા બની ચૂક્યું છે અને આ પ્રકારની યોજનાઓને કારણે ૧૩ રાજ્યની તિજોરીઓ પર વધારાની તાણ આવી રહી છે અને અનિવાર્ય કાર્યો તથા આ સ્કીમો માટેની વહેંચણી પછી માત્ર ૩૦ ટકા રકમ જ વિકાસકાર્યો માટે બચતી હોવાનું પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચના હાલના અભ્યાસમાં સામે આવ્યું છે. પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહાર જેવાં ૧૩ રાજ્યનો ખર્ચ તેમની આવક કરતાં વધુ હોવાની ચોંકાવનારી વાત આ અહેવાલથી પ્રકાશમાં આવી છે. સરકારી કર્મચારીઓનું વેતન, પેન્શન

તથા વ્યાજ અને કરજની રકમની ચૂકવણી જેવા અનિવાર્ય ખર્ચમાં રેવડી યોજનાઓમાં થયેલા વધારાને કારણે રાજ્યના અર્થકારણમાં અનર્થ સર્જાઈ રહ્યો છે. આવામાં નિયમિત ખર્ચ માટે રાજ્યોએ નવેસરથી કરજ લેવું પડે એવી સ્થિતિ સર્જાઈ છે. આવાં રાજ્યોમાં મહારાષ્ટ્ર અવ્વલ સ્થાને છે, એ બાબત ચિંતા ઉપજાવનારી છે. રાજકારણીઓ ચૂંટણી જીતવા માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) હેઠળ સમાજના વિવિધ વર્ગોને દર મહિને ચોક્કસ રકમ આપવાની જાહેરાત કરે છે અને સત્તામાં આવ્યા બાદ આ વાયદાઓનો બોજ સરકારી તિજોરી પર પડે છે. હાલના સમયમાં મહિલા મતદારોને રીઝવવા માટે વિવિધ યોજનાઓ એકથી વધુ રાજ્યોમાં શરૂ કરાઈ છે. મહારાષ્ટ્રની લાડકી બહીણ યોજના જેવી યોજનાઓ ચૂંટણી જીતવાનો શ્યોર-શોટ માર્ગ સાબિત થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રકારની યોજનાઓ માટે મફતની રેવડી એવો શબ્દ વહેતો કર્યો હતો, પણ ખુદ કેન્દ્ર સરકાર દેશના ૮૦ કરોડ નાગરિકને કોરેનાકાળથી નિઃશુલ્ક રાશન આપે છે, કિસાન સન્માન નિધિ ઉપરાંત, નિઃશુલ્ક ઘરો તથા રાંધણગેસ જેવી અનેક યોજનાઓ ચલાવે છે, તો વિવિધ રાજ્યોમાં કલર ટીવીથી લઈને, લેપટોપ તથા સાઈકલ જેવી વસ્તુઓની લહાણી થાય છે. બિહાર ચૂંટણી દરમ્યાન એનડીએ તરફથી મુખ્યમંત્રી નીતીશકુમારે બહેનોના ખાતાંમાં ૧૦-૧૦ હજાર જમા કરાવ્યા એનો જંગી બોજો સરકારી તિજોરી પર પડવાનો. આ રેવડી કલ્ચર હવે ન્યૂયોર્ક સુધી પહોંચી ગયું છે અને નિઃશુલ્ક બસ પ્રવાસનું વચન અમેરિકાની આર્થિક રાજધાનીમાં પણ ચૂંટણી વિજયની ખાતરી બનવા લાગી છે. હાલમાં જ નાણાપ્રધાન નિર્મલા સીતારામને ચિંતા વ્યક્ત કરી હતી કે, મફત યોજનાઓને કારણે અનેક રાજ્યો મુશ્કેલીમાં છે અને તેમને કરજ લેવાનો વારો આવવાનો છે. લોકોનું કલ્યાણ એ કોઈ પણ સરકારનું પ્રથમ કર્તવ્ય હોય છે, આ સાથે જ રોજગારની તકો સાથે રોજગારક્ષમ માનવબળનું સર્જન પણ સરકારની જવાબદારી હોય છે, પણ આપણી સરકારો આમાં નિષ્ફળ નીવડી રહી હોવાનું જોવા મળે છે. આનું સાટું વાળવા અને સત્તા સુધી પહોંચવા માટે મફત યોજનાઓ ટૂંકો રસ્તો સાબિત થઈ રહી છે, પણ સાથે જ અત્યારની પરિસ્થિતિ જોતાં આ બાબત ટૂંકી બુદ્ધિ હોવાનું પણ પુરવાર થાય છે. લોકોને ઘરબેઠાં નાણાં આપવાની યોજનાઓ તથા તેના દ્વારા મત બેન્કનું સર્જન કરનારા રાજકારણીઓ ગમે તે પક્ષના હોય એ દેશનું અહિત કરી રહ્યા છે.

### વાડરાના કહેવા પ્રમાણે તો બિહારની પ્રજા પણ પરિણામોથી ખુશ નથી.

# બિહારમાં હાર, કોંગ્રેસનું 'નાચ ના જાને આંગન ટેઢા'

### રોબર્ટ વાડરાએ પણ દિગ્વિજયની જેમ જ ચૂંટણીમાં ગરબડનું વાજું વગાડીને જાહેર કરી દીધું છે કે, આ પરિણામો અન્યાયી, ઘાલમેલયુક્ત હોવાથી સ્વીકૃત નથી.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભૂંડી રીતે હારી ગયેલી કૉંગ્રેસે ફરી 'નાચ ના જાને આંગન ટેઢા'વો ખેલ શરૂ કરી દીધો છે. કૉંગ્રેસ પાસ મતદારોને આકર્ષવા માટે કશું નથી પણ આ વાતનો સ્વીકાર કરવામાં કૉંગ્રેસીઓને નાનમ લાગે છે એટલે ક્યાંય પણ હાર થાય એટલે ચૂંટણી પંચ પર આક્ષેપો કરીને એકદમ ઉઘાડ કાઢીને ઉભા રહી જાય છે. બિહારની ચૂંટણીમાં હાર પછી કૉંગ્રેસે એ જ ધંધો માંડ્યો છે.કૉંગ્રેસે પહેલાં વધારાના ૩ લાખ મત ક્યાંથી આવી ગયા એવો વાંધો ઉઠાવેલો પણ ચૂંટણી પંચે આ દાવાની હવા કાઢી નાંખી એટલે કૉંગ્રેસના દિગ્વિજયસિંહે દાવો કર્યો છે કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન્સ (ઈફસ)માં ઘાલમેલ અને મતદાર યાદીઓમાં ચેડાં કરીને ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ જીત મેળવી છે. મજાની વાત એ છે કે, મહાકૌભાંડી એવા નહેરુ-ગાંધી ખાનદાનના જમાઈરાજ રોબર્ટ વાડરાએ દિગ્વિજયસિંહની વાતમાં સૂર પુરાવીને બિહારમાં નવેસરથી ચૂંટણીની સાવ હાસ્યાસ્પદ માગ કરી નાખી છે.દિગ્વિજયસિંહ સાવ પતી ગયેલી પાર્ટી છે અને રાજકીય રીતે એ હદે નાદાર થઈ ગયા છે કે, વિધાનસભાની ચૂંટણી પણ જીતી શકતા નથી પણ નહેરૂ-ગાંધી ખાનદાનની મહેરબાનીથી રાજ્યસભાના સાંસદ છે. આ દિગ્વિજય સિંહે બિહારનાં પરિણામોની સરખામણી ઉત્તર કોરિયા, રશિયા અને ચીનની ચૂંટણીઓ સાથે કરીને જ્ઞાન પણ પિરસ્યું છે કે, એક જ મોરચાની તરફેણમાં આવેલા પરિણામો શંકા પેદા કરે છે. દિગ્વિજયની કોમેન્ટ ભારતની લોકશાહીના ઘોર અપમાન સમાન છે કેમ કે ઉત્તર કોરિયા, રશિયા અને ચીનની જેમ ભારતમાં ચૂંટણી નથી થતી પણ નિયમો અને ધારાધોરણોને આધારે થાય છે.ચીનમાં કિમ ઉન જોંગની તાનાશાહીના કારણે ફારસરૂપ ચૂંટણી થાય છે. કિમ ઉન જોંગની પાર્ટીના ઉમેદવારો સામે કોઈ મેદાનમાં જ હોતું નથી. કોઈ પ્રચાર નથી થતો કે લોકોને પોતાની રીતે મત આપવાની છૂટ પણ નથી હોતી. ભારતમાં એ રીતે ચૂંટણી થાય છે? બિલકુલ નહીં. બિહારમાં પચીસ પક્ષોના ઉમેદવાર મેદાનમાં હતા ને જોરદાર જંગ થયો હતો.બિહારમાં ભાજપ અને જેડીયુએ કર્યો હતો એવો જ ઉગ્ર પ્રચાર આરજેડી અને કોંગ્રેસે કર્યો હતો પછી કઈ રીતે આ ચૂંટણીને ઉત્તર કોરીયાની ચૂંટણી સાથે સરખાવી શકાય? રશિયામાં વ્લાદીમીર પુતિન ચૂંટણીના નામે નાટક કરે છે એ સાચું છે. પુતિન સામે પડનારાંને કાં જેલમાં ધકેલી દેવાય છે કાં પતાવી દેવાય છે પણ ભારતમાં એવું થતું નથી. ચીનમાં તો સત્તાવાર રીતે જ એક પક્ષનું શાસન છે તેથી તેની સાથે ભારતની ચૂંટણીની સરખામણી કરવાનો સવાલ જ ઊઠતો નથી છતાં દિગ્વિજયને એવું લાગતું હોય તો આ માનસિકતાનો કોઈ ઉપાય આપણી પાસે નથી.દિગ્વિજયસિંહે એવો દાવો પણ કર્યો છે કે, બિહારમાં ૬૨ લાખ મતદારોનાં નામ કાઢી નાખવામાં આવ્યાં હતાં અને ૨૦ લાખ નવાં નામ ઉમેરવામાં આવ્યાં હતાં. કેન્દ્રીય ચૂંટણી પંચે કોનાં નામ દૂર કરવામાં આવ્યાં કે ઉમેરવામાં આવ્યાં તેમનાં નામ પણ જાહેર કર્યાં નથી તેથી મોટા પાયે ગરબડ થઈ છે એ નક્કી છે.દિગ્વિજયે પરિણામ જાહેર થયા પહેલાં કહેલું કે, એનડીએ ૧૪૦ બેઠકોનો આંકડો પાર કરે તો સમજી લેવું કે, ઈવીએમ અને મતદાર યાદીઓ સાથે ચેડાં કરાયાં છે. દિગ્વિજયે આ વાત પાછી દોહરાવીને દાવો કર્યો છે કે, ચૂંટણીમાં ગળાકાપ સ્પર્ધા હતી અને ઓવૈસી તથા પ્રશાંત કિશોરની પાર્ટી કોના મત કાપે છે તેના પર સૌની નજર હતી પણ પરિણામોમાં એવું કશું દેખાતું નથી તેથી ગરબડ થઈ છે એ નક્કી છે.

રોબર્ટ વાડરાએ પણ દિગ્વિજયની જેમ જ ચૂંટણીમાં ગરબડનું વાજું વગાડીને જાહેર કરી દીધું છે કે, આ પરિણામો અન્યાયી, ઘાલમેલયુક્ત હોવાથી સ્વીકૃત નથી. વાડરાના કહેવા પ્રમાણે તો બિહારની પ્રજા પણ પરિણામોથી ખુશ નથી. ચૂંટણી પંચ સાથેની મિલિભગતમાં ખેલ પાડીને ભાજપ જીત્યો છે તેથી બિહારમાં ફરી ચૂંટણી કરાવવી જોઈએ.

વાડરા અને દિગ્વિજયની વાતો બંનેને મૂરખના જામ સાબિત કરનારી તો છે જ પણ કૉંગ્રેસના નેતાઓનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ જ નથી રહ્યો એ પણ સાબિત કરનારી છે. દિગ્વિજય મધ્ય પ્રદેશમાં બેઠાં બેઠાં બિહારની ગ્રાઉન્ડ રીયાલિટી એટલે કે નક્કર વાસ્તવિકતાની વાતો કરે તેનાથી વધારે હાસ્યાસ્પદ બીજું શું કહેવાય? દિગ્વિજય જે ગ્રાઉન્ડ રીયાલિટીની વાતો કરે છે એ સોશિયલ મીડિયા કે મીડિયામાં તળાતાં વાતોનાં વડાંથી વિશેષ કંઈ જ નથી.ઓવૈસી અને પ્રશાંત કિશોર બિહારના રાજકારણમાં મહત્ત્વના સાબિત થશે ને કિંગ મેકર બનશે એવું પિક્ચર મીડિયાએ જ ઊભું કરેલું. બાકી બંનેનો ખરેખર ભારે રાજકીય પ્રભાવ છે એવું કોઈ તબક્કે દેખાયું જ નહોતું. મીડિયામાં જ પી.કે. પચ્ચીસ બેઠકો લઈ જશે ને ઓવૈસી વીસ બેઠકો લઈ જશે એવી વાતો થતી હતી પણ વાસ્તવિકતા શું છે તેની કોઈને ખબર નહોતી.રોબર્ટ વાડરાની વાત તો દિગ્વિજય કરતાં પણ હાસ્યાસ્પદ છે. બિહારમાં સાત કરોડ મતદારો છે અને વાડરા તેમાંથી ગણીને સાત મતદારોને પણ નહીં મળ્યો હોય ને છતાં બિહારના મતદારોનો ઠેકેદાર બનીને બોલવા ઉતરી પડે તેનાથી વધારે હાસ્યાસ્પદ બીજું શું હોય? દિગ્વિજય તો રાજકારણી છે એટલે બિહાર કોંગ્રેસના પચાસ-સો કાર્યકરો સાથે વાત પણ કરી હશે.વાડરા તો દિલ્હીની બહાર નથી નિકળતો ને વાતો બિહારની પ્રજાને આ પરિણામો સ્વીકાર્ય નથી એવી કરી રહ્યા છે. ભલા માણસ, કંઈક તો માપ રાખો ? ને વાડરા ફરી ચૂંટણી કરાવવાની વાત તો શાકભાજી સારી ના આવી તો બજારમાંથી બીજી લઈ આવો એ રીતે કરી રહ્યા છે. ફેર ચૂંટણી કરાવવી કંઈ હલવો છે કે ઈચ્છા થઈ ત્યારે ફ્રીઝમાંથી કાઢીને ખાઈ લીધો?બિહારમાં ભાજપ-જેડીયુની જીત મહિલાઓના ખાતામાં સીધા ૧૦ હજાર રૂપિયા જમા કરાવ્યા તેને આભારી છે. ભાજપ-જેડીયુએ બરાબર ચૂંટણી પહેલાં એવો દાવ ખેલ્યો કે જેનો કોઈ પક્ષ પાસે તોડ નહોતો. આ દેશમાં સામાન્ય માણસે સો-બસો રૂપિયા કમાવવા માટે પણ ભારે સંઘર્ષ કરવો પડે છે ત્યારે ખાતામાં સીધા ૧૦ હજાર રૂપિયા આવે તો આખો પરિવાર એ રૂપિયા આપનારા પક્ષને જ મત આપવાનો કે બીજા કોઈને મત આપે? કૉંગ્રેસે આ વાતને સમજવાની જરૂર છે અને લોકોને કઈ રીતે સીધો ફાયદો કરાવી શકાય છે તેની વ્યૂહરચના બનાવવી જોઈએ. તેના બદલે કૉંગ્રેસીઓ પાણીમાથી પોરા કાઢીને હાર માટે બહાનાં શોધવામાંથી ઊંચા નથી આવતા. આ માનસિકતા ધરાવતી પાર્ટી કઈ રીતે ઊંચી આવે?

### જમ્મુ અને કાશ્મીરના પોલીસ વડા આ ધડાકાને અકસ્માતમાં ખપાવે છે

# નૌગામનો બ્લાસ્ટ, વિસ્ફોટકોને કાશ્મીર કેમ લઈ જવાયા?

- સેમ્પલિંગ વખતે વિસ્ફોટકો કઈ રીતે ફૂટી ગયાં એ અંગે તો પોલીસ વડા કોઈ સંતોષકારક ખુલાસો કરી શક્યા જ નથી પણ બીજી વાતો પણ ગોળ ગોળ કરી છે એ જોતાં આખો મામલો શંકાસ્પદ બની ગયો છે.

દિલ્હીમાં ૧૩ લોકોનો ભોગ લેનારા બૉમ્બ વિસ્ફોટને લગતી ઘણી બધી બાબતોના જવાબ હજુ મળી રહ્યા નથી ત્યાં જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટે નવું રહસ્ય ઊભું કર્યું છે.શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં ૧૪ નવેમ્બરના રોજ રાત્રે ૧૧:૨૨ વાગ્યે થયેલા વિસ્ફોટમાં ૯ લોકો માર્યા ગયાં હતાં અને ૩૨ લોકો ઘાયલ થયા હતા. માર્યા ગયેલા નવ લોકોમાં એક ઈન્સ્પેક્ટર, ફોરેન્સિક ટીમના ત્રણ સભ્યો, ક્રાઈમ બ્રાન્ચના બે ફોટોગ્રાફર, બે મહેસૂલ અધિકારીઓ અને એક દરજીનો સમાવેશ થાય છે.જમ્મુ અને કાશ્મીરના ડીજીપી એટલે કે નલિન પ્રભાતે દાવો કર્યો છે કે, બ્લાસ્ટ અકસ્માતે થયો હતો. દિલ્હીમાં બ્લાસ્ટના એક દિવસ પહેલાં ફરીદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં હતાં. આ વિસ્ફોટકો શ્રીનગર લવાયાં હતા અને તેમના સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટકો ફૂટ્યાં તેમાં ૯ લોકો ઉપર પહોંચી ગયા.કાશ્મીરના પોલીસ વડાએ બ્લાસ્ટ અંગે જે વાતો કરી એ એકદમ હમ્બગ છે અને તેમની વાતો પરથી લાગે છે કે, દાળમાં કંઈક કાળું છે. સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટ કઈ રીતે બ્લાસ્ટ થયો ત્યાંથી માંડીને હરિયાણાના ફરીદાબાદમાં પકડાયેલા વિસ્ફોટકો શ્રીનગર શું કરવા લવાયાં ત્યાં સુધીના મુદ્દે સત્તાવાર રીતે કરાયેલી ચોખવટો ગળે ઉતરે એવી જ નથી.સેમ્પલિંગ વખતે વિસ્ફોટકો કઈ રીતે ફૂટી ગયાં એ અંગે તો પોલીસ વડા કોઈ સંતોષકારક ખુલાસો કરી શક્યા જ નથી પણ બીજી વાતો પણ ગોળ ગોળ કરી છે એ જોતાં આખો મામલો શંકાસ્પદ બની ગયો છે. સૌથી મોટો સવાલ તો ફરીદાબાદમાં પકડાયેલા વિસ્ફોટકો શ્રીનગર શુ કરવા લવાયાં એ જ છે. ૯-૧૦ નવેમ્બરના રોજ દરોડા દરમિયાન ફરીદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં હતાં અને ૪ ડોક્ટર પણ પકડાયા હતા.પોલીસનું કહેવું છે કે, તમામ પ્રોટોકોલનું પાલન કરીને ટાટા ૪૦૭ વાહનમાં નાની બેગમાં આ વિસ્ફોટકોને કાશ્મીર લઈ જવામાં આવ્યા હતા કેમ કે ૧૯-૨૦ ઓક્ટોબરે નૌગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસની પ્રોપર્ટી સાથે ફરીદાબાદમાંથી જપ્ત કરાયેલા વિસ્ફોટકો જોડાયેલા હતા. આ કારણે તેમનાં સેમ્પલ લેવા માટે નૌગામ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.આ આખી વાત જ ગધેડાને તાવ આવી જાય એવી છે. સામાન્ય રીતે કોઈ પણ કેસમાં પકડાયેલા મુદ્દામાલને જ્યાંથી પકડાયો હોય ત્યાં જ રાખવામાં આવે છે. તેની સાથે સંકળાયેલા બીજા કેસોની તપાસ કરતા અધિકારી આવીને તપાસ કરે, ચકાસણી કરે એ શિરસ્તો છે. કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર (સીઆરપીસી)ની કલમ ૪૫૧ હેઠળ મુદ્દામાલને એક જગાએથી બીજી જગાએ ખસેડી શકાય છે પણ એ માટે કોર્ટની પરવાનગી જરૂરી છે. ફરીદાબાદનાં વિસ્ફોટકો ખસેડવા માટે એ મંજૂરી લેવાઈ હશે એવું માની લઈએ તો પણ સવાલ એ છે કે ખરેખર એવી જરૂર હતી ખરી ? બિલકુલ નહોતી. આતંકવાદગ્રસ્ત કાશ્મીરમાં વિસ્ફોટકો લઈ જવા જેવી મૂર્ખામી બીજી કોઈ ના કહેવાય.શ્રીનગરમાં કેસ નોંધાયો હતો તો શ્રીનગરના પોલીસ અધિકારી ફરીદાબાદ આવીને સેમ્પલ લઈ શક્યા હોત કે મુદ્દામાલની ચકાસણી કરી શક્યા હોત. ખાલી સેમ્પલ લેવા માટે સાડા આઠસો કિલોમીટર દૂર વિસ્ફોટકો મોકલવાની જરૂર શું હતી એ જ સમજાતું નથી. દિલ્હી ફરીદાબાદથી માંડ ૩૦ કિલોમીટર દૂર છે અને આ કેસ આતંકવાદનો છે એ જોતાં બધો મુદ્દામાલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને સોંપીને દિલ્હી ભેગો કરી દેવાયો હોય તો પણ હજુ સમજાય પણ વિસ્ફોટકોને શું કરવા કાશ્મીર મોકલાયાં એ સમજવું અઘરું છે. વાહન, ઢોર કે બીજો કોઈ મુદ્દામાલ હોય તેને ૪૦૭ મિનિ ટ્રકમાં મોકલાય એ સમજાય પણ વિસ્ફોટકો જેવો મોતનો સામાન શું કરવા કાશ્મીર મોકલાયો એ ખબર પડતી નથી તેથી આખો મામલો ભેદી લાગે છે.દિલ્હીમાં ૧૩ લોકોનો ભોગ લેનારા વિસ્ફોટકો ફરીબાદાબમાંથી પકડાયેલાં વિસ્ફોટકોના જથ્થાના જ હતા એવું કહેવાય છે. આ મોતનો સામાન આતંકવાદીઓ કે અસામાજિક તત્ત્વો પોલીસ સ્ટેશન પર ત્રાટકીને લૂંટી જાય એ ખતરો હોવા છતાં પોલીસ સ્ટેશનમાં કઈ રીતે રાખી શકાય એ પણ મુદ્દો છે. ટાટા ૪૦૭માં સાડા આઠસો કિલોમીટર દૂર લઈ જતી વખતે રસ્તામાં તેને લૂંટી લેવાનો કે ઉડાવી દેવાનો પ્રયત્ન થઈ શકે છતાં આ ખતરો કેમ ઉઠાવાયો એ સવાલનો જવાબ પણ મળતો નથી.

જમ્મુ અને કાશ્મીરના પોલીસ વડા આ ધડાકાને અકસ્માતમાં ખપાવે છે પણ નિષ્ણાતોનું કહેવું છે કે, આ રીતે સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટકો ફૂટી જ ના શકે. નિષ્ણાતોના મતે, એકલા એમોનિયમ નાઈટ્રેટથી કે બીજા કોઈ પણ તત્ત્વથી કદી વિસ્ફોટ ના થઈ શકે. આ રીતે વિસ્ફોટ થઈ શકતાં હોય તો પરમાણુ બોમ્બ બનાવવા માટે મોટાં મોટાં રીએક્ટર કે બીજી સવલતો ઊભી કરવાની જરૂર જ ના પડે. યુરેનિયમ કે પ્લુટોનિયમને એનરિચ કરી નાખો એટલે બોમ્બ તૈયાર થઈ જાય પણ એવું થતું નથી.સામાન્ય બૉમ્બને ફોડવા માટે પણ ડિટોનેટર અને ફ્યુઝ તો જોઈએ જ અને તેના વિના બ્લાસ્ટ ના થઈ શકે. હિંદી ફિલ્મોમાં માચીસ ફેંકીને બ્લાસ્ટ કરી દેવાય છે એવું વાસ્તવિક રીતે ના થઈ શકે. માચિસ કે બીજી રીતે આગ લાગવાથી વિસ્ફોટ શક્ય જ નથી. સામાન્ય આગ લાગવાથી બ્લાસ્ટ થઈ જતા હોય તો બોમ્બ બનાવનારા લોકોની જરૂર શું ? ગમે તે કોઈ બૉમ્બ બનાવી લે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદમાં ૩૫૮ કિલોગ્રામ વિસ્ફોટકો જપ્ત કર્યાં તેમાં ડેટોનેટર પણ હતા પણ એ વિસ્ફોટકો સાથે જોડાયેલાં નહોતાં તેથી વિસ્ફોટ ના થઈ શકે તો પછી નૌગામ પોલીસ સ્ટેશનમાં કઈ રીતે બ્લાસ્ટ થયો ?આ તો બે સૌથી મહત્ત્વના સવાલ છે પણ બીજા પણ ઘણા નાના નાના સવાલોના જવાબ છે જેના જવાબ મળતા નથી. નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં એક દરજીનું પણ મોત થયું છે. વિસ્ફોટકો જેવા સંવેદનશીલ વિષયની તપાસમાં દરજી શું કરતો હતો? ખબર નથી.નૌગામ પોલીસ સ્ટેશનનો બ્લાસ્ટ રહસ્યમય છે પણ આ રહસ્ય કદી બહાર નહીં આવે કેમ કે ભારતમાં લોકોના જીવની કોઈ કિંમત નથી. બ્લાસ્ટ થયો ને ૯ લોકો મરી ગયાં તો મરી ગયાં, તેના માટે જવાબદાર લોકો સામે પગલાં લેવાં કે કાર્યવાહી કરવાની આપણે ત્યાં પરંપરા જ નથી. દેશનાં લોકોને સલામત રાખવાની જવાબદારી સરકારની પણ છે અને સુરક્ષા એજન્સીઓની પણ છે પણ આ જવાબદારી ના નિભાવાય તો તેમનું કશું કોઈ ઉખાડી શકતું નથી.

### ભાજપ બહુમતીમાં આવી જતાં શિવરાજસિંહ ચૌહાણ પાછા ગાદી પર બેસી ગયા.

# એમપી ફોર્મ્યુલાથી વરસમાં નીતિશને ઘરભેગા કરી શકે

### પેટાચૂંટણીમાં ભાજપ રાજીનામાં આપનારા બધા ધારાસભ્યોને ટિકિટ આપીને ફરી લડાવે ને તેમાંથી ૧૬ પણ જીતી જાય તો ભાજપની બહુમતી થઈ

બિહારમાં અંતે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ મેલ કરવત મોચીના મોચી કરીને ફરી નીતીશ કુમારને મુખ્યમંત્રી બનાવવાનું નક્કી કરી નાખ્યું. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠક જીતીને સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો પછી એવી અટકળો ચાલેલી કે, ભાજપ આ વખતે નીતીશ કુમારના બદલે પોતાના મુખ્યમંત્રી બેસાડવાની મમતે ચડી શકે છે.એનડીએના સાથી પક્ષોમાં ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી ભાજપની પડખે હોવાથી ભાજપનું પલ્લું ભારે છે. આ કારણે ભાજપ નીતીશને હટી જવા દબાણ કરશે એવું લાગતું હતું પણ ભાજપે એવું કશું નહીં કરીને નીતીશની પસંદગી પર મત્તું મારી દીધું. જેડીયુએ નીતીશને વિધાનસભામાં નેતા ચૂંટ્યા એ પછી મળેલી એનડીએના ધારાસભ્યોની બેઠકમાં પણ મિનિટોમાં તો નીતીશ નેતા તરીકે ચૂંટાઈ આવ્યા તેના પરથી જ સ્પષ્ટ છે કે, ભાજપે પહેલેથી નીતીશ પર કળશ ઢોળવાનું નક્કી કરી નાખેલું.જપે મત્તું મારતાં ગુરુવારે સવારે નીતીશ કુમારની તાજપોશી થશે ને નીતીશ ૧૦મી વાર બિહારના મુખ્યમંત્રીપદના શપથ લેશે એ નક્કી થઈ ગયું છે. નીતીશની સાથે ભાજપના બે ધારાસભ્ય નાયબ મુખ્યમંત્રીપદના શપથ લેશે એ પણ નક્કી છે. ભાજપ સાથે જોડાણની શરૂઆતથી નીતીશ કુમાર ભાજપને નાયબ મુખ્યમંત્રીપદ આપે જ છે અને ૨૦૦૫માં નીતીશ પહેલી વાર ભાજપના ટેકાથી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ સિલસિલો ચાલે છે.૨૦૦૫થી ૨૦૧૩ સુધી સુશીલ કુમાર મોદી નાયબ મુખ્યમંત્રીપદે રહેલા. ૨૦૧૩માં નરેન્દ્ર મોદીને વડા પ્રધાનપદના ઉમેદવાર બનાવવાના ભાજપના નિર્ણયથી વંકાઈને નીતીશ લાલુપ્રસાદ યાદવના પડખામાં ભરાયા ત્યારે ભાજપ પાસેથી નાયબ મુખ્યમંત્રીપદ ગયેલું પણ ૨૦૧૭માં નીતીશ પાછા ભાજપના પડખામાં ભરાયા એટલે સુશીલ મોદી પાછા નાયબ મુખ્યમંત્રી બની ગયેલા.જો કે એ પછી ભાજપે બે વાર નાયબ મુખ્યમંત્રીઓ બદલ્યા છે. ૨૦૨૦માં જેડીયુને બહુ ઓછી બેઠક મળી હોવા છતાં ભાજપે નીતીશને મુખ્યમંત્રી બનાવેલા પણ સુશીલ મોદીને કોરાણે મૂકીને તારકિશોર પ્રસાદ અને રેણુદેવીને નાયબ મુખ્યમંત્રી બનાવેલાં. નીતીશ ૨૦૨૨માં પાછા આરજેડીના પડખામાં ભરાયા ત્યારે ભાજપ પાસેથી મુખ્યમંત્રીપદ ગયેલું. નીતીશ ૨૦૨૪ના જાન્યુઆરીમાં પાછા ભાજપમાં આવ્યા ત્યારે તારકિશોર પ્રસાદ અને રેણુદેવીને રિપીટ કરવાના બદલે ભાજપે નવી ગિલ્લી નવો દાવ કરીને સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહાને મુખ્યમંત્રી બનાવ્યા હતા.આ વખતે પણ ભાજપ એ સિલસિલો ચાલુ રાખીને સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહાને રવાના કરી દેશે એવું લાગતું હતું પણ ભાજપે બધાંને ખોટા પાડ્યા છે. ભાજપના ધારાસભ્યોએ સમ્રાટ ચૌધરીને નેતાપદે ચૂંટ્યા છે એટલે એક નાયબ મુખ્યમંત્રી તો સમ્રાટ ચૌધરી હશે એ નક્કી છે. ઉપનેતા તરીકે ચૂંટાયેલા વિજય કુમાર સિંહા ચૂંટાયા છે તેથી બીજા નાયબ મુખ્યમંત્રી સિંહા બને એવી પૂરી શક્યતા છે.સમ્રાટ અને સિંહાને ભાજપે જ્ઞાતિનાં સમીકરણો સાચવવા માટે નાયબ મુખ્યમંત્રી બનાવેલા ને એ સમીકરણોને સાચવવા તેમને ફરી રિપીટ કરાય એવી પૂરી શક્યતા છે. ભાજપમાંથી સમ્રાટ અને સિંહાની જોડી રીપીટ થશે તો બિહારમાં ફરી નીતીશ, સમ્રાટ અને સિંહાની ત્રિપુટી આવી જશે.નીતીશ ફરી મુખ્યમંત્રી બનતાં બિહારમાં હાલ પૂરતું ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે પણ ભાજપ આ સ્થિતિ લાંબો સમય નહીં રાખે એવી અટકળો ચાલી રહી છે. રાજકીય વિશ્ર્લેષકોના મતે, ભાજપ નીતીશને એકાદ વર્ષ પૂરતા મુખ્યમંત્રીપદે રાખશે ને પછી મહારાષ્ટ્રની ફોર્મ્યુલા અપનાવીને જેડીયુમાં ભંગાણ પડાવીને નીતિશને રવાના કરી દેશે. ભાજપ ખરેખર એવું વિચારે છે કે નહીં એ ખબર નથી પણ મહારાષ્ટ્રમાં શિવસેનામાં પડાવ્યું એ રીતે બિહારમાં જેડીયુમાં ભંગાણ પડાવવાનું કામ સરળ નથી અને ભાજપ પાસે કારણ પણ નથી.મહારાષ્ટ્રમાં ભાજપે શિવસેનામાં ભંગાણ પડાવ્યું કેમ કે ભાજપ સત્તામાં નહોતો. મહારાષ્ટ્રમાં શિવસેના પાસે ૬૧ ધારાસભ્યો હતા ને ભાજપે તેમાંથી ૪૧ ધારાસભ્યોને તોડીને એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવાની લાલચ આપીને શિવસેનામાં ભંગાણ પડાવેલું. બિહારમાં નીતીશ પાસે ૮૫ ધારાસભ્યો છે તેથી ભાજપે જેડીયુમાં ભંગાણ પાડવું હોય તો ૫૭ ધારાસભ્યોને તોડવા પડે. બંધારણીય જોગવાઈ પ્રમાણે કોઈ પક્ષના બે તૃતિયાંશ ધારાસભ્યો એક સાથે જાય તો પક્ષપલટાનો ધારો ના લાગુ પડે. હવે આટલા ધારાસભ્યો તોડવા એ નાનીમાના ખેલ નથી.બીજું એ કે, બિહારમાં ભાજપ સત્તામાં છે ને નીતીશ તેમના માટે કોઈ મુશ્કેલી ઊભી કરી રહ્યા નથી. કેન્દ્રમાં પણ નીતીશના ટેકાથી ભાજપ સરકાર ચલાવે છે તેથી નીતીશને નારાજ કરીને ભાજપ જાતે પેટ ચોળીને શૂળ ઊભું કરે એ વાતમાં માલ નથી. માનો કે ભાજપ જેડીયુમાં ભંગાણ પડાવે તો પણ તેને મુખ્યમંત્રીપદ ના મળે કેમ કે બાગી નેતા જ ગાદી પર બેસવા માગે ને ભાજપે નાયબ મુખ્યમંત્રીપદથી સંતોષ માનવો પડે જે અત્યારે ભાજપ પાસે છે જ. હવે ભાજપ નાયબ મુખ્યમંત્રીપદ માટે આટલા બધા ઉધામા ના જ કરે એ દીવા જેવી ચોખ્ખી વાત છે.અલબત્ત ભાજપ સત્તામાં ભાગીદાર છે એટલે નીતીશ કુમાર સલામત છે એવા ભ્રમમાં રહેવાની જરૂર પણ નથી કેમ કે ભાજપને સત્તાનો સણકો ઉપડે તો મધ્ય પ્રદેશ ફોર્મ્યુલા અપનાવીને નીતીશને ઘરભેગા કરી નાખે એવું પણ બને. મધ્ય પ્રદેશમાં ૨૦૧૮માં કૉંગ્રેસના કમલનાથ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની પાસે કટોકટ બહુમતી હતી જ્યારે ભાજપને બહુમતી માટે ૧૫ જેટલા ધારાસભ્યો ઘટતા હતા.ભાજપે જ્યોતિરાદિત્ય સિંધિયાને સાધીને વીસેક ધારાસભ્યો પાસે બગાવત કરાવી દીધી ને તેમની પાસે રાજીનામાં અપાવી દીધાં તેમાં કમલનાથની સરકાર લઘુમતીમાં આવી ગઈ ને ભાજપ બહુમતીમાં આવી જતાં શિવરાજસિંહ ચૌહાણ પાછા ગાદી પર બેસી ગયા. પેટાચૂંટણીમાં ભાજપે રાજીનામાં પડેલાં તેમાંથી મોટા ભાગની બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી લીધી.બિહારમાં મધ્ય પ્રદેશ જેવી જ સ્થિતિ છે. એનડીએમાં અત્યારે જેડીયુના ૮૫ ધારાસભ્યો છે જ્યારે ભાજપના ૮૯, ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના ૧૯, જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (હમ)ના પાંચ અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોકશાહી મોરચાના ચાર મળીને કુલ ૧૦૭ ધારાસભ્યો જેડીયુ સિવાયની પાર્ટીના છે.ભાજપ જેડીયુના ૩૦ ધારાસભ્યો પાસે રાજીનામાં અપાવે તો વિધાનસભાની સભ્યસંખ્યા ઘટીને ૨૧૩ થાય ને બહુમતી માટે ૧૦૭ ધારાસભ્યોનો ટેકો જોઈએ.

# મનડાં મોહી, બોક્સઓફિસ લૂંટ્યું!:'લાલો..'

## ગુજરાતી સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની; 'ગુજરાતીઓએ બે મહિનામાં ગુજરાતી મૂવી પાછળ ૭૦ કરોડ ખર્ચ્યાં'




ગુજરાતી સિનેમા અને 'લાલો- શ્રીકૃષ્ણ સદા સહાયતે' ફિલ્મ માટે આ વાક્ય એકદમ બંધ બેસે છે, એક એવી ફિલ્મ, જેને રિલીઝ વખતે સ્ક્રીનિંગ નહોતું મળી રહ્યું, આજે સિનેમાઘરોમાં ઢગલાબંધ સ્ક્રીનિંગ હોવા છતાં ટિકિટ નથી મળતી. માત્ર એટલું જ નહિ, જોતજોતાંમાં ગુજરાતી ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે અને તમામ સ્ક્રીનિંગ અને એક દિવસીય કમાણીના રેકોર્ડ તોડી બહોળી સફળતા મેળવી લીધી છે.

ત્રણ અઠવાડિયાં સુધી બોક્સ ઓફિસ પર સંઘર્ષ કર્યા બાદ ચોથા અઠવાડિયાની કમાણી જોઈ એવું જ માની શકાય કે ભગવાન શ્રીકૃષ્ણના જાણે હજારો હાથે આશીર્વાદ વરસાવ્યા હોય. હાલ છઠ્ઠું અઠવાડિયું ચાલી રહ્યું છે અને અત્યારસુધીમાં ફિલ્મે નેટ ?૫૨.૭૪ કરોડ અને ગ્રોસ ?૬૨.૭૪ની કમાણી કરી છે. 'લાલો' વિક્રમજનક કમાણી સાથે ગુજરાતી સિનેમાની અત્યારસુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની છે. આ ફિલ્મે કમાણીના અત્યારસુધીના તમામ રેકોર્ડ્સ ધ્વસ્ત કરી નાખ્યા છે. અત્યારસુધી આ તાજ 'ચાલ જીવી લઈ એ' (૨૦૧૯) પાસે હતો. આ ફિલ્મની ગ્રોસ કમાણી ?૫૦ કરોડની હતી.

ફિલ્મની ઐતિહાસિક કમાણી બાદ દિવ્ય ભાસ્કરે 'લાલોપ' ફિલ્મના પ્રોડ્યુસર પાર્થિવ ગોહિલ અને ડિરેક્ટર અંકિત સખિયા સાથે વાતચીત કરી. તેમણે ખુશી વ્યક્ત કરતાં ફિલ્મના આંકડા અને વર્લ્ડવાઈડ સ્ક્રીનિંગની માહિતી શેર કરી.

ઉપરાંત બોક્સઓફિસ ક્લેક્શનનું ગણિત તેમજ ગુજરાતી સિનેમાના આવા ક્રેઝની વિશેષ જાણકારી મેળવવા માટે સિનેમા ઈન્ડસ્ટ્રીના અવ્વલ ડિરેક્ટર અભિષેક જૈન, વિજયગિરિ બાવા તથા પ્રોફેસર કાર્તિકેય ભટ્ટ સાથે પણ ખાસ વાતચીત કરી. "લોકોનો જે રીતે પ્રતિસાદ મળે છે એ જોતાં લાગે છે પ્રભુનો સાક્ષાત્કાર થઈ ગયો. કમાણીના આંકડાઓ કરતાં અમારા માટે આ મહત્ત્વનું છે. આ ફિલ્મ ૨૫ કરતાં વધારે દેશોમાં રિલીઝ થઈ તેમજ ફિલ્મ ૧૦ લાખ કરતાં વધુ ભારતની બહાર રહેનારાઓ જોશે એવું કદાચ પ્રથમવાર છે." "આ ખુશી માત્ર અમારી જ નથી, આખી ઈન્ડસ્ટ્રીની છે. ભારતના બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતી ઈન્ડસ્ટ્રી ફાસ્ટેસ ગ્રોઈંગ છે, એમાં આ ફિલ્મ એને વધારે વળાંક આપ્યો, હવે અહીં બહુ બધા લોકોને રોજગાર મળશે, સંઘર્ષ કરવા મુંબઈના ધક્કા નહીં ખાવા પડે અને પોતાના ઘર આંગણે જ સારી ફિલ્મોમાં કામ કરી શકશે." "ફિલ્મની આખી ટીમને આ સફળતા બદલ ખૂબ ખૂબ શુભેચ્છા. તમે જોશો કે દિવાળી પહેલાં ફિલ્મ જ્યારે રિલીઝ થઈ ત્યારે એટલી નહોતી ચાલી. ત્યારે પણ 'લાલો...'ની ટીમે હતાશ થયા વગર મહેનત કરી અને લોકો સુધી પહોંચ્યા ને જોવા માટે સતત આગ્રહ કર્યો તો આટલું બધું આપણે ત્યાં કોઈ કરતું નથી. જો અઠવાડિયું ફિલ્મ ન ચાલે તો એક્ટર નિરાશ થઈ બીજા કામે વળગી જાય છે, પણ આ લોકો પાછળ પડી ગયા. કદાચ એટલે તેમનો વિશ્વાસ આજે લોકોનાં દિલ સુધી પહોંચ્યો છે."બીજી વાત એ પણ છે કે- 'કેવી રીતે જઈશ' ૨૦૧૨માં રિલીઝ થઈ ત્યારે અમે ફિલ્મ બનાવીને મૂકી દીધી હતી, પછી પબ્લિકનું 'વર્ડ ઓફ માઉથ' હતું, જે કામ કરી ગયું અને આટલી મોટી ફિલ્મ બનાવી દીધી. અહીં પણ કંઈક આવું જ થયું છે.""વર્ષ ૨૦૨૧માં મેં અન્હામાં ગુજરાતી ઈન્ડસ્ટ્રી વિશે વાત કરતાં એવું કહ્યું હતું કે ૨૦૨૫ સુધીમાં ગુજરાતી ફિલ્મો ૧૦૦ કરોડ સુધી પહોંચશે. અગાઉ ગુજરાતી સિનેમા માટે એવું કહેવાતું કે ફિલ્મમેકર્સને માર્કેટિંગ કરતા નથી આવડતું પણ 'લાલો...'એ સાબિત કરી દીધું કે 'વર્ડ ઓફ માઉથ'થી મોટું માર્કેટિંગ બીજું કોઈ હોઈ ન શકે. ૧ કરોડની આસપાસમાં બનેલી સ્મોલ બજેટ ફિલ્મે ૫૨ કરોડની કમાણી કરી એ ગર્વની વાત છે. ફિલ્મનું સ્ટ્રોંગ પાસું રહ્યું- ઈમોશન. અહીં લોકો ઈમોશનલી જોડાયા. આ ફિલ્મ ગુજરાતી સિનેમાની મશાલ છે.""ગુજરાતી ઈન્ડસ્ટ્રી માટે આ ગૌરવની ક્ષણ છે. પહેલાં માત્ર એકાદ-બે ફિલ્મ ચાલતી, પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી વર્ષમાં ઘણી બધી ફિલ્મો ચાલે છે. આ જ કારણે આખી ઈન્ડસ્ટ્રીને નવી દિશા મળી રહી છે. તમે જુઓ 'છેલ્લો દિવસ', 'ગુજ્જુભાઈ', 'હેલ્લારો', 'શું થયું', 'ઝમકુડી' અને હવે 'લાલો...' એ સ્પષ્ટ કરે છે કે હવે ફિલ્મો સુપરહિટ જાય છે."







# અભિવ્યક્તિમાં પ્રસ્તુતિઓને દર્શકોએ ભાષાના બંધનો તોડીને માણી

અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની સાતમી આવૃત્તિમાં પ્રસ્તુતિઓમાં ઘણી વિવિધતા જોવા મળે છે, કલામાં કોઈ બંધન હોતું નથી, મોટાભાગની પ્રસ્તુતિ વિવિધ ભાષાઓ અને સંદર્ભો સાથે આવે છે, જેને દરેક પ્રત્યેક વર્ગના દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જેમકે, ધ હાર્મોનિયમ બેન્ડ જેવી પ્રસ્તુતિમાં વિવિધ ભાષાઓમાં ગીતો હતાં, તેમ છતાં દર્શકો તેને માણવા ઉત્સાહિત જોવા મળ્યાં હતાં.અમદાવાદના અક્ષય દવેએ વિજ્ઞાન-કથા આધારીત 'રસાંત' નામની નાટ્ય પ્રસ્તુતિ રજુ કરી હતી. જ્યારે મુંબઈની અભિનેતા-ગાયક જોડી શ્રીધર નાગરાજ અને પીલૂ વિદ્યાર્થીની પ્રતિધ્વની ગાયક મંડળી દ્વારા 'કોરલ કવિતા' નામની પ્રસ્તુતિ રજુ કરવામાં આવી હતી. તો અમદાવાદના કલાકાર વૈશાખ રાઠોડ દ્વારા ક્લાસિક કોમેડી નાટક 'આ તો પ્રેમ નો જાદુ છે'ના માધ્યમથી શેક્સપિયરની સૌરાષ્ટ્રના એક કસ્બામાં નવેસરથી કલ્પના કરવામાં આવી. તો વારાણસીનાં નૃત્યાંગના અને કોરિયોગ્રાફર સ્વાતિ આત્મનનાથન અને તેમની ટીમ બંદિશ આર્ટ્સે 'વારાન - અસી - વર્ણન - અ હિમ શ્રૂ ગંગા' ના માધ્યમથી શાનદાર ભજન રજુ કર્યું હતું. મુંબઈના નિકિતા બાનાવલીકર અને કોલકાતાના નીલવ સેન દ્વારા કથક અને ભરતનાટ્યમ જુગલબંદી'બિચિત્ર - અ ટેલ ઓફ અ ફ્લાવર' રજુ કરવામાં આવી હતી. અભિવ્યક્તિની સાતમી આવૃત્તિ ૧૪ થી ૩૦ નવેમ્બર- ૨૦૨૫ દરમિયાન યોજાઈ રહ્યું છે, તેમાં પ્રવેશ તદ્દન નિઃશુલ્ક છે, જે માટે વધુ માહિતી https://register.abhivyaktiart.rog/ પર મેળવી શકો છો.

# રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'નું અધધધ ૧૩૦૦ કરોડનું બજેટ




એસ એસ રાજામૌલીએ તેમની ફિલ્મ 'વારાણસી' લોંચ કરતાંની સાથે જ ગ્લોબલ ઓડિયન્સમાં ધમાલ મચાવી દીધી છે. મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વી સુકુમારનની આ ફિલ્મની ચોતરફ ચર્ચા ચાલી રહી છે, તેની એક ઝલકથી જ દર્શકો પ્રભાવિત થઈ ગયાં છે. ત્યારે હવે તેના બજેટ વિશે ચર્ચા શરૂ થઈ છે.

ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્ર દ્વાર મળતી માહિતી અનુસાર 'વારાણસી' ઐતિહાસિક ૧૩૦૦ કરોડના બજેટ સાથે બની રહેલી ફિલ્મ છે, તેમાં પણ પ્રિન્ટ અને પબ્લિસિટી તો બાકાત જ છે. સુત્રના જણાવ્યા અનુસાર, "એસએસ રાજામૌલીની દૃષ્ટિ મુદબની મહાકાય ફિલ્મને પુરી કરવા માટે ૧૩૦૦ કરોડનું બજેટ તો ઘણું મામુલી કહેવાય. એ૬ પ્રકારની અને રામાયણ પ્રકારની ફિલ્મનું બજેટ ૧૫૦૦ કરોડથી ૨૦૦૦ કરોડ સુધીનું હોય છે. ત્યારે રાજામૌલી આ બે ફિલ્મથી પણ મોટી ફિલ્મ તેમનાથી ઘણા ઓછા બજેટમાં બનાવી રહ્યા છે. "રાજામૌલીએ વિવિધ સિક્વન્સ માટે ઘણી બારીકી સાથે કામ કર્યું છે અને ઘણા આયોજન સાથે એનું શૂટિંગ કરી રહ્યા છે. સુત્રએ આ અંગે જણાવ્યું, "રાજમૌલી ભારતના સૌથી વધુ આયોજન સાથે કામ કરતા ડિરેક્ટર છે. તેમણે દરેક ક્ષણ કાગળ પર ડિઝાઈન કરી છે અને એ મુજબ જ તેઓ કામ કરી રહ્યા છે. તેઓ સેટ પર જઈને સમય અને પૈસા વેળફવામાં માનતા નથી. તેમણે પહેલાં ઘણી તૈયારી કરી પછી શૂટિંગ શરૂ કર્યું છે, તેનાથી તેઓ પ્રોડ્યુસરના પૈસા બચાવી શકે છે. છતાં ભારતમાં બનેલી અત્યાર સુધીની આ સૌથી મોટી ફિલ્મ હશે."સુત્રએ એમ પણ કહ્યું કે રાજામૌલીની ગ્લોબટ્રોટર ઈવેન્ટ પણ ભારતમાં કોઈ ફિલ્મ માટે યોજાયેલી સૌથી મોટી ઈવેન્ટ હતી. રાજામૌલી અને તેમની ટીમે આ ઈવેન્ટમાં જ ૨૦ કરોડનો ખર્ચ કર્યો છે. આ ફિલ્મ આસપાસનું બધું જ મોટું અને વિશાળ જ હશે, આ માત્ર શરૂઆત છે. ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થશે.




# રણવીરની 'ધુરંધર'ની ફ્રેન્ચાઈઝી બનશે, 'ધુરંધર ૨' ૨૦૨૬માં રિલીઝ થશે

રણવીરની ધુરંધરનું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે અને હવે તેની સાથે જ એવા પણ અહેવાલો છે કે આ માત્ર એક ફિલ્મ નહી પણ એક ફ્રેન્ચાઈઝી બનશે. 'ધુરંધર' આ ફ્રેન્ચાઈઝીની શરૂઆત છે. મેકર્સ આ ફિલ્મને બે ભાગમાં બનાવવા માગે છે, પહેલો ભાગ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ થિએટરમાં રિલીઝ થઈ રહી છે. જ્યારે ધુરંધર ૨ ૨૦૨૬ના ઉનાળામાં વેકેશન દરમિયાન રિલીઝ થવાની શક્યતા છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, આ ફિલ્મને બે ભાગમાં રિલીઝ કરવી એ એક સહજ નિર્ણય હતો. સુત્રએ જણાવ્યું, "આ એક મહત્વાકાંક્ષી વાર્તા છે અને મોટા પાયા પર ફિલ્મ બનાવવામાં આવી છે. તેથી જો એને બે ભાગમાં બનાવાય તો જ તેની વાર્તા યોગ્ય રીતે કહી શકાશે. ધુરંધરની દુનિયા અલગ છે, જ્યાં પહેલો ભાગ પુરો થાય છે, ત્યાં ઓડિયન્સ બીજા ભાગની આતુરતાથી રાહ જોશે."

પહેલો ભાગ બની ચુક્યો છે અને લગભગ ૩ કલાકની ફિલ્મ છે, બીજા ભાગ પર સક્રિયપણે કામ ચાલુ છે, જે અત્યારે પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે.


સુત્રએ આગળ જણાવ્યું, "આ એક મોટા બજેટની ફિલ્મ છે, તેથી તેના પ્રોડક્શનમાં ઘણું ધ્યાન આપવામાં આવ્યું છે. તેથી ફિલ્મને બે ભાગમાં વહેંચીને વાર્તા તો સારી રીતે કહી જ શકાશે પરંતુ તે આર્થિક રીતે પણ વધુ યોગ્ય નિર્ણય ગણાશે."મંગળવારે બપોરે ફિલ્મનું ટ્રેલર મુંબઈમાં એક ઈવેન્ટમાં લોંચ કરવામાં આવ્યું. તેમાં રણવીર સિંહનો 'ગોડ ઓફ વ્રેથ' અવતાર ફેન્સને ઘણો પસંદ પડ્યો છે. લોકેને આ જોઈને ખીલજી યાદ આવી ગયો છે. ફિલ્મનું ટ્રેલર મહત્વના કલાકારોની એન્ટ્રી સાથે શરૂ થાય છે. અર્જૂન રામપાલ મેજર ઈકબાલ ઉર્ફે 'એન્જલ ઓફ ડેથ' તરીકે એક ભારતીય વ્યક્તિને ક્રુરતાપૂર્વક ત્રાસ આપતો દેખાય છે, તે ભારતને હજારો ઈજાઓથી રક્તરંજિત કરવા માગે છે. ત્યાર પછી ભારતીય સ્પાયમાસ્ટર સન્યાલ તરીકે આર માધવનની એન્ટ્રી થાય છે, જેનો રોલ અજિત ડોવાલથી પ્રેરિત છે. તે કહે છે કે પાકિસ્તાનના મૂળમાંથી આતંકવાદ નાબૂદ કરવો એ જ એક રસ્તો છે. સમગ્ર ટ્રેલરમાં અનેક લોકો ઘાયલ, બળતા, કપાતા દેખાય છે, તેમાં અક્ષય ખન્ના એક કૂલ આગેવાન રહેમાન ડકૈતના રોલમાં જોવા મળે છે. અંતે સંજય દત્ત આ શૈતાનોની ગેંગના સભ્ય એસ પી. ચૌધરી અસ્લમ તરીકે જોવા મળે છે, જે પણ ખૂન ખરાબા કરતો જોવા મળે છે. આ બધા પછી રણવીર સિંહની એન્ટ્રી થાય છે. જે આ બધા જ ફફડાઓને પોતાના બોંમ્બથી શાંત કરવા આવે છે. પછી અંધાધૂંધ ગોળીબાર કરતો રણવીર સિંહ દેખાય છે. વચ્ચે સારા અર્જૂન અને રણવીરનો રોમાન્સ પણ જોવા મળે છે. આ ફિલ્મ ૫ ડિસેમ્બરે થિએટરમાં રિલીઝ થશે.

# મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં ૫ વર્ષમાં ઉમેરાશે ૭ નવી ફિલ્મ

## આ સાત ફિલ્મની વાર્તાઓ એકબીજા સાથે જોડી દેવામાં આવશે

મેડોક ફિલ્મ્સ દ્વારા આવનારા પાંચ વર્ષના પ્લાનની જાહેરાત કરી દેવી છે. ભારતીય સિનેમાનું સૌથી સફળ હોરર કોમેડી યુનિવર્સ ખડું કરનાર પ્રોડ્યુસર દિનેશ વિજાન હવે આ ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાનું આયોજન કરી રહ્યા છે. તેમની આગામી ફિલ્મ પહેલાની ફિલ્મ કરતા પણ મોટા પાયે તૈયાર કરવામાં આવશે. 'સ્ત્રી', 'ભેડિયા', 'મુંજ્યા', 'સ્ત્રી ૨' અને ૨૦૨૫માં 'થામા' જેવી સફળ ફિલ્મ આપ્યા પછી મેકર્સ પોતાના હોરર કોમેડી યુનિવર્સને વધુ મજબુત બનાવવા જઈ રહ્યા છે. જેમાં નવી વાર્તાઓ હશે, તેમાંથી કેટલીક લોકવાર્તાઓ પરથી પ્રેરિત વાર્તાઓ પણ હશે, જેથી ઓડિયન્સને વધુ મજા આવશે.

૨૦૧૮માં 'સ્ત્રી' સાથે શરૂ થયેલું આ યુનિવર્સ આજે સૌથી લોકપ્રિય યુનિવર્સ આજે ઘણું મોટું થઈ ગયું છે, તેમાં ઘણા પાત્રો અને કહાણીઓ ઉમેરાયા છે. તેથી આવનારા પાંચ વર્ષ સુધી ઓડિયન્સ તેની સાથે જોડાઈ રહે તે રીતે મેડોક દ્વારા નવા પ્લાન બનાવાયો છે. તાજેતરમાં એક એવોર્ડ સેરેમનીમાં મેડોકના દિનેશ વિજાને જાહેરાત કરી હતી કે તેમનો ઘણો મહત્વાકાંક્ષી અને લાંબા ગાળાનો પ્લાન છે. તેમણે જાહેર કર્યું કે સ્ટુડિયો આવનારા પાંચ વર્ષ સુધીમાં સાત હોરર કોમેડી ફિલ્મ બનાવશે, જેનાથી તેઓ ફ્રેન્ચાઈઝીને વધુ આગળ વધારશે. આ ઈવેન્ટમાં દિનેશ વિજાને કહ્યું કે, પ્રેક્ષકોને રસ પડે એવું યુનિવર્સ ત્યારે જ વિકસે જ્યારે તે વધુ પડતું વિસ્તૃત ન હોય. "આદર્ષ સ્થિતિમાં તો થોડાં વર્ષમાં ત્રણ ચાર ફિલ્મ આવવી જોઈએ." તેમણે કહ્યું કે મેડોક ઈન્ડસ્ટ્રીના ટૂંકા ગાળાના ટ્રેન્ડમાં પડીને તેમાં જોડાઈ જવાને બદલે લોકોને ગમે એવી ફ્રેન્ચાઈઝીને મજબુત બનાવવામાં માને છે. છેલ્લા થોડા સયમમાં મોટા સ્ટાર્સ સાથેની ફિલ્મોએ પણ બોક્સ ઓફિસ પર મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો છે, પરંતુ મેડોકની ફિલ્મ સતત સાતત્યપૂર્ણ રીતે સારી ચાલી છે, કારણ કે આ ફિલ્મોના મૂળ લોકવાયકાઓમાં રહેલા છે, પછી એ કોમેડી હોય કે લોકકથા પ્રેરિત થ્રિલર, તેઓ




એવી વાર્તાઓ શોધી જ લે છે, જેની સાથે ઓડિયન્સ પોતાને જોડી શકે છે. આ વાર્તાઓ માટે દિનેશ વિજાને તેમની ધીરજથી વાર્તાઓ શોધવાની બાબતને શ્રેય આપ્યો હતો. તેમણે જણાવ્યું, "નીડર, અનોખી વાર્તાઓ" ઈન્ડસ્ટ્રીની બીબાંઢાળ ફિલ્મ કરતાં ભારતનાં સાંસ્કૃતિક ઊંડાણ સાથેની એકને એક પ્રકારની વાર્તાઓ કરતાં વધુ સફળ થાય છે.

સાથે દિનેશ વિજાને એમ પણ કહ્યું કે આજે એક ફિલ્મનો હરીફ બીજું પ્રોડક્શન હાઉસ નથી પણ સ્માર્ટફોન છે. લોકોની ધીરજ ખુટી રહી છે અને તેઓ મનોરંજન માટે ટૂંકી વીડિયો જોતાં થયાં છે, તેમને તરત મનોરજંન જોઈએ છે, તેથી મેડોક પ્લેટફર્મ ન્યુટ્રલ અભિગમ સાથે આગળ વધી રહ્યુ છે, એવી ફિલ્મ બનાવીએ છીએ જે થિએટર, ઓટીટી પ્લેટફર્મ અને મોબાઈલ પર પણ જોવાની મજા આવે. સાથે જ તેમણે એઆઈને પણ આજે સૌથી મોટી વિક્ષેપ ખડા કરનારી બાબત ગણાવી છે. તેમણે જણાવ્યું કે આવનારા ૧૮ થી ૨૪ મહિનામાં ફોટો રીયલ વિઝ્યુઅલ્સ અને વ્યાજબી ખર્ચે મળતા વીએફએક્સ ફિલ્મમેકિંગની પ્રક્રિયાને નવો આકાર આપશે. આ સાધનો ફિલ્મ મેકરને લોકોના અટેન્શન સ્પેન સામે યુદ્ધ જીતી શકે એવી વાર્તાઓ બનાવવામાં મદદ કરશે.

મેડોકની આવનારી ફિલ્મમાં ટૂંક સમયમાં શ્રી રામ રાઘવનની ઈક્કિસ આવશે, જે અરુણ ખેતરપાલના જીવન પર આધારીત ફિલ્મ છે. વિજાને આ ફિલ્મને તેમની સૌથી વધુ ભાવનાત્મક ફિલ્મ ગણાવી છે. જ્યારે મેડોકના હોરર કોમેડી યુનિવર્સની આવનારી ફિલ્મ અંગે દિનેશ વિજાને કહ્યું કે હવે 'શક્તિ શાલિની', 'ભેડિયા ૨', 'ચામુંડા', 'મહા મુંજ્યા', 'પહેલા મહાયુદ્ધ' અને 'દુસરા મહાયુદ્ધ' સહિતની સાત ફિલ્મ પર કામ ચાલુ છે.

# શુભમન ગિલ બીજી ટેસ્ટમાંથી બહાર

## મેડિકલ ટીમે અનફિટ જાહેર કર્યો, ગળામાં દુખાવાને લીધે પહેલી મેચ અધવચ્ચે જ છોડી હતી



ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલ ગુવાહાટીમાં દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેની ગેરહાજરીમાં રિષભ પંત ટીમનું નેતૃત્વ કરશે. કોલકાતામાં પહેલી ટેસ્ટ હારી ચૂકેલા ભારત માટે આ નિર્ણયને મોટું નુકસાન માનવામાં આવે છે.

૧૫ નવેમ્બરના રોજ કોલકાતા ટેસ્ટના બીજા દિવસે ગિલને ગળામાં દુખાવો થયો હતો. દિવસની રમત પછી તેને તપાસ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. એક દિવસ નિરીક્ષણ પછી ૧૬ નવેમ્બરના રોજ તેને રજા આપવામાં આવી હતી.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એ બુધવારે એક સ્વાસ્થ્ય અપડેટમાં જણાવ્યું હતું કે શુભમન ગિલ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે. તે ૧૯ નવેમ્બરે ટીમ સાથે ગુવાહાટી જશે અને મેડિકલ ટીમ તેની સ્થિતિનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખશે. બીજી ટેસ્ટ માટે તેની ઉપલબ્ધતા અંગે અંતિમ નિર્ણય પછીથી લેવામાં આવશે.શનિવારે કોલકાતા ટેસ્ટના પ્રથમ દાવમાં વોશિંગ્ટન સુંદરના આઉટ થયા પછી ગિલ બેટિંગમાં આવ્યો. સિમોન હાર્મરના પહેલા બે બોલમાં તેણે કોઈ રન બનાવ્યો નહીં. ત્યારબાદ તેણે ત્રીજા બોલમાં ફોર ફટકારીને પોતાનું ખાતું ખોલ્યું, પરંતુ સ્વીપ કરવાનો પ્રયાસ કરતી વખતે તેને ગરદનમાં ઈજા થઈ.

ત્યારબાદ ફિઝિયો આવ્યા, અને ગિલ તેની સાથે મેદાનની બહાર ગયો. ભારતીય ઈનિંગ્સમાં તે ફક્ત ચાર રન બનાવી શક્યો. તેને સ્કેન માટે સ્ટેડિયમથી ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. પ્રક્રિયા દરમિયાન તે ગળામાં બ્રેસ પહેરેલો જોવા મળ્યો. એડન છોડતી વખતે તેની સાથે ટીમના ડૉક્ટર અને સંપર્ક અધિકારી પણ હતા.

# ભારતીય આર્ચર્સ ઢાકામાં ૧૦ કલાક સુધી ફસાયા

## હિંસા વચ્ચે સુરક્ષા વગર લોકલ બસમાં બેસાડી રાખ્યા; ખૂબ જ ખરાબ જગ્યાએ ઉતારો આપ્યો



સોમવારે રાત્રે બે સગીરો સહિત ભારતીય તીરંદાજી ટીમના ૧૧ સભ્યો લગભગ ૧૦ કલાક સુધી ઢાકામાં ફસાયેલા રહ્યા. ઢાકાથી પાછા ફરતી તેમની ફ્લાઈટ વારંવાર મોડી પડી. હિંસાગ્રસ્ત બાંગ્લાદેશની રાજધાનીમાં તેમને બિન-એસ્કોર્ટ લોકલ બસમાં ચઢવાની ફરજ પડી. બાદમાં તેમને એક ખરાબ હોટલમાં રહેવું પડ્યું.

અભિષેક વર્માએ PTIને જણાવ્યું કે ઢાકાથી પરત ફરતી તેમની ફ્લાઈટ વારંવાર મોડી પડી રહી હતી. તેમણે જે એરલાઈનથી ટિકિટ બુક કરાવી હતી તેમાંથી તેમને બહુ ઓછી મદદ મળી. તેમણે આગળ સમજાવ્યું, "અમે જે ધર્મશાળામાં રહેતા હતા, જે એક ગેસ્ટહાઉસ હોવાનું માનવામાં આવતું હતું, તે ખૂબ જ ખરાબ હાલતમાં હતી. તેમાં છ બેડવાળો એક ઓરડો અને ફક્ત એક જ શૌચાલય હતું, જે અત્યંત ગંદુ હતું. મને નથી લાગતું કે કોઈ તેમાં સ્નાન કરી શકે."

ભારતીય ટુકડી, જેમાં સિનિયર એથ્લેટ્સ અભિષેક વર્મા, જ્યોતિ સુરેખા અને ઓલિમ્પિયન ધીરજ બોમ્મદેવરાનો સમાવેશ થાય છે, શનિવારે રાત્રે ૯:૩૦ વાગ્યે દિલ્હી જવા માટે ઢાકા એરપોર્ટ પર પહોંચ્યા, પરંતુ વિમાનમાં ચઢ્યા પછી, તેમને કહેવામાં આવ્યું કે વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ છે અને તે ઉડાન ભરી શકશે નહી.

# ગુરપ્રિતને સેન્ટર ફાયર પિસ્તોલમાં સિલ્વર, ભારત ત્રીજા સ્થાને



ઓલિમ્પિયન ગુરપ્રિત સિંઘે મેન્સ ૨૫ મીટર સેન્ટર ફાયર પિસ્તોલ સ્પર્ધામાં વર્લ્ડ ચેમ્પિયન બનવાના આરે પહોંચી ગયો હતો પરંતુ ઓલિમ્પિક શૂટિંગ રેન્જમાં યૂક્રેનના પાવલો કોરોસ્ટાઈલો ઈનર ૧૦ પોઈન્ટના આધારે હરાવતા તેને સિલ્વર મેડલથી સંતોષ માણવો પડ્યો હતો. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં આ તેનો બીજો વ્યક્તિગત મેડલ છે. આ અગાઉ તેણે ૨૦૧૮માં ચોંગવોનમાં ૨૫ મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ ઈવેન્ટમાં જ સિલ્વર મેડલ જીત્યો હતો. ભારત ત્રણ ગોલ્ડ, છ સિલ્વર તથા ચાર બ્રોન્ઝ સહિત કુલ ૧૩ મેડલ્સ સાથે ચીન અને સાઉથ કોરિયા બાદ ત્રીજા ક્રમે રહ્યું છે. ચીને ૧૨ ગોલ્ડ સહિત ૨૧ તથા સાઉથ કોરિયાએ સાત ગોલ્ડ સાથે બીજું સ્થાન મેળવ્યું છે. ગુરપ્રિતે પ્રિસિઝન તથા રેપિડ રાઉન્ડમાં કુલ ૫૮૪ પોઈન્ટ મેળવ્યા હતા જેમાંથી ૧૮ ટાર્ગેટ અંદરના ભાગના હતા.

# જર્મની ૨૧મી વાર ફિફા ફૂટબોલ વર્લ્ડ કપમાં ક્વોલિફાઈ

## જર્મનીએ સ્લોવાકિયાને ૬-૦થી તથા નેધરલેન્ડ્સે લિથુનિયાને ૪-૦થી હરાવ્યું



યૂરોપિયન ફૂટબોલમાં સુપર પાવર ગણાતી જર્મનીએ વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં સ્લોવાકિયાને ૬-૦થી હરાવીને આગામી વર્ષે ૨૦૨૬માં અમેરિકા, કેનેડા અને મેક્સિકોની યજમાનીમાં યોજાનારા ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાઈ કરી લીધું હતું. આ વિજય સાથે જર્મનીએ પોતાના ગ્રૂપમાં ટોચનું સ્થાન હાંસલ કરવા ઉપરાંત વર્લ્ડ કપમાં સતત ક્વોલિફાઈ થવાની પોતાની પરંપરા જાળવી રાખી હતી.

ચાર વખતની વર્લ્ડ ફૂટબોલ ચેમ્પિયન જર્મની હવે ૨૩ વર્લ્ડ કપમાં ૨૧મી વખત ભાગ લેશે. જર્મનીએ ૧૯૩૦ના પ્રથમ વર્લ્ડ કપમાં ભાગ લીધો ન હતો અને ૧૯૫૦ના વર્લ્ડ કપમાં તેને રમવાની મંજૂરી આપવામાં આવી ન હતી. ત્યાર બાદ જર્મની વિશ્વ ફૂટબોલના મહાકુંભમાં સતત પોતાની હાજરી નોંધાવે છે.

જર્મની બાદ નેધરલેન્ડ્સે પણ પોતાના શાનદાર પ્રદર્શનથી વર્લ્ડ કપની ટિકિટ હાંસલ કરી લીધી હતી. લૂઈસ વાન ગોલના નેતૃત્વ હેઠળની ડચ ટીમે લિથુનિયાને ૪-૦થી હરાવીને ગ્રૂપમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. નેધરલેન્ડ્સ હજી ચેમ્પિયન બની શક્યું નથી પરંતુ ૧૯૭૪, ૧૯૭૮ તથા ૨૦૧૦ના વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચીને તેણે પોતાની ક્ષમતા પુરવાર કરી દીધી હતી. જર્મની અને નેધરલેન્ડ્સ ઉપરાંત ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, પોર્ટુગલ, ક્રોએશિયા તથા નોર્વે આગામી વર્ષના વર્લ્ડ કપ માટે યુરોપ તરફથી ક્વોલિફાઈ થઈ ચૂક્યા છે. સ્લોવેકિયાએ ગ્રૂપ-એના પ્રારંભિક મુકાબલામાં જર્મનીને ૨-૦થી હરાવીને અપસેટ નોંધાવ્યો હતો પરંતુ જર્મનીએ વળતો પ્રહાર કરીને સતત પાંચ મેચ જીતી હતી જેમાં લિપઝિંગ ખાતે સ્લોવેકિયા સામેનો ૬-૦થી મેળવેલો વિજય પણ સામેલ છે.જર્મની માટે નિકલ વોલ્ટેમેડેએ ૧૮મી, સર્જે ગનાબેએ ૨૯મી, લેરોય સાનેએ ૩૬મી તથા ૪૧મી, રિડલ બાકૂએ ૬૭મી અને આસાન ઓયુડ્રેઓગોએ ૭૯મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા.

### ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીનો દાવો

# રોહિત અને વિરાટ ટેસ્ટ ક્રિકેટ રમવા માંગતા હતા, પરંતુ ખરાબ માહોલના કારણે નિવૃત્તિ લીધી



ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા ટેસ્ટ ક્રિકેટ રમવા માંગતા હતા, પરંતુ ટીમના ખરાબ વાતાવરણને કારણે તેમને નિવૃત્તિ લેવાની ફરજ પડી હતી. બંને અનુભવી ખેલાડીઓએ આ વર્ષના ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા નિવૃત્તિની જાહેરાત કરી હતી.

ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ટીમની હાર માટે ટીમમાં થયેલા ફેરફારોને જવાબદાર ઠેરવ્યા હતા, જે હકીકત સાથે મનોજ તિવારી અસંમત છે. તિવારીએ કહ્યું કે "પરિવર્તન'' શબ્દનો આપણા દેશમાં કોઈ અર્થ નથી, કારણ કે અહી પ્રતિભાની કોઈ કમી નથી.

તિવારીએ ધ્યાન દોર્યું કે રોહિત અને કોહલી બંને ક્રિકેટના સૌથી લાંબા ફોર્મેટમાં સેવા આપવા માટે સમર્પિત હોવા છતાં, બિનજરૂરી ફેરફારોને કારણે ટીમમાંથી બહાર કરવામાં આવ્યા હતા.

મનોજ તિવારીએ વધુમાં કહ્યું, "હું આ ફેરફાર સમયગાળાના સમગ્ર વિચાર સાથે સહમત નથી. ભારતને પરિવર્તનની જરૂર નથી. ન્યુઝીલેન્ડ કે ઝિમ્બાબ્વેને પરિવર્તનની જરૂર છે. આપણું સ્થાનિક ક્રિકેટ પ્રતિભાશાળી ખેલાડીઓથી ભરેલું છે જેઓ તેમની તકની રાહ જોઈ રહ્યા છે.''તેમણે વધુમાં કહ્યું, 'આ બિનજરૂરી ફેરફારને કારણે, આપણા સ્ટાર ખેલાડીઓ વિરાટ અને રોહિત, જેઓ ટેસ્ટ ક્રિકેટ રમવા માંગતા હતા, તેમને પાછળ હટવું પડ્યું કારણ કે તેમની આસપાસ આવું વાતાવરણ બનાવવામાં આવ્યું હતું.'

# અંડર-૧૯ વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર, ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં નથી; ટુર્નામેન્ટ ૧૫ જાન્યુઆરીથી શરૂ થશે

## ૪૧ મેચ સાથે સોળ ટીમો ભાગ લેશે : તાંઝાનિયા ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરશે

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ બુધવારે આગામી વર્ષના અંડર-૧૯ વર્લ્ડ કપનો સમયપત્રક જાહેર કર્યો. આ વૈશ્વિક ટુર્નામેન્ટ ૧૫ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી દરમિયાન ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાશે. કુલ ૪૧ મેચ સાથે સોળ ટીમો ભાગ લેશે, જેમાં ફાઈનલ મેચ હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાશે. રસપ્રદ વાત એ છે કે ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં નથી.

અંડર-૧૯ વર્લ્ડ કપમાં ચાર ગ્રુપ હશે, જેમાં દરેક ગ્રુપમાં ચાર ટીમો હશે. આ પછી સુપર સિક્સ સ્ટેજ રમાશે, જેમાંથી ચાર ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે, ત્યારબાદ હરારેમાં ફાઈનલ રમાશે. ભારત પોતાના અભિયાનની શરૂઆત શરૂઆતના દિવસે યુનાઈટેડ સ્ટેટ્સ સામે કરશે, જ્યારે ઝિમ્બાબ્વે સ્કોટલેન્ડનો સામનો કરશે. તાંઝાનિયા વેસ્ટ ઈન્ડીઝ સામે ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરશે.

અંડર-૧૯ વર્લ્ડ કપની મેચો ઝિમ્બાબ્વેમાં હરારે સ્પોર્ટ્સ ક્લબ, તાકાશિંગા સ્પોર્ટ્સ ક્લબ અને ક્વીન્સ સ્પોર્ટ્સ ક્લબ સહિત પાંચ સ્થળોએ રમાશે. નામિબિયામાં, નામિબિયા ક્રિકેટ ગ્રાઉન્ડ અને HP ઓવલ આ વૈશ્વિક ટુર્નામેન્ટ માટે મેચોનું આયોજન કરશે. ભારતને યુનાઈટેડ સ્ટેટ્સ, બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ સાથે ગ્રુપ છ માં મૂકવામાં આવ્યું છે.ગ્રુપ ૠ માં ઝિમ્બાબ્વે, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડનો સમાવેશ થાય છે. ગ્રુપ ઝ માં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા, આયર્લેન્ડ, જાપાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. ચોથા અને અંતિમ ગ્રુપ ઢ માં તાંઝાનિયા, વેસ્ટ ઈન્ડીઝ, અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.ICC એ તેની વેબસાઈટ પર ટુર્નામેન્ટનું શેડ્યૂલ જાહેર કર્યું. તાંઝાનિયા આ ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરશે, જ્યારે જાપાન ૨૦૨૦ પછી પરત ફરશે. ભારત ૧૫ જાન્યુઆરીએ યુનાઈટેડ સ્ટેટ્સ સામે રમશે.ત્યારબાદ ૧૭ જાન્યુઆરીએ બાંગ્લાદેશ અને ૨૪ જાન્યુઆરીએ ન્યુઝીલેન્ડ સામે રમશે. ભારતના બધા મેચ બુલાવાયોમાં યોજાશે. પ્રથમ રાઉન્ડમાંથી ટોચની ત્રણ ટીમો સુપર સિક્સમાં જશે, જેમાં છ ટીમોના બે ગ્રુપ હશે.-




# રણજી ટ્રોફીમાં ઉત્તરાખંડ સામે ગુજરાતનો ભવ્ય વિજય

## ૩૪૪ રનના ટારગેટ સામે ઉત્તરાખંડ ૧૯૭માં આઉટ, જયસ્વાલ-સિદ્ધાર્થનો તરખાટ

રણજી ટ્રોફીની વર્તમાન સિઝનમાં સળંગ બીજી મેચમાં વિજય હાંસલ કરતાં ગુજરાતની ટીમે બુધવારે દહેરાદૂન ખાતે રમાયેલી મેચમાં ઉત્તરાખંડને ૧૪૬ રનના વિશાળ માર્જીની હરાવ્યું હતું. ગુજરાતના વિજયમાં તેના બોલર્સની કમાલ હતી.

ગુજરાતે પ્રથમ બેટિંગ કરતાં આઠ વિકેટે ૩૨૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઉત્તરાખંડની ટીમ ૨૭૨ રન કરી શકી હતી. બીજી ઈનિંગ્સમાં સરસાઈ સાથે ગુજરાતે પાંચ વિકેટે ૨૯૧ રન નોંધાવ્યા હતા. આમ ઉત્તરાખંડને જીતવા માટે ૩૪૪ રનનો ટારગેટ મળ્યો હતો. જોકે વિશાલ જયસ્વાલ અને સિદ્ધાર્થ દેસાઈ સહિત ગુજરાતના બોલર્સ સામે ગૃહટીમના બેટર્સ ટકી શક્યા ન હતા અને ૧૯૭ રનમાં તેનો બીજો દાવ સમેટાઈ ગયો હતો.

ગુજરાત માટે વિશાલ જયસ્વાલે ૭૨ રનમાં ચાર વિકેટ ઝડપી હતી તો લેફ્ટ આર્મ સ્પિનર સિદ્ધાર્થ દેસાઈએ ૪૪ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. આ ઉપરાત ચિંતન ગજા અને અરઝાન નાગવાસવાલાએ એખ એક વિકેટ ખેરવી હતી.

આ મેચમાં ગુજરાતના પ્રથમ દાવમાં જયમિત પટેલે સદી ફટકારી હતી તો ઓપનર અભિષેક દેસાઈએ ૯૯ રન ફટકાર્યા હતા જ્યારે ક્ષિતિજ પટેલે ૬૧ રનનું યોગદાન આપ્યું હતું. ઉત્તરાખંડના પ્રથમ દાવમાં સિદ્ધાર્થ અને જયસ્વાલે ત્રણ ત્રણ વિકેટ લીધી હતી. ગુજરાતના બીજા દાવમાં આર્ય દેસાઈએ ૮૦, જયમિત પટેલે ૬૦ અને ઉર્વિલ પટેલે ૫૮ રન ફટકાર્યા હતા.

વર્તમાન સિઝનમાં ગુજરાતની ટીમે બે વિજય અને બે પરાજય નોંધાવ્યા છે તો એક મેચ ડ્રો રહી છે. તે હવે ૨૨મી જાન્યુઆરીથી શરૂ થતા રણજી ટ્રોફીના બીજા તબક્કામાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રેલવે સામે રમશે.

# સાયણમાંથી ચોરીના મોપેડ સાથે ચોરને ઝબ્બે કરાયો

## આરોપી વિરૂધ્ધ ઉધના પોલીસ મથકમાં એક્ટિવા ચોરીનો ગુનો નોંધાયો હતો

સુરત, તા.૨૦

ઓલપાડ પોલીસે સાયણ-ગોથાણ રોડની ભક્તિધારા સોસાયટી પાસેથી સુરત શહેરના ઉધના વિસ્તાર માંથી એક્ટિવા મોપેડ ચોરી ગુનાના આરોપીને નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન દબોચી લીધો છે.

વિગત મુજબ સાયણ આઉટ પોલીસ ચોકીના પીએસઆઇ ડી.બી.દેસાઈ ગત સોમવાર,તા.૧૮ ના રોજ પોલીસ સ્ટાફ સાથે સાયણ વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યા હતાં.તે દરમ્યાન બાતમી મળી હતી કે,સુરત શહેર ઉધના પોલીસ મથકમાં સનેઃ૨૦૨૫ માં નોંધાયેલ એક્ટિવા મોપેડ ચોરી ગુનાનો આરોપી ગોથાણથી સાયણ ગામ તરફ જતાં રોડ ઉપર ચોરી કરેલ એક્ટિવા હંકારી આવી રહ્યો છે.આ ઈસમે વાદળી કલરનું શર્ટ પહેરેલ છે.જે બાતમીના પગલે પોલીસે સાયણ- ગોથાણ રોડની ભક્તિધારા સોસાયટી પાસે વોચ ગોઠવી તપાસ શરૂ કરી હતી.તે દરમ્યાન બાતમી વાળો ઈસમ ત્યાંથી એક્ટિવા મોપેડ નં:જીજે-૦૫,એમ.વી-૪૯૦૬ હંકારી જઈ રહ્યો હતો,ત્યારે પોલીસે તેને દબોચતા તેનું નામ રાજુ ભીમરાવ

વારડે(ઉ.વ.૪૩)હાલ રહેઃ૬૦,પ્રિયંકા પાર્ક,ગોડાધરા,સુરત શહેર(મુળ રહેઃતારડી ગામ,તા.ચોપડા,જિ.જલગાંવ-મહારાષ્ટ્ર)હોવાનું જણાવ્યું હતું.પોલીસે તેની કડક પૂછપરછ કરતા તેણે ઉધના પોલીસ મથકના ગુનાની કબુલાત કરી હતી.જેના પગલે પોલીસે તેની રૂ.૨૫,૦૦૦ ની કિંમતના એક્ટિવા મોપેડ સાથે અટક કરી તેનો કબજો ઉધના પોલીસને સુપ્રત કરવાની તજવીજ હાથ ધરી છે.

# ઉધના વિધાનસભા મત વિસ્તારમાં સરદાર પટેલ યુનિટી માર્ચ યોજાઈ

## આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાઓને જોડીને એક અખંડ ભારતનું નિર્માણ કર્યું: ધારાસભ્ય મનુભાઈ પટેલ

સુરત, તા.૨૦

આઝાદીના મહાન શિલ્પી, લોખંડી પુરુષ અને ભારતના એકીકરણના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસરે ઉધના વિધાનસભાની "સરદાર જા૧૫૦ યુનિટી માર્ચ" એકતા પદયાત્રા ધારાસભ્ય મનુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. મહાનુભાવોએ આ શુભ અવસરે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને ભાવપૂર્વક વંદન કર્યા હતા.

સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ યાત્રા પાંડેસરા કોમ્યુનિટિ હોલ પાણીની ટાંકીથી પિયુષ પોઈન્ટ થઈ સત્ય નગર ખાતે પૂર્ણ થઈ હતી.

ધારાસભ્યશ્રીએ સરદાર પટેલના યોગદાનને યાદ કરતા જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલે રાષ્ટ્રીય એકતાનો વારસો આપ્યો છે. જેને આપણે સૌએ સાથે મળીને આગળ વધારવાનો છે. આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાઓને જોડીને એક અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. સરદાર સાહેબના આદર્શ જીવનના સિદ્ધાંતો અને એકતાનો સંદેશ નવી પેઢીએ જીવનમાં ઉતારવો જોઈએ. આ પદયાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ રાષ્ટ્રના આ મહાન સપૂતને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક સંકલ્પ છે. દરેક નાગરિક સમરસતા અને એકતાના ભાવ સાથે વિકસિત ભારતની આ યાત્રામાં સહભાગી બને અને 'સ્વદેશી' અપનાવી દેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપે તે સમયની માંગ છે. સરદારની એકતા, અડગતા અને રાષ્ટ્રનિર્માણની ગાથા નવી પેઢીને પ્રેરણા આપે છે એમ તેમણે ઉમેર્યું હતું. ઢોલ-નગારા, ફૂલહાર અને જયઘોષ સાથે ઠેર ઠેર લોકોએ ઉમળકાભેર યાત્રાને આવકારીને સરદાર સાહેબની વિરાસતને યાદ કરી હતી. પદયાત્રામાં ઉપસ્થિત સૌએ સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી આત્મનિર્ભર ભારત નિર્માણ અને એકતાના શપથ લીધા હતા. પદયાત્રામાં શાસક પક્ષ નેતા શશીબેન ત્રિપાઠી, શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, પૂર્વ નગરસેવક છોટુભાઈ પાટીલ, કોર્પોરેટરો, શહેર સંગઠનના હોદ્દેદારો, વોર્ડ પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ, પ્રબુદ્ધ નાગરિકો, કાર્યકર્તાઓ, સામાજિક સંસ્થાઓ તેમજ વિશાળ સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને દેશપ્રેમના રંગે રંગાયા હતા.

# અંકલેશ્વર-રાજપીપળા માર્ગ પર ગ્રીન ટેકનોલોજીનું નિરીક્ષણ કરાયું

## રાજપારડી ખાતે રિસાયક્લિંગ ટેકનોલોજીનો ઉપયોગ

અંકલેશ્વર, તા.૨૦

રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર ભરૂચ જિલ્લામાં માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત અને લોકો માટે વધુ ઉપયોગી બનાવવા સતત કાર્યરત છે. ગુજરાત સરકારના માર્ગદર્શન અનુસાર ભરૂચ ડિવિઝનના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંકલેશ્વર-રાજપીપળા સ્ટેટ હાઈવે (કિ.મી. ૦/૦૦ થી ૪૪/૦૦) પર ચાલી રહેલા ગ્રીન ટેકનોલોજી આધારિત માર્ગ પુનઃનિર્માણ (ઈક્ષ્ક્ષ્ ઈીષઅક્ષ્ક્ષ્હક્ષ્) કાર્યનું વિશાળ સ્તરે નિરીક્ષણનું આયોજન આજરોજ કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં જિલ્લાના અંકલેશ્વર-રાજપીપળા સ્ટેટ હાઈવે માર્ગનું નિર્માણ કાર્ય ગ્રીન ટેકનોલોજી આધારિત માર્ગ પુનઃનિર્માણથી થઈ રહ્યુ છે. જેને અનુસંધાને સરકારની સૂચનાથી જોઈન્ટ ડાઈરેક્ટરશ્રી ગેરી વડોદરા, કાર્યપાલક ઈજનેરશ્રીઓ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મદદનીશ ઈજનેરશ્રીઓ, અધિક મદદનીશ ઈજનેરશ્રીઓ, વડોદરા સર્કલ, સુરત સર્કલ, અમદાવાદ સર્કલ તેમજ કેપિટલ સર્કલ ગાંધીનગરના વરિષ્ઠ ઈજનેરો (સ્ટેટ અને પંચાયત) પણ અંકલેશ્વર-રાજપીપળા સ્ટેટ હાઈવેની મુલાકાતમાં જોડાયા હતા.

આ વરિષ્ઠ ઈજનેરોએ ભરૂચ જિલ્લાના રાજપારડી ખાતે રિસાયક્લિંગ ટેકનોલોજીના ઉપયોગ, મશીનરી, મટિરિયલ રિક્લેમેશન પ્રક્રિયા અને સમગ્ર ગુણવત્તા નિયંત્રણ સિસ્ટમનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું. ગ્રીન ટેકનોલોજી આધારિત માર્ગ પુનઃનિર્માણ (Road Recycling) ના પ્રોજેક્ટમાં અધિકારીઓએ પ્રોજેક્ટની કામગીરી, ટેકનિકલ ગુણવત્તા અને સ્થળ પરની વ્યવસ્થાઓ વગેરેની વિગતો જાણી, કામની ગુણવત્તાની સમીક્ષાઓ કરી અને જરૂરી સૂચનો આપ્યા હતા. આ વેળા રચનાત્મક માર્ગદર્શન આપતા જણાવ્યું કે, આ પ્રોજેક્ટ રાજ્યના અન્ય ડિવિઝન માટે પણ આદર્શ મોડલ તરીકે કામ કરશે. સ્થાનિક નાગરિકો અને મુસાફરો દ્વારા માર્ગ સુધારણા કાર્યને હાર્દિક આવકાર મળ્યો છે, ભવિષ્યમાં વધુ સારી સુવિધાઓ મળે અને શહેર અને ગ્રામીણ વિસ્તારની કનેક્ટિવિટી સુધારવાનો અને નાગરિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવાનો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બાંધકામ ક્ષેત્રે થઈ રહેલા અવિરત વિકાસની સાથે પર્યાવરણનું સંતુલન પણ જળવાય તે હેતુથી ભરૂચ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કેટલાક રસ્તાઓનું નવિનીકરણ ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગ સાથે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સર્વાંગી વિકાસ અને પર્યાવરણીય સ્થિરતાને વેગ આપવા માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ભરૂચ જિલ્લાના રસ્તાનો સમાવેશ કરાયો છે. ત્યારે રોડ રિસાયક્લિંગ જેવી ગ્રીન ટેકનોલોજી માર્ગ વિકાસ ક્ષેત્રે ખર્ચ બચાવનાર, ભવિષ્યમાં આ ટ્રીટમેન્ટથી પર્યાવરણને થતું નુકશાન ઘટાડવા તેમજ ટ્રીટમેન્ટના પરિણામ પ્રમાણે ઉમદા કાર્ય કરી શકાશે. આથી જ આ ટેકનોલોજી પર્યાવરણમિત્ર તરીકે ઉભરી રહી છે. કુદરતી સંસાધનોના સંરક્ષણ સાથે ઝડપી અને ટકાઉ માર્ગ નિર્માણ શક્ય બનાવતી આ ગ્રીન ટેકનોલોજી છે.

# સુરત ઉત્તર વિધાનસભાની સરદાર પટેલ એકતા પદયાત્રા

## ભારત આજે જે નક્શા પર એક સશક્ત રાષ્ટ્ર તરીકે ઊભું છે, તેની પાછળ સરદાર સાહેબનો અસાધારણ પરિશ્રમ અને અતૂટ સમર્પણ છેઃ મેયર દક્ષેશ માવાણી

સુરત, તા.૨૦

આઝાદીના મહાન શિલ્પી, લોખંડી પુરુષ અને ભારતના એકીકરણના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસરે સુરત ઉત્તર વિધાનસભાની 'સરદાર જા૧૫૦ યુનિટી માર્ચ' એકતા પદયાત્રામાં સાંસદ મુકેશ દલાલ, મેયર દક્ષેશ માવાણી અને ધારાસભ્ય કાંતિભાઈ બલરની ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઈ હતી. મહાનુભાવોએ આ શુભ અવસરે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને ભાવપૂર્વક વંદન કર્યા હતા. સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ યાત્રા સુરત બસ સ્ટેશનથી દિલ્હી ગેટ શરૂ થઈ સ્વામિનારાયણ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. મેયર દક્ષેશ માવાણીએ સરદાર પટેલના યોગદાનને યાદ કરતા જણાવ્યું કે, સરદાર સાહેબના આદર્શો, એકતા અને અખંડિતતાનો સંદેશ આજે પણ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. ભારત આજે જે નક્શા પર એક સશક્ત રાષ્ટ્ર તરીકે ઊભું છે, તેની પાછળ સરદાર સાહેબનો અસાધારણ પરિશ્રમ અને રાષ્ટ્ર માટેનું અતૂટ સમર્પણ છે. આ પદયાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ રાષ્ટ્રના આ મહાન સપૂતને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક સંકલ્પ છે. દરેક નાગરિક સમરસતા અને એકતાના ભાવ સાથે વિકસિત ભારતની આ યાત્રામાં સહભાગી બને અને 'સ્વદેશી' અપનાવી દેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપે તે સમયની માંગ છે. મેયરે સ્વદેશીનો સંદેશો આપતા જણાવ્યું કે, સરદારનું માનવું હતું કે, આર્થિક સ્વરાજ્ય વિના રાજકીય સ્વતંત્રતા અધૂરી છે. આજે મેક ઈન ઈન્ડિયા, વોકલ ફોર લોકલ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી પહેલો સરદારના જ વિચારોનું આધુનિક સ્વરૂપ છે. ફૂલહાર અને જયઘોષ સાથે ઠેર ઠેર લોકોએ ઉમળકાભેર યાત્રાને આવકારીને સરદાર સાહેબની વિરાસતને યાદ કરી હતી. પદયાત્રામાં પૂર્વ મેયર જગદીશ પટેલ, નિરંજન ઝાંઝમેરા, અગ્રણી કાળુભાઈ ભીમનાથ, કોર્પોરેટરો, વિવિધ એસોસિએશનના સભ્યો, વોર્ડ પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ, પ્રબુદ્ધ નાગરિકો, કાર્યકર્તાઓ, સામાજિક સંસ્થાઓ તેમજ વિશાળ સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને દેશપ્રેમના રંગે રંગાયા હતા.

# ખેલ મહાકુંભમાં પ્રેસિડન્સી સ્કૂલનું ગૌરવ

સુરત, તા.૨૦

શ્રી ચીમનલાલ લાપસીવાલા તરણકુંડ, રૂસ્તમપુરા ખાતે સુરત શહેર જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં PRESIDENCY SCHOOL, English Medium માં અભ્યાસ કરતા ઙ્ઘરદ્બિહ ઙ્ઘીક્ષ ૧૦૦ મીટર બેક સ્ટોકમાં દ્વિતીય વિજેતા નીવડ્યા હતા. અને હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન. એમ. કારિયા અને ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા આચાર્યા કુ. દીપિકા શુક્લએ અભિનંદન આપ્યા હતા અને રાજ્ય કક્ષાએ સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.



સુરત નવી સિવિલ કેમ્પસમાં દર્દીઓ માટે આજથી ઈ-વ્હીકલની સેવાનો આરંભ કરાયો છે. ઈ-વ્હીકલની સેવાનો આરંભ કરાવતા સાંસદ મુકેશભીી દલાલ તસ્વીરમાં નજરે પડે છે.

# કડોદરાથી પિંકીકુમારી જાતેરામ ગુમ

સુરત, તા.૨૦

કડોદરા GIDC પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ ઘર નં-૧, ક્રિષ્નાનાગર, જાદવ, કડોદરા, પલસાણા (મૂળ રહે. ગામ-કુશમી, જિ.ગોપાલગંજ, બિહાર) ખાતે રહતા રામબદન જાતેરામના ૧૬ વર્ષીય પુત્રી પિંકીકુમારી જાતેરામ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે શરીરે ભૂરા પંજાબી ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કડોદરા ૈંડ્ઢઝ્ર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# પલસાણાથી સાનિયા શાવના ગુમ

સુરત, તા.૨૦

પલસાણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં.૨૮૮, આરાધના લેકટાઉન-૨, જોલવા ગામ, પલસાણા (મૂળ રહે. ગામ-માલડા, જિ-ગ્રીડી, ઝારખંડ) ખાતે રહતા રાકેશ શાવના ૧૯ વર્ષીય પુત્રી સાનિયા શાવ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે જાંબુડી ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પલસાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# લસકાણાથી જ્યોતિબેન મકવાણા ગુમ

સુરત, તા.૨૦

લસકાણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૪/૧૦/૨૦૨૫ ના રોજ લસકાણા (મૂળ રહે. ગામ-જૈનાબાદ, જિ-સુરેન્દ્રનગર) ખાતે રહતા ૨૨ વર્ષીય જ્યોતિબેન કન્હૈયાલાલ મકવાણા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લસકાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# ઉદ્યોગ સાહસિકોને હવે સરળ રીતે લોન મળી શકે છે : રાજેન્દ્ર કુમાર

## કોલ લેટર મુક્ત લોન અંગે ચેમ્બર દ્વારા અવેરનેસ સેશન યોજાયું

સુરત, તા.૨૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે સ્પેશ્યલ એસ.બી.આઈ. બેન્કીગ પ્રોડકટ-બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ડીજીએમ શ્રી રાજેશ કુમારે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને લોન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, પરિવર્તનનો સ્વીકાર નહીં કરનાર બજારમાંથી ફેંકાઈ જતા હોય છે. એસબીઆઈ પણ સમય સાથે બદલાઈ છે અને એટલે જ સર્વસ્વીકૃત બની છે અને આજે ગ્રાહકના દ્વારે આવી છે. તેમણે ચેમ્બરની પ્રવૃત્તિઓનો પણ વિગતે ચિતાર આપ્યો હતો.

એસબીઆઈના ડીજીએમ શ્રી રાજેશ કુમારે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપતા જણાવ્યું હતું કે, બિઝનેસ લોન માટે એક સરસ સોફટવેર બનાવવામાં આવ્યું છે, જેમાં આવકવેરા અને જીએસટી યુઝર આઈડી અને પાસવર્ડની જ જરૂર પડે છે. કોઈ પણ માનવીય હસ્તક્ષેપ વિના કેટલી લોન મળી શકે એની લિમિટ મિનિટોમાં તૈયાર થઈ જાય છે. આ સોફટવેરની વિશેષતા છે. તમે બ્રાંચ પણ સિલેકટ કરી શકો છો, આમાં કોઈ કોલેટરલની જરૂર નથી. ટર્નઓવર-બિઝનેસના આધારે સોફટવેર લિમિટ નક્કી કરે છે. એના માધ્યમથી અમે દક્ષિણ ગુજરાતમાં ૯૦૦ જેટલી લોન મંજૂર કરી છે, જેની કુલ રકમ ૪૩૩ કરોડ થવા જાય છે. ઉદ્યોગ સાહસિકો, સપ્લાયરો તેનો પૂરો લાભ ઉઠાવે.

એસબીઆઈના અધિકારીઓએ બીઆરઈની વિશેષતાઓ સમજાવતા કહ્યું હતું કે, લોન લિમિટ માટે એઆઈ ડ્રિવન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, વ્યાજદર ૮.૪૦ ટકાથી શરૂ થાય છે. મહિલા ઉદ્યોગ સાહસિકો માટે વિશેષ પ્રોત્સાહનો પણ છે. કેશ ક્રેડિટ ફાસ્ટ મળે છે. એમએસએમઈ માટે એસબીઆઈ વેબસાઈટ પણ બનાવી આપે છે. ઉદ્યોગોને કેપ્ટિવ-નોન કેપ્ટિવ સોલર પાર્ક સ્થાપવા માટે લોનની સમજણ પણ આપવામાં આવી હતી. એસબીઆઈએ સુરત ટેક્ષ્ટાઈલ માટે ક્લસ્ટર પણ શરૂ કર્યું છે, જેમાં રૂપિયા ૫ કરોડથી ઉપરની લોન માટે પણ વિશેષ પ્રોડકટસ છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ દ્વારા બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર વિગતવાર ટેકનિકલ પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં ડિજિટલ દસ્તાવેજીકરણ, સ્વચાલિત જોખમ આકારણી અને રિઅલ ટાઈમ ધિરાણ નિર્ણય જેવી સુવિધાઓ સમજાવવામાં આવી હતી. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ ઓન ધ સ્પોટ લોન મંજૂરી વિશે પણ સમજણ આપી હતી. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ શ્રી હરીશ જૈન, શ્રી વિકાસ કુમાર, શ્રી રીની સિંઘ, શ્રી દેશ દીપક, એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની બેન્કીગ (નેશનલાઈઝડ એન્ડ પ્રાઈવેટ) કમિટીના ચેરમેન સીએ વિપુલ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એસબીઆઈના અધિકારીઓ દ્વારા સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોના વિવિધ પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા હતા.

# ગાંધીના ત્રણ નહિં, કિન્તુ ચાર વાંદરા હતા

ઓશો રજનીશ એક ભારતીય વિચારક, રહસ્યવાદી ગુરુ અને રજનીશ આંદોલનના સ્થાપક હતા. તેઓ વિશ્વના સૌથી વિવાદાસ્પદ અને પ્રભાવશાળી આધ્યાત્મિક ગુરુ હતા! એક અભ્યાસ મુજબ ગાંધીના ત્રણ નહિં, કિન્તુ ચાર વાંદરા હતા! તેવો પ્રબળ નહિં પરંતુ પોકળ દાવો ઓશો રજનીશએ મશ્કરાભાવ સાથે કર્યો હતો! ખેર, એકવાર ઓશોએ હળવા અંદાજમાં કહ્યું હતું કે, એકવાર હું ગાંધીના આશ્રમે ગયો ત્યારે તેમના પુત્ર રામદાસ મને આસપાસની ચીજો બતાવતા હતા. એ વખતે તેમણે મને પેલા ત્રણ વાંદરાની મૂર્તિ પણ બતાવી. એ વખતે મેં રામદાસને પૂછ્યું કે, આ ત્રણ વાંદરામાંથી ચોથો વાંદરો ક્યાં ગયો?!ત્યારે રામદાસે જવાબ આપ્યો કે, હજુ સુધી કોઈએ ચોથા વાંદરા વિશે પૂછ્યું નથી. પછી મેં રામદાસને કહ્યું કે, ચોથો વાંદરો ભાગી ગયો હોવો જોઈએ, ઘણી શક્યતાઓ છે અથવા તો ગાંધીએ જ મૂર્તિમાંથી ચોથો વાંદરો કાપી નાંખ્યો હોવો જોઈએ! કારણ કે, ભારતના સંદર્ભમાં એ ચોથો વાંદરો બરાબર ન હતો. એ વાંદરાએ ગુપ્તાંગ છુપાવી રાખ્યા હતા. એ પરાણે બ્રહ્મચર્ય પાળતો હતો!આમ,મેધાવી વિચારક ઓશોએ રાજકારણથી માંડીને સામાજિક મુદ્દા સમજાવવા ત્રણ વાંદરાની મૂર્તિના અનેક વખત જાતભાતના અર્થઘટન કર્યા હતા, એક નખશિખ રાજકીય મહાપુરુષની મજાક કરીને ઓશો ફરી આગળ વાત માંડે છે. વાંચો એમના જ શબ્દોમાં!ગાંધીજીના ત્રણ વાંદરાના પ્રતીકનું જે કંઈ અર્થઘટન કરાય છે એ મને મંજૂર નથી. માણસજાતના મનોવિજ્ઞાન પર નજર કરો ત્યારે આ વાંદરા કંઈક જુદો જ સંદેશ આપતા હોય એવું લાગે છે. કાન બંધ કરીને બેઠેલો પહેલો વાંદરો કહે છે કે, સત્ય ના સાંભળો. જો સત્ય સાંભળશો તો તમારા બધા જ જૂઠા આશ્વાસનો છિન્નભિન્ન થઈ જશે. આંખ બંધ કરીને બેઠેલો બીજો વાંદરો કહે છે કે, સત્ય તરફ નજર સુદ્ધાં ના કરો. નહી તો તમારો ભગવાન મરી જશે અને તમારા સ્વર્ગ-નર્ક પળવારમાં ગાયબ થઈ જશે. મ્હોં બંધ રાખીને બેઠેલો ત્રીજો વાંદરો સત્ય નહી બોલવાની સલાહ આપે છે કારણ કે, માણસોનાં ટોળાં સત્ય બોલનારાને ઠપકો આપે છે, યાતનાઓ આપે છે, ઝેર આપે છે, ક્રોસ પર ચડાવી દે છે અને રિબાવી રિબાવીને મારી નાંખે છે. ગુપ્તાંગો છુપાવીને બેઠેલો એટલે કે ગાયબ થઈ ગયેલો ચોથો વાંદરો પણ મહત્ત્વનો સંદેશ આપે છે. એ કહે છે કે, તમારા આનંદ-પ્રમોદનું બિભત્સ પ્રદર્શન ના કરો. તમે સુખી હશો તો લોકો ઈર્ષા કરશે, તમને ખતમ કરી નાંખશે! અલબત, સદર ચાર વાંદરાની મૂર્તિ વિશે ઓશોનું આ અર્થઘટન આજે પણ સટીક નથી?!અંતે, ફિલોસોફર ઓશો રજનીશની અંગત વિચારધારા સાથે સહમત થવું જરૂરી નથી તેમજ બંધ બેસતી પાઘડી પહેરવી લેવાની પણ જરૂરિયાત લાગતી નથી! છેવટે, આચાર્ય ઓશો એ ૨૧મી સદીના એક આધુનિક ભગવાન (મહાન રજનીશ!) હતા! ઈતિ વાર્તા! તીન ઔર ચાર બંદર પુરાણ!કથા અસ્ત

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

### સુરત
**પહેલા પાનાનું ચાલુ**

અંબાણી નોલેજ સિટીમાં ૪,૪૬૨.૮૧ કરોડની ૧૩૨ એકરથી વધુ જમીન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ કામચલાઉ રીતે જપ્ત કર્યા પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે.

ED એ અગાઉ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ (RCom), રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના બેંક છેતરપિંડીના કેસોમાં ?૩,૦૮૩ કરોડથી વધુની ૪૨ મિલકતો જપ્ત કરી હતી.

### યુદ્ધ વિરામ વચ્ચે
**પહેલા પાનાનું ચાલુ**

કાર્યરત ઈઝરાયેલી સૈનિકો તરફ ગોળીબાર કર્યો હતો, જે યુદ્ધવિરામ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. જવાબમાં, ગાઝા પટ્ટીમાં હમાસના આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા શરૂ કર્યા હતાં.

ઈઝરાયેલે લેબનોનમાં પણ પોતાના હુમલાઓ તેજ કરી દીધા છે. લેબનોનના ત્રીજા સૌથી મોટા શહેર સિડોનમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૩ લોકો માર્યા ગયા. ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો કે તેણે સિડોન પાસેના એક પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિરમાં ચાલી રહેલા હમાસના ટ્રેનિંગ કેમ્પને નિશાન બનાવ્યું હતું.

જોકે, હમાસે આ દાવાને નકારી કાઢતા કહ્યું કે એક ખુલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને નિશાન બનાવવામાં આવ્યું હતું, જ્યાં કોઈ સૈન્ય મથક નહોતું.અન્ય એક હવાઈ હુમલામાં ૧ વ્યક્તિનું મોત થયું અને ૧૧ લોકો ઘાયલ થયા.

ઈઝરાયેલી સેનાએ લેબનોનમાં પાંચ ચોકીઓ પર કબજો જમાવી રાખ્યો છે, જ્યાંથી તે અવારનવાર દક્ષિણ લેબનોનમાં ઈરાન-સમર્થિત હિઝબુલ્લાહ અને હમાસના સભ્યોને નિશાન બનાવતી રહે છે.

### એનસીબી દ્વારા
**પહેલા પાનાનું ચાલુ**

સ્થગિત કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ, નવી મુંબઈની બેલાપુર કોર્ટમાં આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

ડ્રગ્સનો નાશ પણ સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવ્યો હતો. દ્ગઝ્રમ્ ના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ (દક્ષિણપશ્ચિમ પ્રદેશ), મુંબઈ ઝોનલ યુનિટના એડિશનલ ડિરેક્ટર અને ઙ્ઘૈં ના એડિશનલ ડિરેક્ટરનો સમાવેશ કરતી એક ઉચ્ચ-સ્તરીય ડ્રગ ડિસ્પોઝલ કમિટી (HLDDC) ની રચના કરવામાં આવી હતી. સમિતિની હાજરીમાં ૧૯ નવેમ્બરના રોજ તલોજામાં સ્ઉસ્ન્ ઈન્સિનેરેશન પ્લાન્ટમાં તમામ ૨૫ કિલો ડ્રગ્સનો સુરક્ષિત રીતે નાશ કરવામાં આવ્યો હતો.

NCB અધિકારીઓએ જણાવ્યું હતું કે બજારમાં ફરીથી પ્રવેશતા અટકાવવા માટે ટ્રાયલ પહેલાં ડ્રગ્સનો નાશ કરવો જરૂરી છે. આ કામગીરી દેશમાં સંગઠિત ડ્રગ માફિયાઓ સામે ચાલી રહેલા અભિયાનનો એક ભાગ છે. દ્ગઝ્રમ્ એ જાહેર આરોગ્યનું રક્ષણ કરવા અને ૨૦૪૭ સુધીમાં ડ્રગ મુક્ત ભારતના વડા પ્રધાનના વિઝનને પૂર્ણ કરવા માટેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

### શિત લહેર
**પહેલા પાનાનું ચાલુ**

અડધા ભાગમાં ભારે ઠંડી પડી છે. શાજાપુર છેલ્લા ૨૪ કલાકમાં સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું, જ્યાં લઘુત્તમ તાપમાન ૬.૪ ડિગ્રી હતું. વધુમાં, ભોપાલ, ઈન્દોર, જબલપુર અને ઉજ્જૈન સહિત ૧૫ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહ્યું. ગુરુવારે ભોપાલ અને ઈન્દોર સહિત ૬ જિલ્લામાં કોલ્ડવેવ રહેશે.

રાજસ્થાનમાં બરફીલા પવનોને કારણે, માઉન્ટ આબુમાં તાપમાનનો પારો શૂન્યની નજીક પહોંચી ગયો છે. કેટલીક જગ્યાએ ઝાકળના ટીપાં બરફમાં થીજી ગયા છે. જોકે, તડકો નીકળ્યા પછી, અહીંના લોકોને કડકડતી ઠંડીથી રાહત મળી. આબુ ઉપરાંત, ફતેહપુર, નાગૌર, સીકર અને દૌસામાં પણ ભારે ઠંડીનો અનુભવ થયો.

હિમાચલ પ્રદેશમાં આ દિવસોમાં હવામાન ખુશનુમા છે. ઘણા દિવસોથી બરફવર્ષા થઈ નથી. આમ છતાં, ૨૯ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ઝ થી નીચે છે. લાહૌલ-સ્પિતિમાં પારો માઈનસમાં છે. આગામી છ દિવસ સુધી વરસાદ કે હિમવર્ષાની કોઈ શક્યતા નથી. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોથી હવામાન શુષ્ક રહ્યું છે. સવાર અને સાંજ ખૂબ ઠંડી પડી રહી છે. હવામાન વિભાગે આગામી દિવસો માટે તીવ્ર ઠંડીની ચેતવણી જારી કરી છે. આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ૪-૫ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

### રશિયા દ્વારા
**પહેલા પાનાનું ચાલુ**

કર્યા છે. રોમાનિયામાં બે યુરો ફાઈટર ટાઈફૂન અને બે હ્લ-૧૬ વિમાનોએ ઉડાન ભરી. પોલેન્ડમાં એરપોર્ટ્સ રાત્રે બંધ કરી દેવાયા હતાં.ખાર્કિવમાં રશિયાના ડ્રોન હુમલામાં ૪૬ લોકો ઘાયલ થયા, જેમાં બે યુવતીઓ સામેલ હતી. ડ્રોને અનેક મકાનો, એમ્બ્યુલન્સ સ્ટેશન, સ્કૂલ અને અન્ય નાગરિક બાંધકામોને નુકસાન પહોંચાડ્યું.રશિયન ડિફેન્સ મિનિસ્ટ્રીના અનુસાર, યુક્રેને વોરોજનેજ શહેર પર ચાર અમેરિકન ATACMS મિસાઈલો છોડી. તમામ મિસાઈલો ઈન્ટરસેપ્ટ કરી લેવાઈ, પરંતુ તેનો કાટમાળ એક અનાથાશ્રમ અને જેરેનોલોજી સેન્ટર પર પડ્યો. હુમલામાં કોઈપણ રશિયાના નાગરિકનું મોત નથી થયું.

### બસ સેવામાં
**પેજ-૨ પાનાનું ચાલુ**

મહિલાની ભાગીદારીનો આ પ્રથમ અને પ્રેરણાદાયક પ્રયાસ છે. આ ભરતી દ્વારા માત્ર રોજગારની તક જ સર્જાઈ નથી, પરંતુ સમાજમાં મહિલાઓ પ્રત્યેનો વિશ્વાસ, સક્ષમતા અને પ્રતિભા અંગે સકારાત્મક સંદેશ પણ મજબૂત બન્યો છે. સુરત શહેર ભવિષ્યમાં મહિલા-કેન્દ્રિત નીતિઓ અને Gender Inclusive Mobilit અને વધુ વેગ આપવા પ્રતિબદ્ધ છે.

### વોર્ડ નં.૨૦માં
**પેજ-૨ પાનાનું ચાલુ**

તમામ મહિલા અગ્રણીઓને શપથ લેવડાવ્યા હતા કાર્યકમની શરૂઆત રામજી મંદિરના વરીષ્ઠ મહારાજ શ્રીએ શ્લોક અને પ્રાર્થનાથી કરાવી હતી કાર્યકમ - સભા ના પ્રમુખ શ્રીમતી અમિષા ફરોખભાઈ રૂવાલા (માયાકુમાર) એ હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અને આત્મ નિર્ભર ભારત બાબતે ઊંડી સમજ આપી હતી અને એ બાબતે મહિલાઓને હાથ માં મેહંદી મૂકવાનો કાર્યકમ કરીયો હતો જેમાં વરીષ્ઠ અગ્રણી મહિલાઓએ મોટી સંખ્યામા હાજરી આપી હતી કાર્યકમ સફળ રહયો હતો

### આવતી કાલે
**પેજ-૨ પાનાનું ચાલુ**

અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સાથે સિવિલ ડિફેન્સ, એન.સી.સી., જીપીસીબી, વિવિધ ઈન્ડસ્ટ્રીઝ સાથે મળીને મોકડ્રીલને સફળ બનાવવા માટેનું વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં એસ.ડી.આર.એફ, પોર્ટ ઓફિસર, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતી નિયામક, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા હજીરા સ્થિત કંપનીઓના ફાયર ઓફિસરો, ડિઝાસ્ટર શાખા તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતમાં રખડતા
**પેજ-૨ પાનાનું ચાલુ**

નિમણુંક કરવા તથા તમામ સંસ્થાઓએ આઈ.ઈ.સી. એકટીવીટી હાથ ધરવાના દિશા નિર્દેશો આપવામાં આવ્યા. વધુમાં દર ત્રણ માસે સંસથાની તપાસ હાથધરી જે તે સંસ્થાઓ / સંકુલો રખડતા કૂતરાઓનાં આશ્રય સ્થાનો ના બની રહે તેની તકેદારી લેવા નિર્દેશ આપવામાં આવ્યો ઉપરાંત સમગ્ર બાબતે વિગતવાર એક ડેટા બેઝ તૈયાર કરવા સૂચનાઆપવામાં આવી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૨૦ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## રૂા.૨.૯૨ કરોડના ઠગાઈ કેસમાં સુરત જિલ્લા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ

# ૮૨ વર્ષિય કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની આખરે ધરપકડ

## કોન્ટ્રાક્ટર પરિવાર પેઢીની મિલ્કત પર બોગસ દસ્તાવેજો બનાવી લોન મેળવતાં ભાભી પરિવારના મોભી સામે જંગે ચઢ્યાં હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

રૂા.૨.૯૨ કરોડની લોન મેળવવા ભાગીદારી પૈઢી કનૈયા કન્સ્ટ્રકશન કંપનીના ભાગીદાર ભાઈ-ભાભીના નામના બોગસ દસ્તાવેજો બનાવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરનાર ૮૨ વર્ષિય કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની આજે આર્થિક ગુના નિવારણ શાખાએ ધરપકડ કરી હતી.

આ વિશ્વાસ ઘાત છેતરપિંડીની ફરિયાદ તા.૨૪/૧૦/૨૦૨૪ના રોજ ડીસીબી પોલીસ સ્ટેશને નોંધાઈ હતી જે ફરિયાદની હકીકત એવી હતી કે,

આરોપી કનૈયાલાલ કોન્ટ્રાકટર એ તેના મળતીયા માણસો સાથે મળી ફરીયાદીબેન તથા તેમના પતિ સ્વ: હેમંતભાઇ કોન્ટ્રાકટર ભારત દેશમાં હાજર નહીં હોવાનું જાણવા છતાં મેં.કનૈયા કન્સ્ટ્રકશન કંપની ના ભાગીદારો જેમાં ફરીયાદી તથા તેમના પતિ ની ખોટી સહી વાળો આરોપી કનૈયાલાલ કોન્ટ્રાકટર ની તરફેણનો પાવર ઓફ એટર્ની બનાવડાવી ફરીયાદીની ભાગીદારી પેઢીની મોજે,અઠવાલાઈન્સ, સીટી સર્વે વોર્ડ અઠવા નોંધ નં.૨૫૫૫ ટી.પી. સ્કીમ નં.-૫, ફા. પ્લોટ નં.૨૭૩ થી નોંધાયેલ કુલ ૧૪૨૨.૮૬. ચો.મી. પૈકી દક્ષિણ તરફની ૪૬૯ ચો. મી. વાળી ઇઢ્ઢજીહાઉસ વાળી મિલ્કત ઉપર મોર્ગેજ લોન મેળવવા બજાજ ફાયનાન્સ પ્રા.લી. માં સાચા તરીકે રજુ કરી રૂપિયા-૨,૯૨,૦૦૩૯૬ની મોર્ગેજ લોન મેળવી લોનની રકમ પોતાના અંગત વપરાશમાં મેળવી લઈ બજાજ ફાયનાન્સ ની લોન પૈકીની બાકી રહેતી અંદાજીત ૬૭ લાખ રૂપીયાની લોન ભરપાઈ નહીં કરીગંભીર ગુનો કર્યો હતો.

ઉપરોક્ત ગુનામાં સંડોવાયેલ આરોપી કનૈયાલાલ લાલભાઇ કોન્ટ્રાકટર નાઓએ આગોતરા જામીન મેળવવા સારૂ નામદાર ગુજરાત હાઈકોર્ટતથા નામદાર સુપ્રીમ કોટમાં પીટીશન ફાઈલ કરેલ હતી અને જે પીટીશનો ના કામે આરોપીની તરફેણમાં ફેંસલો નહીં આવતાં તેની ધરપકડ કરવાનો માર્ગ મોકળો બનતાં આરોપી કનૈયાલાલ લાલભાઇ કોન્ટ્રાકટર ની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.



### ભાભીએ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ કરી હતી

લોન મેળવ્યા બાદ કનૈયા કોન્ટ્રાક્ટરે લોનના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. આ બાબતની જાણ થતાં સગા ભાઈના પરિવાર ભાભી દ્વારા કનૈયા કોન્ટ્રાક્ટર વિરુદ્ધ EOW માં વિશ્વાસઘાત અને ઠગાઈની ગંભીર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે EOW દ્વારા આર્થિક ગુનાના આ મામલે કનૈયા કોન્ટ્રાક્ટરની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ધરપકડથી સુરતના રાજકીય અને રમતગમત વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે.

### આગોતરા જામીન માટે કનૈયા કોન્ટ્રાક્ટર સુપ્રીમ કોર્ટ સુધી ગયા હતા

ધરપકડના ડરથી કનૈયા કોન્ટ્રાક્ટરે સૌપ્રથમ સુરતની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોકે, મૂળ ફરિયાદી તરફે વકીલની ધારદાર દલીલો અને સરકારી વકીલની રજૂઆતોને ધ્યાનમાં રાખીને કોર્ટે તેમની જામીન અરજી નામંજૂર કરી હતી.ત્યારબાદ, ગુજરાત હાઈકોર્ટ અને અંતે સુપ્રીમ કોર્ટમાં પણ તેમની આગોતરા જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. તેમજ સુપ્રીમ કોર્ટે કનૈયા કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલી વચગાળાની તમામ રાહત રદ કરી દીધી હતી અને વચગાળાનું રક્ષણ પણ પરત ખેંચી લેવાયું હતું. સાથે જ, અન્ય કોઈ કોર્ટમાં કરાયેલી અરજીઓને પણ ખારીજ કરવાનો હુકમ કર્યો હતો.

## ફરિયાદ બાદ આગોતરા જામીન મેળવવા સુપ્રીમ કોર્ટ સુધી કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની કાનુની લડત, સુપ્રીમે અરજી ફગાવતાં આર્થિક ગુના નિવારણ શાખાએ ધરપકડ કરી હતી

# મનપા કચેરીમાં યુનિયનોની ઓફિસનો વિવાદ વકર્યો : મધરાતે કબજો લેવાયો

## યુનિયનોને પુરાવા રજુ કરવા નોટિસ ફટકાર્યા બાદ ડે.કમિ. નિધિ સિવાચેનું આકરું પગલું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સુરત મહાનગર પાલિકાની મુગલસાઇ ખાતેની મુખ્ય કચેરીમાં આવેલી યુનિયનોની ઓફીસને ગઇકાલે પોલીસ બળ વાપરીને તાત્કાલિક ખાલી કરાવી દેવાઇ હતી. રાત્રિના સમયે યુનિયોની ઓફીસમાંથી કોમ્પ્યુટર, લેપટોપ, કબાટ સહિત જરૂરી પુરાવા ઓફીસમાંથી કાઢી નંખાયા હોય આ અંગે સુરત સફાઇ કામદાર સ્ટાફ મંડળ, સુરત મ્યુનીસીપલ એમ્પલોઇઝ યુનિયન તેમજ અખિલ ભારતીય સફાઇ કામદાર સંગઠન દ્વારા લાલગેટ પોલીસને ૫૦ વર્ષથી વધુ સમયથી કામદારોનો હક્ક માટે કામ કરતા યુનિયનોની ઓફીસોને ખાલી કરાવી તેમજ કિંમતી કાગળો બાબતે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, યુનિયનોની કાયદેસરતા સામે પ્રશ્ન ઉભો કરીને એક અઠવાડીયામાં રજીસ્ટ્રેશન બાબતના પુરાવા રજુ કરવા ડેપ્યુટી કમિશનર નિધી સિવાચે યુનિયનોને જણાવ્યું હતું. જોકે ગઇકાલે આ સમયમર્યાદા પુર્ણ થઇ હોય રાત્રિના સમયે પોલીસ તેમજ ગાર્ડને સાથે રાખીને યુનિયનોની ઓફીસ ખાલી કરી દેવાઇ હતી.

સુરત સફાઇ કામદાર સ્ટાફ મંડળ અને સુરત મ્યુનીસીપલ એમ્પલોઇજ યુનિયનના પ્રમુખ ઇકબાલ શેખ અખિલ ભારતીય સફાઇ કામદાર સંગઠન, અખિલ ભારતીય સફાઇ મજદુર કોંગ્રેસ, નવ યુવાન કર્મચારી સેવા સંઘ દ્વારા ઓફીસો ખાલી કરાવી દેવા મુદ્દે જરૂરી કાગળો, કોમ્પ્યુટર લેપટોપ સહિતની ચીજવસ્તુઓની ચોરી લેવાઇ હોવાનો આક્ષેપ સાથે જવાબદારો સામે પગલા લેવાની માંગ સાથે લાલગેટ પોલીસ મથકે લેખિત અરજી કરવામાં આવી છે.

### હવે રક્ષિત કર્મચારીઓ પર તવાઇ આવવાની સંભાવના

સુરત મહાનગર પાલિકામાં કામદારોના હીત માટે સક્રીય રહેલા યુનિયનોના રજીસ્ટ્રેશનનો વિવાદ હાલ ગાજી રહ્યો છે. મનપાના ડે.કમિશનર નિધી સિવાચે ગઇકાલે પોલીસ બળ વાપરીને ગાર્ડ સાથે રાખી યુનિયનોની ઓફીસના સુપડાસાફ કરી નાંખ્યા છે અને રાતોરાત ઓફીસનો કબ્જો લઇ લીધો છે. દરમિયાન જે પણ કર્મચારી યુનિયનોમાં જોડાયેલા છે અને રક્ષિત છે તેમની પર પણ નજીકના દિવસોમાં તવાઇ આવે તો નવાઇ નહીં.

### સચ્ચાઇની લડાઇ લડવા માટે કોઇ ઓફીસની જરૂર નથી, ઓફીસની જરૂરીયાત અધિકારીને : ઇકબાલ શેખ

વર્ષોથી કામદારોના હીત માટે કામ કરતા સુરત સફાઇ કામદાર સ્ટાફ મંડળના પ્રમુખ ઇકબાલ શેખે જણાવ્યું હતું કે, અત્યારે અધિકારીઓની તાનાશાહી ચાલી રહી છે. કર્મચારીના હિતમાં જે પણ લડશે તેનું આજ પરિણામ આવશે કારણ કે, લોકશાહી ખતમ થવા આવી રહી છે. કર્મચારીઓ માટે જે પણ યુનિયન તેઓના હક માટે લડશે તેઓને આજ પ્રકારે હેરાન કરવામાં આવશે. પરંતુ અધિકારીઓ યુનિયનના બોર્ડ ઉતારી શકે છે ઓફીસ ખાલી કરાવી શકે છે. પરંતુ યુનિયનો અવાજ નહીં દબાવી શકે. સચ્ચાઇની લડત લડવા માટે કોઇ ઓફિસની જરૂરીયાત નથી. ઓફિસની જરૂરીયાત અધિકારીઓને હોય છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : બેનાં મોત

## કાર સવાર સુરતના રહેવાસી, બે ઈજાગ્રસ્ત થયાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ટ્રક અને કાર વચ્ચેના અકસ્માતમાં કારમાં બેઠેલા બે લોકોનાં મોત થયાં છે, જ્યારે બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં મૃતક અને ઈજાગ્રસ્ત તમામ સુરતના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર લક્ષ્મીપુરા ગામ પાસે અકસ્માત થયો હતો. જેને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. અકસ્માત બાદ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આ મામલે વધુ કાર્યવાહી શરૂ કરી છે. હાલ પાદરા CHC ખાતે મૃતકોના પોસ્ટમોર્ટમની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને બંને ઈજાગ્રસ્તને સારવાર પણ આપવામાં આવી રહી છે. આ ઘટનામાં મેહુલભાઈ જયંતીભાઈ ગલાણી (ઉંમર ૨૭, રહે, કતારગામ), અશ્વિનભાઈ પુરુષોત્તમભાઈ પટેલ (ઉંમર ૪૮, રહે. નીલકંઠ એવન્યુ, સુરત)નું સ્થળ પર મૃત્યુ થયું હતું. જ્યારે પ્રશાંતભાઈ પ્રવીણચંદ્ર ઘામેચા (રહે અમરોલી), ઉમેશભાઈ નારાયણભાઈ વિરાણી (વેલેન્ઝા, ઉમરા)ને ઈજા થઈ હતી.



## મહિલાઓ માટે ખાસ પિંક બસનો પ્રારંભ



આજથી સુરત મહાનગરપાલિકા દ્વારા બીઆરટીએસની પિંક બસનો પ્રારંભ થયો છે. આજે સવારે પ્રથમ મહિલા ચાલક નિશા શર્માએ બસનું સ્ટેરિંગ સંભાળ્યું હતું અને ઓએનજીસી કોલોની પાસે આ પિંક બસ અંગે ફ્લેગ ઓફ સેરેમની યોજાઈ હતી. (તસવીર : હનીફ મલેક)

# પેરોલ જંપ કરનારના ડ્રગ્સ કેસમાં જામીન મંજૂર થયાં

### આરોપી વિરામણી પેરોલ પર છૂટી ફરી ડ્રગ્સના કેસમાં પકડાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

એનડીપીએસના કેસમાં રીઢા ગણાતા મુળ સાઉથના વતની વિરામણી અન્ના જે લાજપોર જેલમાં કેદ હતો તેણે પેરોલ જંપ કરીને ૧૦ કિ.ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો વેપલો કર્યો હોય તેની સામે સુરત પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પેરોલ બાદ ડ્રગ્સની હેરાફેરીમાં ઝડપાયેલા વિરામણી અન્નાએ એડવોકેટ વાજીદ શેખ મારફતે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. આ અરજી પર સુનાવણી થતા એડવોકેટ વાજીદ શેખ અને એડવોકેટ આરતી રાઠી મુદ્દાસર દલીલો રજુ કરી એનડીપીએસ કેસને લગતા જજમેન્ટો દર્શાવ્યા હતા. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપી વિરામણી અન્નાના જામીન મંજુર કરતો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર નાર્કોટીક્સના કેસમાં લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે મુળ આંધ્રપ્રદેશના વતની વિરામણી અન્નાએ સને ૨૦૨૩માં પેરોલ મેળવ્યા હતા. જોકે પેરોલની મુદ્દત પુરી થતા ફરી તે હાજર થયો ન હતો. પેરોલ જંપ દરમિયાન તેમમે ૧૦ કિ.ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો વેપલો કર્યો હોય તે કેસમાં સુરત ક્રાઇમ બ્રાંચ દ્વારા તેની અટક કરવામાં આવી હતી.

# ઈન્સ્ટાગ્રામ પર યુવકનું ચારિત્ર્ય હનન કરાયું

### પોસ્ટને કારણે યુવકની સગાઇ તૂટી ગઇ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

રાંદેર વિસ્તારમાં રહેતા અને સેલ્સમેનનું કામ કરતા ૨૯ વર્ષિય યુવકની રાંદેર વિસ્તારમાં જ રહેતી સમાજની યુવતિ સાથે સગાઇ થઇ હોય યુવતીના પરિચીત વ્યક્તિઓને જેની સાથે સગાઇ થઇ હતી તે યુવકનું ચરિત્ર સારૂ ન હોવાના મેસેજ કરી સગાઇ તોડાવી નાંખનાર એક ઇન્સ્ટાગ્રામ આઇડી ધારક સામે ગઇકાલે યુવક દ્વારા રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

રાંદેર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર રાંદેર વિસ્તારમાં રહેતા એક યુવકની થોડા સમય પહેલા સગાઇ થઇ હતી. દરમિયાન યુવકના પિતાને રાત્રિનાં સમયે યુવતીના પરિવારના એક સભ્યનો ફોન આવ્યો હતો અને તેમણે યુવકના પિતાને મળવા બોલાવી એક ઇન્સ્ટાગ્રામ આઇડી પરથી તમારા પુત્રનું ચરિત્ર સાર નથી તેના લફડા છે તેમજ અગાઉ એક શિક્ષકની પુત્રી સાથે તેનું અફેર હતું તેવા મેસેજ બતાવ્યા હતા. ઇન્સ્ટાગ્રામ આઇડીના ધારકે યુવાનની સગાઇ તૂટી જાય અને તેની સમાજમાં બદનામી થાય તેવા મેસેજ કર્યા હોય બન્યું પણ એવું હતું કે, યુવકની સગાઇ તૂટી ગઇ હતી. આ મામલે ગઇકાલે રાંદેર પોલીસ સ્ટેશનમાં બદનક્ષીનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# કોઝવે ખુલવાની કાગડોળે રાહ જોતા લોકો, ટૂંક સમયમાં ખુલ્લો મુકાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

આ વર્ષે ઉપરવાસમાં સતત વરસાદના પગલે ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાના લઈને સુરતનો એકમાત્ર કોઝવે છેલ્લા ૧૪૪ દિવસથી વાહન વ્યવહાર માટે બંધ છે. હાલ કોઝવે ખાતે તાપી નદીને સપાટી ભયજનક ૬ મીટરથી નીચે જતા ટૂંક સમયમાં જ કોઝવેને વાહન વ્યવહાર માટે ખોલવામાં આવે તેવી શક્યતા છે. જેથી રાંદેર અને કતારગામના લોકોને એક થી દોઢ કિલોમીટરનો ફેરાવો લેવામાંથી રાહત મળશે.

ઉકાઈ ડેમમાંથી સતત પાણી છોડાવવાના પગલે તાપી નદી પર આવેલા કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતા હોય છે.

તાપી નદીની સપાટીમાં વધારો થતા સુરતમાં કતારગામ અને રાંદેરને જોડતો કોઝવે પણ પાણીમાં ગરકાવ થઈ જાય છે. ૨૩ જુન ના રોજ તાપી નદીના કોઝવે ખાતેની સપાટી ૬ મીટર કે જે ભયજનક છે તેનાથી વધુ થતાં કોઝવેને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સતત એક મહિનો બંધ રહ્યા બાદ કોઝવેને સાત દિવસ માટે ખોલવામાં આવ્યો હતો. જોકે ફરી ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનું શરૂઆત કરવામાં આવતા તાપી નદીની સપાટીમાં વધારો થતાં ફરી કોઝવેને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. જેથી સતત છેલ્લા ચાર મહિનાથી કોઝવે વાહન વ્યવહાર માટે બંધ છે.

ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનું ઓછું કરવામાં આવતા હાલ કોઝવે ખાતે પાણીની સપાટી ભયજનક ૬ મીટરની સપાટીથી નીચે આવી ગઈ છે. હાલ કોઝવે ખાતે ૫.૫૬ મીટર પર પહોંચી ગઈ છે. જેના પગલે ઉપરથી પસાર થતું પાણી બંધ થઈ ગયું છે. જેથી તંત્ર દ્વારા હાલ કોઝવેની બંને તરફ સમારકામ કરવામાં આવી રહ્યું છે અને લોખંડની પાઇપ લગાવવામાં આવી રહી છે. ટૂંક સમયમાં કોઝવે ને વાહન વ્યવહાર માટે ખોલી દેવામાં આવશે. જેથી કતારગામ અને રાંદેરના લોકોને એકથી દોઢ કિલોમીટરનો ફેરાવામાંથી રાહત મળશે.

## ડુમસ હરિઓમ બંગ્લોઝ છેતરપિંડી કેસમાં જીતેન્દ્ર વખારિયાને નિસ્બત નથી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

ડુમસ હરિઓમ બંગ્લોઝમાં બંગ્લાના સોદાના નામે રૂા.૨.૨૧ કરોડની ઠગાઈ કેસમાં બંગલા માલિક રાજેન્દ્રકુમાર માધવલાલ વખારિયા છે. આ બનાવ સંદર્ભે રીશી રાજેન્દ્રકુમાર કાપડિયાએ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ મેટરમાં એક જગ્યાએ ભૂલથી રાજેન્દ્રકુમારને બદલે જીતેન્દ્ર વખારિયા નામ લખાઈ ગયું છે. હકીકતમાં ડુમસ હરિઓમ બંગલાની ઠગાઈ કેસમાં આરોપી રાજેન્દ્રકુમાર વખારિયા છે. આ આરોપી સાથે જીતેન્દ્ર વખારિયાને કોઈ લાગતું વળગતું નથી.

# આત્મહત્યા કેસમાં ગાંજો વેચવાનું દબાણ કરનાર ગુંડાની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

લસકાણા ખાતે રહેતા અને સણિયાગામમા પાનનો ગલ્લો ચલાવતા યુવકે ખડસદ ખાતે રહેતા વિજય સામત નામનો યુવક પાનના ગલ્લા ઉપર ગાંજો વેચવા માટે દબાણ કરતો હોવાથી કંટાળી તેણે ઝેર પી આત્મહત્યા કરી હતી. મૃતકે સ્યુસાઈડ નોટમાં લખ્યુ હતુ કે વીજય સામત ગુંડો છે અને તેના કારણે આવું પગલું ભર્યું હોવાની મરણ નોંધ લખી હતી.

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના રામગઢના વતની અને હાલ લસકાણા સ્થિત સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય જગદીશ ગોવિંદ બોરડ સારોલી ખાતે ભાગીદારીમાં પાનનો ગલ્લો ચલાવતા હતા. જગદીશ બોરડે ગઈકાલે બપોરે પાનના ગલ્લા પરથી ઘર આવીને ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત પહેલા લખેલી મરણ નોંધની એક ડાયરી જગદીશભાઈના ખિસ્સામાંથી મળી આવી હતી. આ મરણ નોંધમાંથી એ હકીકત સામે આવી હતી કે, વિજય સામત કે જે ખડસદ ઓમ રેસીડેન્સીમાં રહે છે, વિજય સામત મૃતક જગદીશભાઈને તેમના પાનના ગલ્લામાં ગાંજો વેચવા માટે દબાણ કરતો હતો અને પૈસા માગી માર મારી અને સુરત છોડાવી દેશે તેવી ધમકી આપતો અને આ વીજય સામત ગુંડો છે અને તેના કારણે આવું પગલું ભર્યું હોવાની મરણ નોંધ ડાયરીમાં લખી હતી.

આ અંગે લસકાણા પોલીસે સ્યુસાઈડ નોટ તેમજ મૃતકની માતા રસીલા બોરડની ફરિયાદ લઈ આરોપી વિજય સામત સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

તપાસકર્તા પીએસઆઈ એન.આર.પટેલે જણાવ્યું હતુ કે, આ કેસમાં આરોપી વિજય સામતની ધરપકડ કરી લેવામાં આવી છે. મૃતક જગદીશની માતા અગાઉ જગદીશની મિસીંગની ફરિયાદ આપવા આવી હતી, ત્યારે જગદીશને વિજય સામત તરફથી ગાંજો વેચવા માટે દબાણ અપાતો હોય સુરત છોડી દેવાની ધમકી આપતો હોય તે વિશે મિસીંગની ફરિયાદ કોઈ વિગત જણાવી ન હતી તેવું પણ પીએસઆઈ પટેલે જણાવ્યું હતું. આરોપી વિજયની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### મૃતક જગદીશે ઘર પણ છોડ્યું હતું

વિજય સામત દ્વારા ગાંજો વેચવા માટે દબાણ કરાતો હોવાથી જગદીશ બોરડે આત્મહત્યા કરી હોવાનુ સામે આવ્યું હતું. થોડા દિવસ પહેલા ૪ નવેમ્બરે પણ જગદીશ બોરડ ઘર છોડીને ચાલ્યો ગયો હતો. પરિવારે લસકાણા પોલીસ સ્ટેશનમાં પણ મીસીંગની ફરિયાદ નોંધાવી હતી. થોડા દિવસો બાદ જગદીશ બોરડ ઘરે પાછો આવી ગયો હતો. દરમિયાન ૧૮ નવેમ્બરે જગદીશ તેની માતા રસીલાબેન સાથે પોલીસ સ્ટેશને જઈ તેના હાજર થવાનું નિવેદન પણ લખાવ્યું હતું. ત્યારબાદ પોલીસ સ્ટેશનેથી ઘરે આવીને તેણે બપોરે રૂમમાં જઈ ઝેર પી આત્મહત્યા કરી લીધી હતી. જગદીશ બોરડે સ્યુસાઈડ નોટમાં એવું પણ લખ્યુ હતુ કે વિજય સાવત તેને ગાંજો વેચવા દબાણ કરતો, પૈસા માગી માર મારતો હતો અને સુરત છોડાવી દેવાની ધમકી પણ આપતો હતો. વિજય સામતના ડરના કારણે જગદીશ ઘરેથી જતો રહ્યો હતો.

### ગુંડો વિજય જગદીશને મારવાની ધમકી આપતો હતો

જગદીશ બોરડે દવા પીધા પછી ભાણેજ કેનીસ સામે માતા રસીલાબેનને જણાવ્યું હતુ કે આ વિજય સામત મને હેરાન કરતો હોય અને મને મારવાની ધમકી આપતો હોય જેથી ઈ મને મારે એની કરતા હુ જાતે દવા પીને મરી જાવ અને તેને જેલ હવાલે કરજો તેવું પણ જગદીશે જણાવ્યું હતું.